પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૦-૦૭-૨૦૨૫- ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૮૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in   pratapdarpan_official   pratapdarpansrt@gmail.com   pratapdarpan_official11

# ગંભીરા બ્રિજ તૂટી પડવાની દુર્ઘટનામાં મૃત્યુઆંક ૧૪

## મહિસાગર નદીમાં રાત ભર શોધ ખોળ : કીમનો એક્સપ્રેસ વે તત્કાળ ખોલીને સુરત ભરૂચનો ટ્રાફીક ડાઈવર્ટ કરવા દોડધામ

### રાજ્યભરના બ્રિજોના ઈન્પેકશન તથા સમારકામ કરવા રાજ્ય સરકારનો નિર્ણય

ગાંધીનર, તા. ૧૦

વડોદરા નજીક મહીસાગર નદી પરના પુલના બે કટકા થઈ જતા સર્જાયેલી દુર્ઘટનાનો મૃત્યુઆંક ૧૪ પર પહોંચ્યો છે. સૌરાષ્ટ્રના દ્વારકાના એક વ્યક્તિનો પણ ભોગ લેવાયો છે.

બીજી તરફ મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતા ટુંકા અંતરના આ બ્રીજ પર વાહનવ્યવહાર બંધ થતા ધડાધડ નવા ડાઈવર્ઝન શરૂ કરાયા છે. કેન્દ્ર સરકાર પણ એકશનમાં આવી હોય તેમ ગુજરાતના પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીયમંત્રી સી.આર.પાટીલે પરિવહન



પ્રધાન નીતીન ગડકરી સાથે વાતચીત કરી હતી.

ગંભીરા બ્રિજ તૂટી પડવાને પગલે અનેક વાહનો મહીસાગર નદીમાં ખાબકયા હતા. સંખ્યાબંધ લોકો પણ પડી ગયા હતા. પરિણામે મોડીરાત સુધી રાહત-બચાવ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું. આજે પુનમે નદીનુ જળસ્તરે વધે તેમ હોવાની શકયતાને ધ્યાને રાખીને મોડીરાત સુધી કામગીરી કરવામાં આવી હતી.

સરકારના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે મૌજુદ હતા. માર્ગ-મકાન વિભાગના મુખ્ય ઈજનેર પટેલીયાને પણ મોકલવામાં આવ્યા હતા. આજે સવાર સુધીમાં મૃત્યુઆંક ૧૪ થયો હતો. એક મૃતદેહ દ્વારકાના મહેન્દ્રભાઈ હાથિયાની હોવાની ઓળખ થઈ હતી.

દરમ્યાન બ્રીજ દુર્ઘટના બાદ સરકાર એકશનમાં આવી હોય તેમ ધડાધડ નવા રોડ ખોલવા સહિતના નિર્ણયો લેવાયા હતા. સી.આર.પાટીલ દ્વારા પુલ-રસ્તાઓ વિશે કેન્દ્રીય પરિવહનમંત્રી નીતીન ગડકરી સાથે વાતચીત કરવામાં આવી હતી અને બ્રીજ તૂટયા બાદ ટ્રાફીકની મુશ્કેલી ટાળવા માટે નવા માર્ગ ખોલવાનુ નકકી થયુ હતું.

આવતા ૨૪ કલાકમાં કીમનો એકસપ્રેસ-વે ખોલીને ટ્રાફિક ડાઈવર્ટ કરવાનો નિર્ણય લેવાયો હતો. ભરૂચથી સુરતનો ટ્રાફીક એકસપ્રેસ-વે પર ડાઈવર્ટ કરાશે. આ સિવાય તાપી નદી પરના કામરેજ બ્રીજનું રીપેરીંગ કરવાનુ નકકી થયુ હતુ.

# ટ્રમ્પે ટેરીફની વધુ એક યાદી જાહેર કરી : બ્રાઝીલ પર ૫૦ ટકા ટેરીફ

### ટેરીફ વધવાથી અમેરિકાની કસ્ટમ આવક ૩૦૦ બીલીયન ડોલર થવાની ધારણા

વોશિંગ્ટન, તા. ૧૦

અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમનો ટેરીફ ટેરર આગળ વધારતા આજે ઈરાક, લીબીયા, ફીલીપીન્સ સહિતના દેશો પર ૨૦થી ૩૦ ટકાના ટેરીફની જાહેરાત કરી છે અને તેની સાથે બ્રીકસ સાથે સંકળાયેલા દેશો ઉપર વધુ ટેરીફ લાદવાની ધમકીમાં પ્રથમ વખત હાલમાં જ બ્રીકસ બેઠકનું યજમાન બનેલ બ્રાઝીલ ઉપર વધારાના ૫૦% ટેરીફ લાદી દીધા છે.

ટ્રમ્પે જાહેર કર્યુ હતું કે તેઓ બ્રીકસ દેશોને બક્ષવા માંગતા નથી. પરંતુ બ્રાઝીલમાં તેમના વધારાના ૫૦ ટકા ટેરીફ મુદે એવું કારણ આપ્યું હતું કે આ દેશના પૂર્વ રાષ્ટ્રપતિ જાયર બોલસોનારો સાથે જે રીતે વ્યવહાર થઈ રહ્યો છે તે બદલ આ ટેરીફ લાદવામાં આવ્યા છે.

જો કે બ્રાઝીલે ટ્રમ્પના આ ટેરીફ સામે આકરો જવાબ આપતા કહ્યું કે, બ્રાઝીલ એક સ્વતંત્ર સાર્વભોમ દેશ છે. જે અન્ય દેશોની દખલગીરી સહન કરશે નહી બીજી તરફ આજે તા.૧૦ના ડેડલાઈન સાથે ટ્રમ્પે હજુ સુધી ભારત પરના ટેરીફ અંગે કોઈ જાહેરાત કરી નથી.

અગાઉ બન્ને દેશો વચ્ચે ટેરીફ વાટાઘાટો ચાલતી હોવાની અને બહુ જલદી તે અંગે જાહેરાત થશે તેવી પ્રમુખ ટ્રમ્પે ખુદે જાહેરાત કરી હતી. જોકે ભારતે સ્પષ્ટ કર્યુ હતું કે કોઈપણ પ્રકારની ધમકી હેઠળ ટેરીફ સમજૂતી કરવામાં આવશે નહી.તા.૧ ઓગસ્ટ સુધીમાં ભારત સાથેના ટેરીફ વાટાઘાટો પૂર્ણ થઈ જશે તેવા સંકેત આપ્યા છે. અમેરીકાના આ ટેરીફના કારણે આ વર્ષે ૩૦૦ બીલીયન ડોલરની આવક થશે. તેવો અમેરીકી ટ્રઝરીએ અંદાજ મુકયો છે અને તેના કારણે અમેરીકાની વ્યાપાર ખાધને પણ રાહત થશે તેવો દાવો છે.

## રશીયા પાસેથી ક્રુડ ખરીદનાર પર ૫૦૦ ટકા ટ્રમ્પ ટેરીફ

### અમેરિકી સંસદમાં રજૂ થયેલા પ્રસ્તાવને ટ્રમ્પે સમર્થન આપ્યું

નવી દિલ્હી, તા. ૧૦

ભારત અને અમેરિકા વચ્ચે હજુ કોઈ આખરી સમજૂતી થઈ નથી તે વચ્ચે હવે ટ્રમ્પે નવો મોરચો ખોલ્યો છે અને અમેરીકી સંસદમાં રજૂ થયેલા એક ખરડા મૂજબ રશીયા પાસેથી ક્રુડ તેલ ખરીદનારા દેશો પાસેથી અમેરિકા ૫૦૦% ટેરીફ લાદે તેવી જોગવાઈ છે અને આ પ્રસ્તાવને પ્રમુખ ટ્રમ્પે પણ ટેકો આપ્યો છે.

રશીયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધને સમાપ્ત કરવાનાં નિષ્ફળ ગયેલા ડોનાલ્ડ ટ્રમ્પે હવે રશીયાના અર્થતંત્ર ઉપર મહત્વપૂર્ણ પ્રહાર કરવા નિર્ણય લીધો છે. અને અમેરીકી સંસદમાં રશીયા એક રજૂ થયો છે જેમાં અગાઉના પ્રતિબંધો સાથે રશીયા પાસેથી ક્રુડ તેલ ખરીદનારા દેશો પર ૫૦૦% ટેરીફ લાદવાની જોગવાઈ છે.રશીયાના મુખ્ય તેલ



ખરીદનારાઓમાં ચીન અને ભારતનો સમાવેશ થાય છે. પ્રમુખ ટ્રમ્પે કહ્યું કે આ પ્રસ્તાવને ટેકો આપવાનો

અનુસંધાન પાના ૭ પર

# બિહારની મતદાર યાદીના મુદ્દે સુપ્રિમ કોર્ટમાં સુનવાણી શરૂ

### મતદાર વેરીફીકેશન સંદર્ભના ચૂંટણી પંચના કાર્યક્રમનો એડીઆર દ્વારા વિરોધ

નવી દિલ્હી, તા. ૧૦

વિધાનસભા ચૂંટણી પહેલા બિહાર મતદાર યાદી સુધારણા અંગે સુપ્રીમ કોર્ટમાં ગુરુવારે સુનાવણી ચાલી રહી છે.

આ અરજી એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા ૫ જુલાઈના રોજ કરવામાં આવી હતી. તેમણે ચૂંટણી પંચના આદેશને રદ કરવાની માંગ કરી છે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે, 'આયોગનો આ નિર્ણય બંધારણની કલમ ૧૪, ૧૯, ૨૧, ૩૨૫ અને ૩૨૬ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ના નિયમ ૨૧૯ અને મતદારોની નોંધણી નિયમો ૧૯૬૦નું ઉલ્લંઘન કરે છે.'મતદાર યાદી સુધારણા સામે આરજેડી સાંસદ મનોજ ઝા, ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ પણ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે.RJDએ કહ્યું, 'વિધાનસભા ચૂંટણી પહેલા આ પ્રકારની પ્રક્રિયા ચૂંટણીની નિષ્પક્ષતા પર સવાલો ઉભા કરે છે.'બિહારમાં, મહાગઠબંધન પક્ષો મતદાર યાદીમાં સુધારાનો વિરોધ કરવા પટનામાં રસ્તા પર ઉતર્યા હતા. ૨૬ જૂનના રોજ, ચૂંટણી પંચની ૯ સભ્યોની ટીમે પટનામાં એક બેઠક યોજી હતી.

અહી, ચૂંટણી પંચે સ્પષ્ટપણે કહ્યું હતું કે વેરિફિકેશનનું કાર્ય કલમ ૩૨૬ અને જનપ્રતિનિધિત્વ અધિનિયમના દાયરામાં થઈ રહ્યું છે.આનાથી કોઈપણ માન્ય મતદારનું નામ કાઢી નાખવામાં આવશે નહી પરંતુ જે લોકોના નામ ખોટી રીતે મતદાર યાદીમાં ઉમેરવામાં આવ્યા છે, જેમાં વિદેશી ઘુસણખોરોનો પણ સમાવેશ થાય છે, તેમને કાઢવામાં આવશે.

જો આ ગતિએ કામ કરવામાં આવે તો કુલ મતદારો એટલે કે ૭ કરોડ ૮૯ લાખ લોકોની અરજીઓ એકત્રિત કરવામાં ૧૧ દિવસ લાગશે, જ્યારે વેરિફિકેશન માટે લગભગ એક મહિનાનો સમય બાકી

અનુસંધાન પાના ૭ પર

# જુન માસમાં સરેરાશ વૈશ્વિક તાપમાન ૧૬.૪૬ ડીગ્રી નોંધાયું

### યુરોપ, અમેરિકા, કનેડા જેવા દેશોમાં ગરમીએ કહેર વર્તાવ્યો

નવી દિલ્હી, તા. ૧૦

જુન મહિનામાં ભારતના મોટાભાગનાં ક્ષેત્રોમાં વરસાદી રેલમછેલ અને મેઘતાંડવ સર્જાતા આકરી ગરમી તાપમાનમાંથી રાહત મળી હતી. છતાં વિશ્વસ્તરે આ મહિનો ત્રીજા નંબરનો સૌથી ગરમ રહ્યો હતો.

યુરોપીયન યુનિયનનાં કલાયમેટ મોનિટર કોપરનીકસ જલવાયું પરિવર્તન સેવાના રિપોર્ટમાં આ ખુલાસો કરવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ જુનમાં વિશ્વનું સરેરાશ તાપમાન ૧૬.૪૬ ડીગ્રી નોંધાયુ હતું. જે ૧૯૯૧ થી ૨૦૦૦ દરમ્યાનનાં જુન માસનાં તાપમાન કરતા ૦.૪૭ ડીગ્રી વધુ અને ૧૮૫૦ થી ૧૯૦૦ ના સ્તર કરતાં ૧.૩ ડીગ્રી વધુ છે.

આ પુર્વે ૨૦૨૪ માં જુન મહિનો ૧૬.૬૬ ડીગ્રીના સ્તરે સૌથી ગરમ રહ્યો હતો. જુન ૨૦૨૩ અત્યાર સુધીનો બીજા નંબરનો સૌથી ગરમ હતો. જયારે ૨૦ મી સદીની સરખામણીએ વૈશ્વિક તાપમાન ૧.૦૫ ડીગ્રી વધુ હતું.

રિપોર્ટ મુજબ જુનનાં અંતિમ દિવસોમાં યુરોપનાં અનેક દેશોમાં તાપમાન ૪૦ ડીગ્રીને વટાવી ગયુ હતું સ્પેન તથા પોર્ટુગલમાં તો ૪૬ ડીગ્રી સુધી પહોંચ્યુ હતું. પશ્ચિમી

અનુસંધાન પાના ૭ પર

# એક્સપ્રેસ-વે પર બાઈકને પણ ટોલ ટેક્સ લાગુ પડશે

### યુપી લિંક એક્સપ્રેસ માટે ટોલ ટેક્સના દર જાહેર કરાયા

નવી દિલ્હી, તા. ૧૦

સરકારે ભલે ના પાડી હોય તેમ છતાં ગોરખપુર લીક એકસપ્રેસ હાઈવે પર બાઈક પર પણ ટોલ ટેક્સ આપવો પડશે. ગોરખપર લિંક એકસપ્રેસ-વે પર બાઈક અને ચાર મોટા વાહનોને લઈને ફીમાં ચલાવવાની સુવિધા ટુંક સમયમાં ખતમ થનારી છે.

ઉત્તરપ્રદેશ એકસપ્રેસ-વે ઔદ્યોગિક વિકાસ ઓથોરીટી (યુપી)એ લિંક એકસપ્રેસ પર ટોલની દર બુધવારે સાંજે નિર્ધારીત કરાઈ છે. આ દરો ટોલ પ્લાઝા અને બુથોની સિસ્ટમમાં નોંધવામાં આવી રહી છે.

લિંક એકસપ્રેસ-વે પર બાઈક, ઓટો, ટ્રેકટરને એક સમાન કર આપવો પડશે એટલે કે બાઈકથી એકસપ્રેસ હાઈવે પર સવારી કરવાના પૈસા દેવા પડશે. આના પર ફાસ્ટેગ ન હોવાથી રોકડા રૂપિયા આપવા પડશે.વાહન માલિકોની સુવિધા માટે માસિક પાસ પણ

અનુસંધાન પાના ૭ પર

# અમદાવાદ વિમાન દુર્ઘટના ફ્યુલ કન્ટ્રોલ સ્વીચ નિષ્ફળ જવાથી સર્જાઈ હતી?

### એર ઈન્ડિયાના વિમાનને નડેલી દુર્ઘટનામાં પ્રાથમિક તપાસ સમયે જ કારણ મળી ગયું હોવાનો ઈશારો

નવી દિલ્હી, તા. ૧૦

અમદાવાદમાં ગત મહિને સર્જાયેલી વિમાની દુર્ઘટનાની પ્રાથમીક તપાસ રીપોર્ટ નાગરિક ઉડયન મંત્રાલયને સુપ્રત કરી દેવામાં આવેલ છે અને આખરી રીપોર્ટ આવતા ત્રણ માસનો સમય જરૂરી બનશે તે વચ્ચે અકસ્માતના પ્રાથમીક તારણની આસપાસ ચર્ચા થઈ ગઈ છે. અને ખાસ કરીને ડ્રીમ લાઈનર બોઈંગ વિમાનના બન્ને એન્જીનો એકી સાથે કઈ રીતે ફેઈલ થયા તે મુદો તપાસ નિષ્ણાતોને અકળાવી રહ્યો છે.

અમદાવાદથી લંડન જઈ રહેલી એર ઈન્ડીયાની ફલાઈટ નં. એઆઈ-૧૭૧માં ૨૬૦ મુસાફરો અને જમીન ઉપર પણ રહેલા લોકો તા.૧૨ જુનના રોજ આ દુર્ઘટનાનો ભોગ બન્યા હતા અને તેમાં સ્પષ્ટ પણે એ બહાર આવ્યું છે કે વિમાને તેની ઉડયનની તમામ તાકાત ગુમાવી દીધી હતી અને તેના બન્ને એન્જીનો આખી બોડીને સપોર્ટ કરે છે તે જ નિષ્ફળ ગયા હતા અને હવે તેથી જ હવે તપાસ ફયુલ કંટ્રોલ સ્વીચીસ પર કેન્દ્રીત થઈ છે.

બોઈંગ ૭૮૧ ડ્રીમ લાઈનરમાં આ ફયુલ કંટ્રોલ સ્વીચીસ એ વિમાનના હાઈટ જેવા એન્જીનને ઓન-ઓફ કરવા માટે મહત્વની છે. ઉડયન દરમ્યાન ફયુલ કંટ્રોલ સ્વીચીસને 'રન' અને 'કટઓફ' એમ બે સ્થિતિમાં કરવાની હોય છે.

કટઓફ મોડમાં આ બન્ને સ્વીચ એ એન્જીનનનો પાવર સપ્લાય બંધ કરી દે છે અને વિમાન પૂરી રીતે લેન્ડીગ થઈ જાય પછી આ કટઓફ કરવામાં આવે છે જયારે વિમાનને ટેકઓફ પૂર્વે આ બન્ને સ્વીચ 'રન' મોડ ઉપર મુકવામાં આવે છે જેથી એન્જીન ચાલુ થાય છે.

એટલું જ નહી એન્જીન સાથે જોડાયેલી અન્ય સીસ્ટમ ચાલુ થઈ જાય છે અને વિમાન ઉડવા માટે તૈયાર હોય છે. દરેક એન્જીન પરના બે ઈલેકટ્રવીકલ જનરેટર વિમાનની

અનુસંધાન પાના ૭ પર

# અરૂણાચલની સરહદ ચીન સાથે નહીં તિબેટ સાથે જોડાયેલી છે : પ્રેમા ખંડુ

### સરહદ મુદ્દે બીજીંગને ચીંટીયો ભરતા અરૂણાચલના મુખ્યમંત્રી

નવી દિલ્હી, તા. ૧૦

ચીન અનેક વખત ભારતના અરૂણાચલ પ્રદેશથી લઈને છેક લદાખ સુધીના પ્રદેશ પર પોતાનો દાવો કરી રહ્યું છે તે સમયે અરૂણાચલના મુખ્યમંત્રીએ ચીનને આબાદ ચીટીયો ભરતા કહ્યું કે અમારી સરહદ ચીન સાથે નહી પરંતુ તિબેટ સાથે છે.

રાજયના મુખ્યમંત્રી પેમા ખંડુએ ગઈકાલે એક વાતચીત દરમ્યાન જણાવ્યું કે ચોકકસપણે અરૂણાચલ પ્રદેશ એ તેની ૧૨૦૦ કીલોમીટરની સરહદથી તિબેટ સાથે જોડાયેલુ છે તેઓએ ઉમેર્યુ કે તિબેટ એ ચીનના શાસન હેઠળ છે તેનો ઈન્કાર કરી શકાય નહી પરંતુ મૂળભૂત રીતે અમારી સરહદ તિબેટ સાથે જોડાયેલી છે.

અગાઉ તેઓએ બ્રહ્મપુત્રા નદી પર તિબેટમાં જે વિશાળ ડેમ ચીન બાંધી રહ્યું છે તેને વોટર બોંબ ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, ભારતે તેની ચિંતા કરવી પડશે પણ બાદમાં તેમણે કહ્યું કે, અરૂણાચલ

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં ૪.૪ની તીવ્રતાનો ભૂકંપ

### સવારે ૯.૪ કલાકે આવેલા આંચકાનું ભૂમિબિંદુ હરિયાણાના ઈજ્જરમાં નોંધાયું

નવી દિલ્હી, તા. ૧૦

દેશના પાટનગર નવીદિલ્હી સહિતના ઉતર ભારતના અનેક વિસ્તારોમાં આજે સવારે ૯-૦૪ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો જેના કારણે લોકો ભગરાટમાં ઘરની બહાર નીકળી ગયા હતાલગભગ ૧૦ સેકન્ડ સુધી ચાલેલા આ આંચકાની અસર પાટનગર દિલ્હી ઉપરાંત હરીયાણામાં પણ અનુભવાઈ છે જેનું ભૂમી બીદુ હરીયાણાના ઈજજરમાં હોવાનું અને આ આંચકો ૪.૪ની તીવ્રતાનો હોવાનું નોંધાયું છે.દિલ્હી



ઉપરાંત નોઈડા, ગાઝીયાબાદ, ગુરૂગ્રામ, ફરીદાબાદ, જીન્દ, રોહતક, ભીવાની, ઈજજર, બાદુરગઢમાં તીવ્રતાની અસર વધુ દેખાતી હતી દિલ્હીમાં લોકોએ હળવી ધ્રૂજારી અનુભવી હતી.ભૂકંપનું ભૂમી બીદુ જયાં ઈજજરમાં હતું તેમાં સવારે ૯.૦૭ મીનીટે પ્રથમ અને ૯.૧૦ મીનીટે બીજો હળવો આંચકો લાગ્યો

અનુસંધાન પાના ૭ પર

# કર્ણાટકમાં કાર્ડીયાક એરેસ્ટથી ટપોટપ મોતથી લોકો ભયભીત

### બેંગ્લોરુ અને મૈસુરની હોસ્પિટલમાં હાર્ટના ચેકઅપ માટે લાઈનો લાગી

બેંગ્લોર, તા. ૧૦

કોવિડ કાળ પછી અચાનક જ હૃદયરોગ કે કાર્ડીયાક એરેસ્ટના કારણે થતા મૃત્યુ અંગેનું પુરૂ રહસ્ય બહાર આવ્યું નથી પણ કર્ણાટક સરકારે આ પ્રકારે થતા અચાનક મૃત્યુને જે રીતે ગંભીરતાથી લીધા છે તે બાદ બેંગ્લોરુ તથા મૈસુરુ સહિતના મહાનગરોની હોસ્પીટલોમાં હવે હદય ચેકઅપ માટે લાંબી લાઈનો સર્જાવા લાગી છે.

ખાસ કરીને હાસન વિસ્તારમાં લોકોમાં એક જાતનો ગભરાટ ફેલાઈ ગયો છે અને તેથી પોતાનું હદય તંદુરસ્ત છે કે કેમ તે અંગે તપાસ કરવા કર્ણાટકના મોટા શહેરોમાં લોકો હોસ્પીટલ પાસે જઈને ચેકઅપ કરાવવા લાગ્યા છે.

કર્ણાટકમાં હાલમાં જ હદયરોગ અને કાર્ડીયાક એરેસ્ટથી મૃત્યુનું પ્રમાણ વધ્યુ હોવાનું બહાર આવ્યા બાદ લોકોની ચીતા વધી છે અને મૈસુરુની જયદેવા હોસ્પીટલ પાસે તો રીતસર હદયની ચકાસણી માટે લાંબી લાઈનો જોવા મળી હતી.

હોસ્પીટલ ઓથોરીટીએ પણ

અનુસંધાન પાના ૭ પર

# હિમાચલ, ઉત્તરાખંડમાં ભસ્ખલન દિલ્હીમાં વરસાદથી ટ્રાફીક જામ

### મહારાષ્ટ્ર, આસામ અને રાજસ્થાનમાં પણ ભારે વરસાદ

નવી દિલ્હી, તા. ૧૦

દેશભરમાં ચોમાસુ સંપૂર્ણપણે સક્રિય થઈ ગયુંછે. એક તરફ લોકોને ગરમીમાંથી રાહત મળી છે, તો બીજી તરફ ભારે વરસાદને કારણે પાણી ભરાઈ જવા, ટ્રાફિક જામ, ભૂસ્ખલન અને પૂર જેવી સમસ્યાઓ સર્જાઈ છે. તેની સૌથી વધુ અસર દિલ્હી-એનસીઆરમાં જોવા મળી રહી છે, જ્યાં થોડા કલાકોના વરસાદથી શહેરના રસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા હતા.

પરિસ્થિતિ એવી હતી કે ઘણાં વિસ્તારોમાં રસ્તાઓ પર વાહનો તરતા જોવા મળ્યા હતા. આ ઉપરાંત, ઉત્તરાખંડ, હિમાચલ, આસામ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં પરિસ્થિતિ ચિંતાજનક છે.

અહેવાલો અનુસાર, દિલ્હી અને NCRના ઘણા ભાગોમાં બુધવારે સાંજે ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે ભારત મંડપમ (પ્રગતિ મેદાન), ઝિલમિલ અંડરપાસ, કૃષ્ણા નગર, ITO, આઉટર રિંગ રોડ, કાલકાજી, આશ્રમ, વઝીરાબાદ, અક્ષરધામ અને મથુરા રોડ જેવા વિસ્તારોમાં ભારે પાણી ભરાઈ ગયા હતા.ઝાખીરા અંડરપાસ અને રોડ નંબર ૪૦ પર પાણી ભરાઈ જવાને કારણે દિલ્હી ટ્રાફિક પોલીસે ટ્રાફિક ડાયવર્ટ કર્યો હતો.

ભારે વરસાદ બાદ ઉત્તરાખંડના ચમોલી અને બદ્રીનાથ હાઈવે પર ભૂસ્ખલનની સ્થિતિ યથાવત્ રહી. ચમોલીમાં વરસાદને કારણે કામેડા નંદપ્રયાગ અને અન્ય સ્લાઈડ ઝોન પર પથ્થરો પડી રહ્યા છે, જેના કારણે મુસાફરોને સલામત સ્થળોએ રોકવામાં આવ્યા છે. જયારે રુદ્રપ્રયાગમાં બદ્રીનાથ હાઈવે પર મુસાફરી કરવી મુશ્કેલ બની ગઈ

અનુસંધાન પાના ૭ પર

# ખાડી પુરના મુદ્દે શાસકો-વિપક્ષની સાંઠગાંઠ હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

## ભાજપ શાસકોના ભ્રષ્ટાચારમાં આપની મૌન સંમતિ : કોંગ્રેસ



સુરત, તા.૧૦

સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ખાડી પૂર મુદ્દે (SMC) સુરત મહાનગર પાલિકા કચેરી ખાતે રજૂઆત ગતરોજ સુરત શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી વિપુલભાઈ ઉધનાવાલા, પૂર્વ વિપક્ષ નેતા, પૂર્વ કોર્પોરેટરો, પૂર્વ ધારાસભ્યો તથા સિનિયર આગેવાનોના પ્રતિનિધિમંડળે સુરત મહાનગરપાલિકા (જીસ્ઞ)ની મુખ્ય કચેરી ખાતે મુલાકાત લીધી હતી. તેમણે ખાડી પૂર મુદ્દે મેયરશ્રી તથા વિપક્ષના નેતાઓ સાથે ચર્ચા કરવા માટે મુલાકાત લીધી હતી. જોકે મેયરશ્રી ઉપસ્થિત ન રહ્યા, અને આપ પાર્ટીની કુ. પાયલબેન સાકરિયા વિપક્ષના નેતા તરીકે હાજર રહ્યા હતા. ચર્ચા દરમિયાન કોંગ્રેસના આગેવાનો દ્વારા કેટલાક મહત્વના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવ્યા. તેમનો દાવો હતો કે છેલ્લા પાંચ વર્ષથી શહેરમાં સતત ખાડી પૂર સર્જાઈ રહી છે, જેમાં ગરીબ અને મધ્યમ વર્ગના હજારો પરિવારોને ભારે આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. છતાં ન શાસક પક્ષે યોગ્ય કામગીરી કરી છે ન તો વિપક્ષે યોગ્ય રીતે વિરોધ નોંધાવ્યો છે. કોંગ્રેસ સમિતિએ આ મુદ્દે નીચે જણાવેલ ગંભીર મુદ્દાઓ ઉપર નિશાન સાધ્યું હતું જેમાં, વાલક ખાડી અને મિની ખાડીના જોડાણથી થનારી નુકશાની અંગે સ્પષ્ટ માહિતગાર હોવા છતાં વિરોધ ન કરવો. મીઠી ખાડીની આજુબાજુ થયેલા દબાણો અને બિનકાયદેસર બાંધકામ અંગે નિસક્રિયતા. દર વર્ષે થતી ડેસિલ્ટિંગ (ઉંડાણ) કામગીરીની યોગ્ય સમીક્ષા ન કરવી. ક્રિષ્ના

અનુસંધાન પાના ૭ પર

# ઉધના વિસ્તારની ૨૦ જેટલી તપેલા ડાઈંગોને સીલ મરાયા

## ૧૮ તપેલા ડાઈંગોના ડ્રેનેજ કનેકશન કાપી નંખાયા

સુરત, તા.૧૦

સુરત મહાનગર પાલિકાના સાઉથ ઝોન—એ (ઉધના)માં મા.મેયરશ્રીની તા.૦૬/૦૭/૨૦૨૫ ના રોજની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ તા.૦૭/૦૭/૨૦૨૫ સોમવાર તથા તા.૦૯/૦૭/૨૦૨૫ બુધવારના રોજ સાઉથ ઝોન—એ (ઉધના) વિસ્તારમાં સમાવિષ્ટ તપેલા ડાઈંગના ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશનને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ જેમાં સાઉથ ઝોન—એ (ઉધના)ના વિવિધ વિસ્તારમાં કાર્યરત તપેલા ડાઈંગ દ્વારા ટ્રીટમેન્ટ કર્યા વગર હાનીકારક પાણી ડ્રેનેજ/સ્ટ્રોમ ડ્રેનેજ લાઈનમાં છોડતા હોવાનું માલુમ પડતા સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન—એ (ઉધના) દ્વારા કુલ ૩૮ તપેલા ડાઈંગની સાઈટ વિઝીટ કરતા કુલ ૧૮ ગેરકાયદેસર તપેલા ડાઈંગના યુનિટના ડ્રેનેજ કનેકશનને સીલ કરવામાં આવેલ છે. તથા બાકી ૨૦ તપેલા ડાઈંગના યુનિટો બંધ/હેતુફેર કરી ગેરકાયદેસર તપેલા ડાઈંગનો વપરાશ બંધ કરેલ છે.



ગજેરા વિદ્યાભવન કતારગામ ખાતે ઈન્વેસ્ટીચર સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું. કે હેડબોયસ એન્ડ હેડ ગર્લ્સ અને હાઉસ કેપ્ટનને નિમણૂંક કરવામાં આવી હતી. આજના આ લિડર્સ આપણા ભવિષ્યના સમાજના આગેવાનો બની શકે છે જેથી કરીને વિદ્યાર્થીઓને પ્રેરણા આપવા અને લિડરશીપનું મહત્વ અને જવાબદારી સમજાવવા આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે કે લિડરશીપ એટલે Power નહીં પણ સર્વિસ છે.



# એકતા નવયુવક મંડળ દ્વારા સ્કૂલ બેગ-નોટબુકનું વિતરણ

સુરત, તા.૧૦

ઉમરવાડા નગર પ્રાથમિક શાળા ક્રમાંક ૧૯૧ માં એકતા નવયુવક મંડળ દ્વારા સ્કૂલ બેગ અને નોટ બુક નું વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં મુખ્ય મેહમાન ડી. સી. પી ચિરાગ પટેલ સાહેબ અને પિ. આઈ જાડેજા સાહેબ ના હસ્તે નોટ બુક અને બેગ નું વિતરણ કરવામાં આવ્યું. એ. એસ. આઈ મુકેશ ભાઈ મંજુલા બેન વસંત ભાઈ શાહ અને શશિકાંત ભાઈ નાગમલ પ્રભાકર ગિરીશ ભાઈ ચૌહાણ રોશન ખાન રઈશ ભાઈ મુખ્તાર ભાઈ જવિદ ભાઈ જમીલ ભાઈ આચાર્ય રાજેશ ભાઈ નું સન્માન કરવામાં આવ્યું.એકતા યુવક મંડળ ના પ્રમુખ હાજી જબ્બાર ખાન વી પઠાણ અને તેની તેની ટીમે આ કાર્યકમ ને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી .

# નવસારીમાં વિરલ રામ પુરોહિતની પુણ્યતિથિએ ૬૧ યુવાનું રક્તદાન

## રેડક્રોસ નવસારીના સહયોગથી રક્તદાન કેમ્પ યોજાયો



નવસારી, તા.૧૦

"નવસારી પંથકમાં સમાજ વિકાસના પ્રકલ્પો મૂકી, શહેરની ગઈકાલની અસ્મીતા સાથે સબંધ બાંધી,ઉજાગર કરવાનું ભગીરથ કાર્ય અદ્ભૂત વાકછટા રજુઆત થી વિરલે કર્યું છે.તત્કાલીન વડીલો, ઈતિહાસ વિદ્દો, ઉદ્યોગ-સાંસ્કૃતિક ક્ષેત્રની પ્રતિભા સાથે સબંધો કેળવી આવતી કાલનું નવસારી માટે ચિંતન સાથે પરિણામ લક્ષી કાર્ય પણ કર્યું છે.રોટરી આઈ ઈન્સ્ટીટયુટ સ્મશાનભૂમિ ની કાયાપલટમાં આપેલા પ્રદાનને વધુ સુંગધિત કરવા છેલ્લા દસ વર્ષથી રેડક્રોસ નવસારીના ઉપક્રમે રકતદાન શિબિર યોજવામાં આવે-એનો જશ એમનો પરિવાર-સમાજના મંડળોને આપીશું." આ શબ્દો રેડક્રોસ નવસારીના પાયાના કાર્યકર પ્રા.જશુભાઈ નાયકે ઔદિચ્ય યુવા સમાજ નવસારીએ સદ્ગત વિરલ-રામ પૂરોહિત ની ૧૧ મી પુણ્યતિથિએ રામજીમંદિર યજ્ઞ હોલમાં યોજેલ ૧૦ માં રકતદાન શિબિરને વધાવતા જણાવ્યા હતા. રેડક્રોસ નવસારી ના માનદમંત્રી ડૉ ધર્મેશ કાપડિયા,ગૌતમ મહેતા,વિરલ અમી સુનિતી સાર્વજનિક ટ્રસ્ટ તથા યુવા ઔદિચ્ય યુવા સમાજના પદાધિકારીઓ કપિલ પુરોહિત, રાજીવ પુરોહિત, કુંજલ દેસાઈ, મિહિર શુકલ વગેરેએ સદ્ગત ની તસ્વીરને પૂષ્પાંજલિ આપી હતી. નવસારી પંથકમાં ૫૦થી વધુ પરિવાર ધરાવતો ઔદિચ્ય બ્રાહ્મણ સમાજ જરૂરિયાત મંદ કોઈ પણ વિદ્યાર્થીઓને દર વર્ષે એક હજારથી વધુ નોટબુકોનું વિતરણ પણ કરે છે.રેડક્રોસના એડમીનીસ્ટ્રેટર ડૉ નરેશ ધાનાણી,ડૉ કે.એમ.ભાવસારે રૂણસ્વીકાર કર્યો હતો.

# આરોગ્ય વિભાગમાં કર્મચારીઓની તાકીદે ભરતી કરવાની માંગણી

## સાધન તથા જંતુનાશક દવાઓની પણ અછતઃ મો. ઈકબાલ શેખ

સુરત, તા.૧૦

સુરત સુધરાઈ કામદાર સ્ટાફ યુનિયન તરફથી આજરોજ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, ડેપ્યુટી કમિશનર શ્રી દિનેશ રમેશ ગુરવ, ડેપ્યુટી કમિશનર શ્રીમતી નિધિ સિવાચને એક આવેદન પત્ર આપીને જણાવ્યું છે કે, સને ૨૦૨૫ના વર્ષમાં કુદરતી ઋતુઓમાં ભારે ફેરફાર જોવામાં આવેલ છે. જૂન માસથી શરૂ થયેલ ભારે વરસાદ જુલાઈ માસમાં પણ ભારે વરસાદ પડી રહયો છે. હજી ઓગષ્ટ અને સપ્ટેમ્બર મહીનો તો બાકી છે. આ એક માસ દરમ્યાન શહેરના અનેક વિસ્તારોમાં ખાડી પુર અને વરસાદી પાણીના ભરાવાને કારણે અનેક લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. જે સ્વીકારવા જેવી બાબત છે. આ પ્રકારના વરસાદને કારણે અનેક સ્થળોએ વરસાદી પાણીના ભરાવાને કારણે મચ્છરોની અવાર નવાર ઉત્પત્તીને કારણે મચ્છરોના નાશ માટે અનેક રીતે કામગીરી કરવી પડે તેમ છે. જો તેમ ન કરવામાં આવશે તો સમગ્ર સુરત શહેરમાં મેલેરીયા, ડેન્ગયુ, ચીકનગુનીયા, જેવા રોગો મોટા પ્રમાણમાં ફેલાય શકે તેમ છે. આ કામગીરી કરવા માટે તમામ પ્રકારની જંતુનાશક દવાઓ, સાધનો, મશીનરી, વાહનો તથા કામગીરી કરવા અને કરાવવા માટે બેલદાર, ડ્રાઈવર, કલીનર, તેમજ પ્રાઈમરી હેલ્થ વર્કર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, પ્રમારી હેલ્થ સુપરવાઈઝર, સેનીટરી સબ ઈન્સપેકટર, સેનીટરી ઈન્સપેકટર,ચીફ સેનીટરી ઈન્સ્પેક્ટર વિગેરેનો સ્ટાફ પુરેપુરી ૧૦૦ ટકા સંખ્યામાં હોવો જરૂરી છે. પરંતુ અત્યંત દુઃખ સાથે જણાવવું પડે છે કે, વિ.બી.ડી.સી. વિભાગ પાસે જરૂરીયાત મુજબનો જંતુનાશક દવાઓ તથા સાધનોનો જથ્થો ઉપલબ્ધ નથી. જો મોટી માત્રામાં કામગીરી કરવાની રહેશે, ત્યારે આ કામગીરી કઈ રીતે થઈ શકશે ? તે ખુબ મોટો પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. કારણ કે, આ વિભાગ પાસે અને સુરત મહાનગરપાલિકા પાસે પુરતી સંખ્યામાં કામદારો તેમજ

અનુસંધાન પાના ૭ પર



# નવયુગ કોમર્સ કોલેજમાં અલુણા મહેંદી સ્પર્ધા યોજાઈ

સુરત, તા.૧૦

નવયુગ કોમર્સ કોલેજ સુરત. ખાતે તા-૦૮/૦૭/૨૦૨૫ના રોજ અલૂણાવ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૭ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાં વિજેતા વિદ્યાર્થીનીઓને ઈનામ આપવામાં આવ્યા હતાં. કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. વિજેતા વિદ્યાર્થીનીઓને આચાર્યશ્રી અને પ્રોફેસરોના હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા. આ હરિફાઈમાં નિર્ણાયક તરીકે ડૉ. બિંદુબેન શાહ અને કુંજલબેન ભટ્ટે સેવા આપેલી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નયના સુરેજા દ્વારા કરવામાં આવ્યું હતું.

# બોગસ ગન લાયસન્સ કૌભાંડમાં ત્રણ આરોપીઓના જામીન મંજૂર

## સેશન્સ કોર્ટ શરતોને આધિન જામીન મંજૂર કર્યા

સુરત, તા.૧૦

બોગસ ગન લાયસન્સના કૌભાંડમાં સંડોવાયેલા ગજાનંદ ગન હાઉસના માલિક સહિત ત્રણને સેશન્સ કોર્ટે શરતોને આધિન જામીન આપ્યા છે. ચાર્જશીટમાં પુરાવાનો અભાવ હોવાનો મુદ્દો બચાવ પક્ષે કોર્ટમાં દલીલ સમયે ઉઠાવ્યો હતો. મળતી માહિતી અનુસાર ડી.સી.બી. પોલીસે નાગાલેન્ડથી બનાવટી ગન લાયસન્સ બનાવવાનો કેસ ગત એપ્રિલ-૨૦૨૫ માં દાખલ કર્યો હતો. જેમાં તપાસ પુર્ણ કરી પોલીસે ૫૦૦ પાનાની ચાર્જશીટ રજુ કરી હતી. આ કેસમાં પોલીસે કુલ ૧૦ આરોપીઓ ધરપકડ કરી છે. ચાર્જશીટ આવ્યા બાદ ગજાનંદ ગન હાઉસના માલિક અતુલકુમાર ચીમનભાઈ પટેલ તથા અન્ય આરોપી મુકેશભાઈ બલદેવભાઈ રબારી અને કાન્તીભાઈ છનાભાઈ ગમારાએ જામીન મુકત થવા અનુક્રમે એડવોકેટ અશ્વિન.જે.જોગડિયા તથા વિ.એસ.ચલીયાવાલા અને એમ.એ.શેખ મારફતે અરજી કરી હતી. બચાવ પક્ષે એવી રજુઆત કરવામાં આવી હતી કે, પોલીસ તપાસમાં ઘણી ખામીઓ છે, અને તે અંગે નાગાલેન્ડના સંબધિત પોલીસ ખાતાના કર્મચારી તથા ભાડા કરાર બનાવનાર નાગાલેન્ડના નોટરી વકીલોના ચાર્જશીટ સાથેના નિવેદનો કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. બંને પક્ષકારોને સભળ્યા બાદ સેશન્સ કોર્ટે શરતોને આધિન ત્રણેય આરોપીને જામીન મુકત કરવાનો હુકમ કર્યો હતો. વધુમાં આ કેસમાં સુરત ડી.સી.બી. પોલીસે ૯ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે.અત્રે નોધવું ઘટે કે, અમદાવા?દમાં એન્ટી ટેરેરીસ્ટ સ્કવોડ (ATS) એ પણ બોગસ ગન લાયસન્સ બાબતે ગુનો દાખલ કાર્યો છે, અને તેમા ૪૭ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

# મહાનગર પાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે ગોરમા ગીત સ્પર્ધા યોજાઈ

## ૨૭ પ્રાથમિક શાળાની ૧૬૨ ખાતાઓએ સ્પર્ધામાં ભાગ લીધો



સુરત, તા.૧૦

સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે ગોરમાગીત સ્પર્ધાનું આયોજન તા.૦૯/૦૭/૨૦૨૫ને બુધવારના રોજ પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી - ડો. વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ હતું. શહેરના પ્રથમ નાગરિક માન.મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, ડે.મેયરશ્રી ડો.નરેન્દ્રભાઈ પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજન પટેલ, મ્યુનિ.કમિશનરશ્રી શાલિની અગ્રવાલ, આઈ.એ.એસ.ના માર્ગદર્શન હેઠળ શાસક પક્ષના નેતાશ્રી શશીબેન ત્રિપાઠી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઈ, આસી.મ્યુ.કમિશનરશ્રી ડો.ગાયત્રીબેન જરીવાલા, સર્વે નિર્ણાયકશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે આ સ્પર્ધાનો શુભારંભ દિપ પ્રાગ્ટય દ્વારા કરવામાં આવ્યો હતો. માન.સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઈએ અલુણાવ્રતનું મહત્વ સમજાવી સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ આ ગોરમાગીત સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા તથા સુરત મહાનગરપાલિકાના આસીસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરશ્રી ડો.ગાયત્રીબેન જરીવાલાએ વિસરતી જતી પરંપરાગત રીતભાતની જાળવણી તથા સ્વરચિત ગોરમાગીતની રજુઆત અંગે હિમાયત કરી હતી. ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે ઉજવાતા આ ઉત્સવની ઉજવણી અંતર્ગત યોજાયેલ ગોરમાગીત સ્પર્ધામાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી ૨૭ પ્રાથમિક

અનુસંધાન પાના ૭ પર

# પામના વાવેતર માટે ૪૦,૦૦૦ સુધીની સહાય મળવાપાત્ર

## પામ ઓઈલનો ઉપયોગ ખાદ્ય વાનગીથી લઈ કોસ્મેટીક ક્ષેત્રે વધી રહ્યો છે

સુરત, તા.૧૦

રાજય સરકાર દ્વારા નેશનલ મિશન ઓન એડીબલ ઓઈલ યોજના અંતર્ગત ઓઈલ પામ વાવેતર, ઓઈલ પામ સાથે આંતરપાક, સાધન-મશીનરી માટે સહાય આપવામાં આવે છે.

સુરત જિલ્લામાં બાગાયત વિભાગ અને ગોદરેજ કંપની દ્વારા આ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે. હાલની સ્થિતિએ ભારત અને અન્ય દેશોમાં ઓઈલપામના ફળમાંથી મળતા ખાધતેલ (પામ ઓઈલ) નો ઉપયોગ ખાદ્ય વાનગીથી લઈ કોસ્મેટીક ક્ષેત્રે વધી રહ્યો છે. જેને લઈ બજારમાં પામ ઓઈલની વધતી જતી માંગને કારણે વધુ ભારતીય હુંડિયામણનો ખર્ચ કરી વિદેશોમાંથી પામ ઓઈલ આયાત કરવું પડે છે. આથી, ભારત સરકાર દ્વારા પામ ઓઈલનું સ્થાનિક બજારમાં ઉત્પાદન વધે અને આયાત ઘટે તે હેતુથી હાલમાં સરકાર તેનો વિસ્તાર વધારવા માટે પ્રોત્સાહન આપી રહી છે. જેથી ખેડૂતોને ઓઈલ પામ પાકના વાવેતર માટે પ્લાન્ટીંગ મટીરીયલ્સ માટે હેકટરદીઠ રૂ.૨૦,૦૦૦ સ્વદેશી અને રૂ.૨૯૦૦૦ હેકટરદીઠ આયાત કરેલા રોપાઓ માટે સહાય મળશે. પ્લાન્ટીંગ મટીરીયલ્સના રોપા ઓઈલપામ યોજના અંતર્ગત કાર્યરત કંપનીઓની નર્સરીઓ પુરા પાડશે. સરકાર દ્વારા જિલ્લામાં ગોદરેજ કંપનીને માન્યતા મળેલી છે તથા ૪ વર્ષ માટે ગેસ્ટેશન સમયગાળા દરમિયાન આંતરપાક તથા મેઈન્ટેનન્સ માટે રૂ.૪૨૦૦૦

અનુસંધાન પાના ૭ પર

### સુરત જિલ્લામાં ભારે વરસાદના કારણે

# ક્ષતિગ્રસ્ત ૪૬૭ રસ્તાઓમાં 330 રસ્તાઓમાં પેચવર્કની કામગીરી પૂર્ણ

## રસ્તા રિપેરીંગ, રિસર્ફેસિંગ, મેટલવર્ક કરી મોટરેબલ કરવાની કામગીરી વેગવંતી

સુરત, તા.૧૦

રાજ્યભરમાં ભારે વરસાદની સ્થિતિ બાદ જિલ્લા તાલુકા, શહેર અને ગામોને જોડતા નાના મોટા રોડ/રસ્તાઓ ઉપર પાણી ભરાવાના કારણે રસ્તાઓને નુકસાન થયું છે, ત્યારે નાગરિકોને યાતાયાતની સુવિધામાં કોઈપણ પ્રકારની તકલીફના પડે તે માટે રોડ રસ્તા રિપેરીંગની કામગીરી કરવા મુખ્યમંત્રીશ્રી દ્વારા વહીવટીતંત્રને આદેશ અપાયા છે, જેના ભાગરૂપે જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના માર્ગદર્શનમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લાના વિવિધ નુકસાનગ્રસ્ત માર્ગોના મરામતની કામગીરી હાથ

અનુસંધાન પાના ૭ પર



ગુરુપૂર્ણિમા નિમિત્તે મહારાષ્ટ્ર ના ફેજપુર મુકામે સતપંથ ગુરૂવર્ય ૧૦૦૮ મહામંડલેશ્વર જનાર્દન મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરતા અખિલ ભારતીય કોળી સમાજના આગેવાન શ્રી લક્ષ્મીકાંત પટેલ.

# તાજીયા જુલુસમાં સહયોગ બદલ આભાર વ્યક્ત કરતી તાજીયા કમિટિ

## વરસતા વરસાદમાં પોલીસની ખડેપગે ૭૨ કલાકની સેવાની પ્રશંસા કરતા અસદ કલ્યાણી

સુરત, તા.૧૦

સુરત શહેર તાજીયા કમીટી પ્રમુખ શ્રી અસદ કલ્યાણીએ સોવનો આભાર માનતા એ જણાવ્યું છે સુરત શહેરમાં મોહરમ ના તહેવાર નિમિત્તે શહેરમાં વરસતા વરસાદમાં સફળ રીતે બે દિવસ શહાદતની રાત્રી અને યોવમેઆસુરા ના દિવસે તાજીયા જુલુસ નીકળ્યુ અને ગત વર્ષથી ૩૦ મિનિટ વહેલું પૂર્ણ થયુ કોમી એકતા ના માહોલમાં પૂર્ણ થયુ. તે બદલ સુરત શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોતસાહેબ અને સુરત પોલીસનો વરસતા વરસાદ મા સતત ૭૨ કલાક ખડેપગેરહી સેવા આપવા બદલ આભાર સુરત મહાનગર પાલિકા તરફ થી રસ્તાઓ નવા બનાવવા સાફ સફાઈ જુલુસને નડતા ઝાડ ત્રિમિંગ રૂટ ઉપર લાઈટિંગ જુલુસ પૂર્ણતા બાદ વેસ્ટેજ નો નિકાલ ની સંપૂર્ણ કામગીરી કરવા બદલ આભાર શહેરના મેયર શ્રી દક્ષેશ માવાણી કેન્દ્રીય મંત્રી શ્રી CR. પાટીલ સાંસદ શ્રી મુકેશ દલાલ પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોતસાહેબ ધારાસભ્ય માજી મેયર શ્રી કદિર પીરઝાદા, શ્રી અરવિંદ રાણા ભાજપ પ્રમુખ શ્રી પરેશ પટેલ કોંગ્રેસ પ્રમુખ શ્રી વિપુલ ઉધનાવાળા વકફબોર્ડ ચેરમેન શ્રી મોહસીન લોખંડવાળા કોર્પોરેટર શ્રી રાકેશ માળી શ્રી મનીસા. મહાત્મા શ્રી સ્નેહલતા રાવતકા શ્રી મોહમ્મદ શેઠ ટપાલી શ્રી આસિફભાઈ બિસ્મિલ્લાવાળા નો લીંબાયત તાજીયા કમીટી રાંદેર તાજીયા કમીટી હોદીબંગલા વ્યવાસ્થા કમીટી ઝાંપાબાઝાર ઈસ્તે એકબાલ કમીટી, તાજીયા આયોજકો FOP શાંતી સમિતિ સભ્યો, સવયાંવ સેવકો સુરત શહેર તાજીયા કમીટી હોદેદારો સભ્યો તાજીયા જુલુસને સફળ બનાવવા મદદરૂપ થવા બદલ તમામનો સુરત શહેર તાજીયા કમીટી સર્વ હોદ્દેદારો શ્રી અસદ કલ્યાણી, ઈસરાઈલ શેખ, સોહેલ હાંસોટી,મોહસીન મિર્ઝા ઈકબાલ.મલિક, ઈમરાન મેમણ, આમિર. મલેક, સમદ મુનશી, મુન્નાબાપુ, ઝૈદ હાંસોટી, અમાર. વખરીયા એ આભાર માન્યો છે

### સરકારના ૧૧ વર્ષ પૂર્ણ થવાના અવસરે

# દિવ્યાંગોના કલ્યાણ માટે વડાપ્રધાન મોદીના કાર્યોની સરાહના કરતા પદ્મશ્રી કનુભાઈ ટેલર

## ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં મોદીએ દિવ્યાંગ બાળકોને મુખ્ય પ્રવાહમાં લાવવાનું કામ કર્યું હતું

સુરત, તા.૧૦

પદ્મશ્રી પુરસ્કાર વિજેતા અને દિવ્યાંગજનોના હમદર્દ કનુભાઈ હસમુખભાઈ ટેલર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભગવાનનું રૂપ છે. ખુદ



કનુભાઈ શ્રી નરેન્દ્ર મોદીને પોતાના માટે ભગવાન સમાન ગણાવે છે. એક વિશેષ મુલાકાતમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન મોદીના નેતૃત્વ અને સમર્થનથી તેમને માત્ર પદ્મશ્રી પુરસ્કાર જ મળ્યો જ નથી, પરંતુ દિવ્યાંગ બાળકો અને સમાજ માટેના તેમના કાર્યને નવી ઊંચાઈ આપવામાં નિમિત્ત બન્યા છે.કનુભાઈ સુરતમાં દિવ્યાંગ બાળકો માટે એક શાળા ચલાવે છે. તેમણે મોદી સરકારની એવોર્ડ પ્રક્રિયા અને દિવ્યાંગોના કલ્યાણ માટે કરવામાં

અનુસંધાન પાના ૭ પર

# શરાબ પીનારને બ્લડ ઈન્ફેકશનનો ભય



દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં ૧૦ પુખ્ત વયના લોકો પૈકી એક દરરોજ અડધા લીટરથી વધુ સોફ્ટ ડ્રિંક્સ પી જાય છે. સોફ્ટ ડ્રિંક્સના વધુ પ્રમાણના સીધા સંબંધ અસ્થમાની વધુ તકો સાથે સંકળાયેલા છે. વધુ સોફ્ટ ડ્રિંક્સ અથવા તો ઓછા સોફ્ટ ડ્રિંક્સના સંબંધ સીધી રીતે રહેલા છે. એકંદરે ૧૩.૩ ટકા લોકો અસ્થમાના શિકાર અભ્યાસમાં નિકળ્યા હતા.

શરાબ પીનારને બ્લડ ઈન્ફેક્શનનો ખતરો વધારે રહે છે. શરાબ પીવાની બાબત દરેક રીતે જોખમી છે. નિયમિતરીતે શરાબનો ઉપયોગ કરનારને બ્લડ ઈન્ફેક્શનનો ખતરો તો રહે છે સાથે સાથે અન્ય કેટલીક ઘાતક બિમારીઓ પણ થવાનો ખતરો રહે છે. સેપ્સિસ અથવા તો સેપ્ટિસીમિયા એક પ્રકારથી બ્લડ ઈન્ફેક્શન રોગ છે. જે મુખ્યરીતે બેક્ટિરિયાના ઈન્ફેક્શનના કારણે થાય છે. ન્યુમનિયા, મેનિનજાઈટિસ, યુરિનરી ટ્રેક્ટ ઈન્ફેક્શન પણ આના માટેના કારણ હોઈ શકે છે. આ ઉપરાંત સર્જરીના ઘા બાદ યુરિનરી કૈથેટરના ઉપયોગ અને પીઠમાં ઘા થવાની સ્થિતીમાં સેપ્સિસની સ્થિતી બની શકે છે. બ્લડ ઈન્ફેક્શન થવાની સ્થિતીમાં બ્લડના થર જામી જાય છે. જેના કારણે બ્લડ સર્કુયુલેશનમાં તકલીફ પડે છે. આના કારણે ઓક્સિજનની કમી પણ સર્જાય છે. અન્ય કેટલાક રોગ થવાનો ખતરો રહે છે. આ ઉપરાંત અન્ય અંગો જેમ કે ફેફસા, કિડની અને લિવર કામ કરવાનુ બંધ કરી શકે છે. સમય સર સારવાર કરવામાં ન આવે તો જીવલેણ સાબિત થઈ શકે છે. બ્લડ ઈન્ફેક્શનના કેટલાક લક્ષણો રહેલા છે. જેના ભાગરૂપે તેજ તાવ આવવાની બાબતનો સમાવેશ થાય છે. શરીરમાં દુખાવો રહે છે. ડિહાઈડ્રેશનની તકલીફ થઈ શકે છે. શ્વાસ લેવામાં તકલીફ પડે છે. યુરિન ઘટી જાય છે. આ તમામ લક્ષણો દેખાય છે. એચઆઈવી એઈડસ અથવા તો કેન્સર અથવા તો કોઈ ખાસ દવાના કારણે કમોજર ઈમ્યુનિટી વાળા દર્દી, નવજાત શિશુ, ડાયાબિટીસના દર્દી, મોટી વયના લોકોને આ ખતરો વધારે રહે છે. આ ઉપરાંત નિયમિત શરાબનો ઉપયોગ કરનાર લોકોને પણ ખતરો વધારે રહે છે. કિડની અને ફેફસાની બિમારી ધરાવનાર લોકોને ખતરો વધારે રહે છે. લક્ષણોના આધાર પર આ રોગની ઓળખ કરવામાં આવે છે. શંકાની સ્થિતીમાં બ્લડમાં બેક્ટિરિયા અને બોડીમાં ફ્લુડનુ પ્રમાણ ઈન્ફેક્શનના સ્તરને જાણવા માટે ટેસ્ટ કરવામાં આવે છે. એક્સરે, સિટી સ્કેન અને અલ્ટ્રાસાઉન્ડની સલાહ આપવામાં આવે છે. જરૂર પડે તો બ્લડ પ્લેટલેટ્સ, બ્લડ પ્રેશર અને લિવર તેમજ કિડનીની કામગીરી અંગે ટેસ્ટ કરવામાં આવે છે. આ ઉપરાંત શરીરમાં ઓક્સીજનના પ્રમાણને વધારી દેવા માટે ઓક્સીજન આપવામાં આવે છે. વધારે પડતા સોફ્ટ ડ્રિંક્સના શોખીન લોકો માટે લાલબત્તિ સમાન અભ્યાસના તારણ સપાટી પર આવ્યાં છે. નવા અભ્યાસમાં જણાવાવમાં આવ્યું છે કે, વધારે પડતાં સોફ્ટ ડ્રિંક્સ અસ્થમાના ખતરાને વધારે છે. આ ઉપરાંત ક્રોનિક અબ્સટ્રક્ટીવ પલમોનરી ડિસીઝ (સીઓપીડી)ને આમંત્રણ આપી શકે છે. યુનિવર્સિટી ઓફ એડીલડના પ્રોફેસર જુમીનસિંહના નેતૃત્વમાં સંશોધકોએ ઘણાં લોકો પર અભ્યાસ કર્યા બાદ આ તારણો આપ્યાં છે. માર્ચ ૨૦૦૮ અને જૂન ૨૦૧૦ વચ્ચેના ગાળામાં દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં ૧૬ વર્ષ અને વધુ વયના ૧૬૯૦૭ લોકોના કોમ્પ્યુટરની મદદથી ટેલિફોનિક ઈન્ટરવ્યુ લીધા હતા અને સોફ્ટ ડ્રિંક્સના ઉપયોગ અંગે તેમની પાસેથી માહિતી મેળવી હતી. સોફ્ટ ડ્રિંક્સમાં જે ઘટક તત્વો રહેલા છે તેમાં કોક, લેમોન્ડે, ફ્લેવર્ડ મિનરલ વોટર, પાવર્ડે અને ગેટોર્ડે જેવા ઘટકતત્વો રહેલા છે. પરિણામોમાં જાણવા મળ્યું છે કે, દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં ૧૦ પુખ્ત વયના લોકો પૈકી એક દરરોજ અડધા લીટરથી વધુ સોફ્ટ ડ્રિંક્સ પી જાય છે. સોફ્ટ ડ્રિંક્સના વધુ પ્રમાણના સીધા સંબંધ અસ્થમાની વધુ તકો સાથે સંકળાયેલા છે. વધુ સોફ્ટ ડ્રિંક્સ અથવા તો ઓછા સોફ્ટ ડ્રિંક્સના સંબંધ સીધી રીતે રહેલા છે. એકંદરે ૧૩.૩ ટકા લોકો અસ્થમાના શિકાર અભ્યાસમાં નિકળ્યા હતા. જ્યારે દરરોજ અડધા લીટરથી વધુ સોફ્ટ ડ્રિંક્સ પીતા લોકોમાં ૧૫.૬ ટકા લોકો સીઓપીડી સાથે ગ્રસ્ત દેખાયા હતા. અસ્થમા અને સીઓપીડી માટે રેસિયો દરરોજ અડધા લીટરથી વધુ સોફ્ટ ડ્રિંક્સ પીનાર માટે ક્રમશઃ ૧.૨૬ અને ૧.૭૯ જેટલો રહ્યો છે. અભ્યાસના તારણોને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જર્નલ રેસ્પિરોલોજીમાં અભ્યાસના તારણ આપવામાં આવ્યાં છે.



# સંતાન માટે બહુ ઘસાઈ ગયાનો અફસોસ મા-બાપને થતો હશે?

સંતાનો મોટા થઈ ગયા પછી ઉપેક્ષા કરે ત્યારે આવી લાગણી ઉદ્ભવી શકે, પણ આ કડવી વાસ્તવિકતાને સ્વીકારી લેવામાં જ માલ છે અને જાગ્યા ત્યારથી સવાર ગણીને વધુ ઘસાવાની ભૂલ અટકાવી દેવામાં જ શાણપણ છે

મધર્સ ડે તો ગયો, પણ એ નિમિત્તે આવેલા સંદેશાઓથી મોબાઈલ અધધધ છલકાઈ ગયો. કેટલાકે વળી આ નિમિત્તે પત્રો પણ લખ્યા. વૉટ્સએપના જમાનામાં લોકો પત્રો પણ લખે છે એ જોઈને આનંદ થયો. આ બધા સંદેશાઓમાં એક નાનકડી વિડિયો-ક્લિપ પણ મળી. મધર્સ ડે પર યુવાન પુત્ર મમ્મીને સ્માર્ટફોન ગિફ્ટ કરે છે. હવે વૉટ્સએપ કરી શકાશે અને ફોટો પણ જોઈ શકાશે. મમ્મીના ચહેરા પર આનંદ છવાઈ જાય છે, પણ આ સ્માર્ટફોન વાપરતાં પોતાને આવડશે? 'એ તો હું તને શીખવીશને' કહેતો દીકરો મમ્મીના ડરને ખંખેરી નાખે છે અને ફોન કેમ ચાલુ કરવો કે ઑફ કરવો જેવી બેઝિક બાબતો તો શીખવી પણ દે છે. પછી અવારનવાર મમ્મી કંઈક ને કંઈક પ્રશ્નો લઈને દીકરા પાસે પહોંચી જાય છે. અરે બેટા, આ જોને, આ શું છે? આમાં કેવી રીતે કરવાનું? આ ફોટો કેમ મોકલાય?... આમ મમ્મીના પ્રશ્નો આવતા જાય છે અને કામકાજમાં વ્યસ્ત દીકરાને એક તબક્કે થાય છે કે મમ્મીને સ્માર્ટફોન લઈ આપીને ભૂલ તો નથી કરીને!

એ ક્લિપમાં આગળ પછી એ દીકરાને તેની પત્ની બહુ સુંદર રીતે સમજાવી દે છે કે તેણે એ ભૂલ નથી કરી. પરંતુ મારું મન પેલા દીકરાના સવાલમાં અટક્યું છે. મધર્સ ડે હતો એટલે પોતે મમ્મી માટે ભેટ લઈ આવેલો, મમ્મીએ તો કંઈ માગ્યું નહોતું. હવે મમ્મી તેની પાસેથી તેનો થોડો સમય માગતી હતી એ તે આપી શકતો નહોતો!

સાચો પ્રેમ એક્સ્ટેન્ડ થવામાં એટલે કે જેમને પ્રેમ કરતા હોઈએ તેમને માટે ખેંચાવામાં છે. આપણી પાસે જે વધારે છે અને જે સહેલાઈથી આપી શકીએ છીએ એ આપી દેવામાં પ્રેમની એટલી જરૂર નથી, પરંતુ આપણે જે આપવા કે કરવા માટે જાતને એક્સ્ટેન્ડ કરવી પડે એ પણ કરવાનું મન થાય અને એમ કરતાં ખુશી ઉપજે એ ખરો પ્રેમ છે. યાદશક્તિને એકાદ ચાબુક ફટકારીશું તો આવાં એક્સ્ટેન્શનનાં ઘણાં દશ્યો આપણા જીવન સાથે સંકળાયેલાં જોવા મળશે. અને એમાં મુખ્ય ભૂમિકા ભજવનાર પાત્રો બીજાં કોઈ નહીં, આપણાં મા-બાપ જ હોવાનાં. યાદ કરો, સવારથી રસોડામાં મચી પડેલી મમ્મી બપોરે બધાને હોંશે-હોંશે પીરસતી અને પોતે બનાવેલી વાનગી માણતાં બાળકોને જોઈને તેના ચહેરા પર છવાઈ જતી ખુશી. આખું અઠવાડિયું ઑફિસ કે દુકાનમાં ગધેડાની જેમ ખટો હોય છતાં રવિવારની બપોરનો આરામ જતો કરીને બાળકોને સર્કસમાં લઈ જતા પપ્પાના ચહેરા પર ચમકતો સંતોષ! એ છે જાતને એક્સ્ટેન્ડ કરવાનાં ઉદાહરણ. આવાં અનેક ઉદાહરણો આપણા દરેક પાસે હોવાનાં. પોતાની જાતને ભૂલીને આપણાં સુખ-સગવડમાં રાચેલાં અને આપણાં દુઃખ કે દુવિધામાં પીડાયેલાં મા-બાપ મોટા ભાગે સૌએ જોયાં છે.

પોતાની વ્યસ્ત કારકિર્દીમાં ગળાડૂબ રહેતા દીકરા પાસે સમયની અછત છે. એટલે વારે-વારે મમ્મીને ફોનનાં ફંક્શન્સ શીખવાડવા માટે સમય કાઢવો એ તેના માટે જાતને એક્સ્ટેન્ડ કરવાની બાબત છે, પરંતુ દીકરો એ કરી શકતો નથી. મમ્મીને જે ભેટ વાસ્તવમાં જોઈએ છે એ તે આપી શકતો નથી અને પોતે જે સહેલાઈથી સ્પેર કરી શકે એમ હતો એ ગિફ્ટ આપીનેય મમ્મી માટે મોટું કંઈક કરી લીધું હોય એવો સંતોષ કે અહોભાવ પોતાની જાત માટે અનુભવે છે! શું કોઈ મા-બાપને પોતાનાં સંતાન માટે પોતે બહુ ઘસાઈ ગયાનો અફસોસ થતો હશે? કમ સે કમ પેલી બાળકોને જમાડતી મમ્મીએ કે સંતાનોને સર્કસમાં લઈ જતા પપ્પાએ એ વખતે તો એવી લાગણી ચોક્કસ નહોતી અનુભવી. હા, એ જ સંતાનો મોટાં થઈ ગયા પછી મા-બાપ સાથે દુર્વ્યવહાર કરે કે તેમની ઉપેક્ષા કરે ત્યારે કદાચ કોઈ મા-બાપને બાળકો માટે નકામી જાત ઘસી નાખી એવી લાગણી થાય એ શક્ય છે. ખેર, મા-બાપ પાછલી ઉંમરે જ્યારે પોતાનાં સંતાનોનો સાથ કે સમય ઝંખતાં હોય ત્યારે યુવાન થયેલાં દીકરા-દીકરીઓ પાસે એ હોતા નથી એ તેમની કમનસીબી છે એ માનવું રહ્યું. પણ તો પછી મા-બાપે કરવું શું? પોતાની ભૂલ માટે જાતને કોસ્યા કરવી? એ ભૂલ વાગોળીને દુઃખી થયા કરવું? ના, આમ કરીને તો તેઓ પોતે જ પોતાની જાતને સજા કરતાં હોય છે. એટલે ભલે કડવી તો કડવી, પણ વાસ્તવિકતાને સ્વીકારી લેવામાં જ માલ છે. અને જાગ્યા ત્યાંથી સવાર ગણીને ઘસાવાની ભૂલ અટકાવી દેવામાં શાણપણ છે.

## કેટલીક વખત ક્રેશ ડાઇટિંગથી આરોગ્યની તકલીફ પણ થાય છે....

# પાતળી નહી ફિટ દેખાવવા સ્પર્ધા જરૂરી



મહિલાનુ ફોક્સ ફિટનેસને લઈને કઇ રીતે છે તે બાબત હાલમાં કરવામાં આવેલા એક સર્વેથી સપાટી પર આવી છે. આ સર્વે ફિટનેસ બ્રાન્ડ માટે લોકપ્રિય કેલિફોર્નિયાની કંપની જીઓક્યુઆઈઆઈ દ્વારા ભારતમાં ફિટનેસ ગોલ અને એક્ટીવિટીજને લઈને કરવામાં આવ્યા બાદ કેટલીક નવી વિગત સપાટી પર આવી છે. સર્વે બાદ જાણવા મળ્યુ કે ફિટનેસના લક્ષ્યોમાં જ્યાં પુરૂષોનુ ધ્યાન મસલ ગેઈન કરવા એટલે કે બાઈસેપ્સ બનાવવામાં અને મહિલાઓનુ ધ્યાન વેટ મેનેજમેન્ટ પર કેન્દ્રિત રહે છે. આ સર્વે એક વર્ષની અંદર ૧૫થી ૬૫ વર્ષની વયના લોકોને આવરી લઈને કરવામાં આવ્યા બાદ તેના તારણ ખુબ રસપ્રદ રહ્યા છે. કોઈને પણ અને ખાસ કરીને યુવતિને જોઈને અમે સરળતાથી કહી દઈએ છીએ કે હવે શરીર વધી રહ્યુ છે અને ખાવા પર ધ્યાન રાખવાની જરૂર છે. ભઈ જુઓ પોતાના શરીર પર ધ્યાન આપો નહીતર યોગ્ય યુવક મળશે નહી. અમે તો પોતાની વાત કહીને નિકળી જઈએ છીએ એવુ પણ વિચારતા નથી કે અમે અજાણતા જ આ યુવતિને કેટલુ ટેન્શન આપીદીધુ છે. આ યુવતિને આ પ્રકારની અમારી સલાહ ટેન્શન ખુબ આપે છે. વિચારવા જેવી બાબત છે કે અમે જાડી યુવતિઓ માટે તેમનુ વજન એક અડચણ બનાવી ચુક્યા છીએ. યુવાનો માટે આવી કોઈ અડચણ નથી. જો યુવતિ સહેજ પણ જાડી થાય છે તો તમામ લોકો તેના વજનની ચિંતા કરવા લાગી જાય છે. પરંતુ સમજી લેવાની બાબત એ છે કે દરેક શરીરની એક અલગ જરૂરીયાત હોય છે. હાલના દિવસોમાં ઈન્ટરનેટ પર એક વધુ નવા ટ્રેન્ડની શરૂઆત થઈ રહી છે અને આ છે ઓનલાઈન ડાઈટ પ્લાન્સની અને અલગ અલગ પ્રકારના ડિટોક્સીફિકેશન અને વેટ કટર ડ્રિન્ક્સ. આવુ નથી કે આ પ્રકારના ડાઈટ પ્લાન બિલકુલ અયોગ્ય છે. અથવા તો તેમાં કેટલાક પ્રકારની ખામી છે પરંતુ સમજી લેવાની બાબત એ છે કે સામાન્ય લોકોને લઈને બનાવવામાં આવ્યા છે. આવી સ્થિતીમાં કોઈ એક માટે શુ યોગ્ય છે અને શુ નહી તે બાબત કઈ રીતે નક્કી કરી શકાય છે. દરેક શરીરના એક અલગ બાયો કેમિકલ એનાલેસિસ અલગ હોય છે. જેમ કે કોઈનામાં એસિડ વધારે બને છે. આવી સ્થિતીમાં જો તે લિંબુ પાણીને ડાઈટમાં સામેલ કરી લે તો સમજી શકાય છે કે તેના શરીરમાં શુ થશે. દરેક ચીજ દરેક વ્યક્તિને સુટ કરતી નથી. લગ્નની સિઝન એટલે કે મૌજ મસ્તી અને ખુશીની લહેર. આ તમામની વચ્ચે કદાચ નવવધુનુ સપનુ એ હોય છે કે તે પોતાના આ ખાસ દિવસે દુનિયાની સૌથી ખુબસુરત વધુતરીકે દેખાય. આ પ્રયાસમાં રંગ રૂપ નિખારવા માટે કવાયત છેલ્લા કેટલાક મહિનાથી શરૂ કરી દેવામાં આવે છે. ફેસપેક લગાવવાની શરૂઆત કરી દેવામાં આવે છે. આવી સ્થિતીમાં ખુબસુરત દેખાવવા માટે બ્યુટી સલુનની પણ ઓછી ચાંદી થતી નથી. પરંતુ આને સામાજિક દબાણ કહો કે પછી પોતાને વધુ સારી રીતે રજૂ કરવાની કવાયત હોય. તાજેતરના સમયમાં સ્લિમિંગ સેન્ટર્સમાં યુવતિઓની સંખ્યામા ઝડપથી વધારો થઈ રહ્યો છે. વેડિંગ સિઝનમાં એવી યુવતિઓ જેમના લગ્ન થઈ રહ્યા છે અથવા તો બે ત્રણ મહિનામાં થનાર છે તેમની સંખ્યા ૩૦થી ૫૦ ટકા સુધી વધી જાય છે. ફિટનેસની દ્રષ્ટિએ આ વાત કેટલી સારી છે તે બાબત તો પછીની છે. આ પ્રકારની ક્રેશ ડાઈટિંગના કારણે કેટલીક વખત આરોગ્ય સાથે સંબંધિત સમસ્યા પણ આવી જાય છે. જેના કારમે શરીરમાં કેટલીક તકલીફ ઉભરી આવે છે. જેમાં હિમોગ્લોબિન ઘટવાની બાબત, વાળ ખરી પડવાની બાબત અને એનિમિયાની તકલીફનો સમાવેશ થાય છે. માત્ર એક દિવસ માટે વજન ઘટાડી દેવા માટેનુ લક્ષ્ય કઈ રીતે હોઈ શકે છે. ફિટનેસ તો જીવનભર ચાલનાર સાથી તરીકે છે. ખાસ બાબત એ પણ છે કે માત્ર યુવતિઓ જ આ પ્રકારના ટાર્ગેટ પોતાના પર લે છે. યુવકોને સમાજે કદાચ આ પ્રકારના પ્રેશર રાખવાથી મુક્તિ આપીછે. પાતળી થવા માટે યુવતિઓ એવા એવા પ્રકારના પ્રયોગ કરે છે કે કેટલીક વખત તો આરોગ્યની તકલીફ ઉભી થઈ જાય છે. પાતળી દેખાવવા માટેની હોડ કેટલીક વખત યુવતિઓને એવા પ્લાન બનાવવા તરફ દોરી જાય છે જેના કારણે મોટી સમસ્યાને આમંત્રણ મળી જાય છે. તાજેતરમાં કરવામાં આવેલા રસપ્રદ અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્વસ્થ અને ફિટ રહેવા માટે આઉટડોર કસરતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. આઉટડોર કસરત માનસિક અને શારરિક સ્વસ્થતા વધારે છે. પેનિસુલા કોલેજ ઓફ મેડિસીન એન્ડ ડેનટિસ્ટ્રે (બ્રિટન) અને યુરોપિયન સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એન્ડ હ્યુમન હેલ્થના સંશોધકોએ વ્યાપક અભ્યાસ બાદ નવા તારણો આપ્યા છે. આઉટડોર અને ઈન્ડોર કરસતની અસર અંગે કરવામાં આવેલા એક અભ્યાસમાં કેટલીક રસપ્રદ બાબતો જાણવા મળી હતી. ૮૩૩ પુખ્તવયના લોકોને આવરી લઈને આ અભ્યાસ કરવામાં આવ્યા બાદ સંશોધકો નવા તારણો પર પહોંચ્યા હતા. આ અભ્યાસમાં ભાગ લેનાર લોકો પૈકી જે લોકો આઉટડોર એક્ટિવિટિ સાથે સંકળાયેલા હતા તે લોકો વધારે સંતુષ્ટ અને ખુશ નજરે પડ્યા હતા. પેનિસુલા કોલેજ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આઉટડોર કસરત વધારે લાભ આપે છે. આઉટડોર એક્ટિવિટિ વધારે સારી ભાવના અને સતોષ સાથે જોડાયેલી છે. આનાથી શરીરમાં એનર્જી વધે છે. ટેન્શન દુર થાય છે.

# ફિટ રહેશો તો જ તમામ બાજી જીતશો

પોતાની વ્યસ્ત લાઈફ અને જીવનશેલીને દોષ આપીને કેટલાક લોકો કહે છે કે જીવનમાં ભાગદોડ ખુબ છે જેથી ફિટનેસને લઈને સમય નથી. હકીકતમાં આ પ્રકારની દલીલ બિલકુલ યોગ્ય નથી. વિતેલા વર્ષોના મોડલ અને ખુબસુરત અભિનેતા મિલિન્દ સોમને કહ્યુ છે કે આ પ્રકારના લોકો અંગે તે માને છે કે તેઓ હકીકતમાં કોઈ દોડભાગ કરતા નથી. જો દોડભાગ કરતા હોય તો આટલી બૈચેની જોવા ન મળે. સોમને કહ્યુ છે કે તેઓ ફિઝિકલ રીતે દોડવાની વાત કરી રહ્યા છે. તેમનુ કહેવુ છે કે લોકો એક જગ્યાએ બેઠા બેઠા દિમાગી ઘોડા દોડાવતા રહ્યા છે અને આજે ભાગદોડની લાઈફમાં પણ આવા જ દિમાગી ઘોડા દોડાવતા રહે છે. આ પ્રકારના લોકો જુદી જુદી પ્રકારની બિમારીઓને લઈને ફરિયાદ કરતા રહે છે. તેમનુ માનવુ છે કે આવુ કરનાર લોકો વાસ્તવમાં મોટા ભ્રમમાં રહે છે. તેમનુ માનવુ છે કે ફિટનેસ લાઈફમાં સૌથી ઉપયોગી બાબત છે. આ પ્રકારના લોકોને લાગે છે કે તેઓ દોડી રહ્યા છે પરંતુ હકીકતમાં આપ્રકારના લોકો એક જગ્યાએ બેઠેલા હોય છે. ફિટનેસની પરિભાષા શુ છે શુ તમે મેરાથોન દોડવા અને જુમ્બા ડાન્સ કરવા માટે ફિટ રહેવા માંગો છો. અથવા તો દરરોજની પ્રવૃતિ સરળતાથી થઈ શકે તે માટે ફિટ રહેવા માંગો છો. તમામ લોકો માટે ટ્રેનિંગ અલગ પ્રકારની છે. સોમને કહ્યુ છે કે તેમના માટે સ્વસ્થ અને પિટ રહેવાની બાબત અલગ છે. ફિટ રહેવાની બાબતમાં એક ફિટ બાબત રહે છે. તેમનુ કહેવુ છે કે ફિટ રહેવાની સ્થિતીમાં જ તમામ બાજી લાઈફની જીતી શકાય છે. મિલિન્દ સોમન મોડલ અને અભિનેતા તરીકે લોકપ્રિય છે. છેલ્લા એક દશકમાં સોમને મેરાથોન રનર, ટ્રાયથલિટ અને ઓલરાઉન્ડ ફિટનેસ એમ્બેસેડર તરીકે પોતાની છાપ ઉભી કરી છે. તેમનુ કહેવુ છે કે તે ૧૯૯૮ બાદથી જીમમાં ગયા હતા. તેઓ માત્ર પુશ અપ અને પુલ અપ કરે છે. સાથે સાથે થોડાક સમય માટે દોડ લગાવે છે. તેમનુ કહેવુ છે કે તેઓ અંતિમ શ્વાસ સુધી દોડતા રહેવાની ઈચ્છા રાખે છે. કારણ કે તેમને લાગે છે કે ફિટનેસ માટે તે સૌથી સરળ અને સુલભ માધ્યમ તરીકે છે. જેના પર કોઈ પણ વિશ્વાસ કરી શકે છે. સ્વસ્થ અને ફિટ રહેવાની બાબત એટલા માટે જરૂરી છે કે તેના વિના તમામ લક્ષ્યને હાંસલ કરી શકાય નહી. દિમાગ જો યોગ્ય રીતે કામ કરશે નહીં તો પણ લક્ષ્ય પુર્ણ થશે નહીં. સાથે સાથે શરીર સાથ આપશે નહીં તો પણ લક્ષ્ય પૂર્ણ થશે નહી. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈવાનનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે.

# ગુરુ જો હો પૂર્ણિમા તો શિષ્ય અષાઢ છે

**દિલીપ વી ઘાસવાળા**

ગુરુ પૂર્ણિમા આષાઢમાં જ કેમ આવે છે? શરદ પૂર્ણિમાના દિવસે કેમ નહિ? ખરેખર તો શરદ પૂર્ણિમા એ ચાંદ સોળ કળાએ ખીલ્યો હોય જ્યારે અષાઢી પુર્ણિમા એ તો અંધકાર હોય છે, વાદળો ઘેરાયા હોય છે.

આકાશ કાળુ ડીબાંગ હોય છે. તો આનો જવાબ ઓશો કૃત ''ધ બુક ઓફ વિઝડમ'' માં સુપેરે મળે છે. ગુરુ પૂર્ણિમા જેવી તેજસ્વી છે. જ્યારે શિષ્ય અષાઢના વાદળો જેવો છે. શરદ પૂર્ણિમા એ આકાશ ખાલી હોય છે. કોઈ વાદળો નથી હોતા. એટલે કે શરદ શિષ્ય વિનાનો ભાસે છે.

એકલો હોય છે. જ્યારે અષાઢની પૂર્ણિમાએ ચાદ વાદળોથી ઘેરાયેલો હોય છે. અર્થાત શિષ્યોથી ગુરુ ઘેરાયેલો હોય છે. શિષ્ય જન્મોજનમનું તમસ લઈને આવે છે. અને ગુરુનુ તેજ આ અજ્ઞાનરૂપી તમસને દુર કરે છે. શિષ્યોના અજ્ઞાનરૂપી વાદળો ને ચીરીને ચાંદનીનો જ્ઞાન પ્રકાશ હૃદયમાં પહોંચાડવાનો હોય છે.એટલે ચાંદને જ આપણે ગુરુ માન્યો છે. સૂર્યને કેમ ગુરુ નથી માનતા આપણે? એનામાં તો કેટલો બધો તેજ પુંજ ભરેલો છે. ચાંદ પાસે તો રોશની જ નથી. એતો સૂર્ય પાસેથી ઉધારમાં મેળવે છે તે છતાં એને પરમાત્મા પાસેથી પ્રાપ્ત કરેલું હોય છે.

એ જે આપે છે એ પરમાત્માએ આપેલું શિષ્યને આપે છે. એટલે ગુરુ જ્ઞાનનું દર્પણ પણ કહેવાય છે.

તમે સૂર્યની સામે સીધા ન જોઈ શકો. જોવા જાવતો અંધકાર જ છવાઈ જશે આંખોમાં પરમાત્માની સામે સીધા ન જોઈ શકાય. એમનું તેજ તમારાથી નહિ જીરવાશે. એટલે સૂર્યને ગુરુ ન માની શકાય. ગુરુ એક દર્પણ છે. સુરજની રોશની પકડીને તમને આપે છે. આ લેણદેણમાં રોશનીની તીવ્રતા ઓછી થાય છે અને

શીતળતા મળે છે. એટલે જ કબીરે પણ કહ્યું છે

કે ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગે પાય.? પણ કબીરે પહેલા ગુરુના જ પગ પકડયા. કારણકે બલિહારી ગુરુની છે કે જેમણે પરમાત્માનો પ્રકાશ

હિન્દુ સંસ્કૃતિમાં ગુરુ અથવા શિક્ષકને હંમેશા ભગવાન સમાન માનવામાં આવે છે. ગુરુ પૂર્ણિમા અથવા વ્યાસ પૂર્ણિમા એ આપણા ગુરુઓને ઉજવવાનો અને કૃતજ્ઞતા આપવાનો દિવસ છે. આ સંસ્કૃત શબ્દનો શાબ્દિક અર્થ થાય છે જે આપણને અજ્ઞાનમાંથી મુક્ત કરે છે'. અષાઢ મહિનામાં આ પૂર્ણિમાના દિવસ હિંદુ ધર્મમાં વર્ષના સૌથી શુભદિવસોમાંનો એક છે. તે વેદ વ્યાસના જન્મદિવસની પણ ઉજવણી કરે છે, જેમને પુરાણો, મહાભારત અને વેદ જેવા તમામ સમયના કેટલાક સૌથી મહત્વપૂર્ણ હિંદુ ગ્રંથોના લેખક તરીકે શ્રેય આપવામાં આવે છે.

ગુરુ પૂર્ણિમા વેદ વ્યાસનું સન્માન કરે છે, જેઓ પ્રાચીન ભારતના સૌથી સન્માનિત ગુરુઓમાંના એક તરીકે જાણીતા છે. વરિષ્ઠ આયુર્વેદિક સલાહકાર ડૉ. વિશાખા મહિન્દુ કહે છે, "વેદ વ્યાસે, ચાર વેદોની રચના કરી, મહાભારતના મહાકાવ્યની રચના કરી, ઘણા પુરાણો અને હિંદુ પવિત્ર શાસ્ત્રના વિશાળ જ્ઞાનકોશનો પાયો બનાવ્યો. ગુરુ પૂર્ણિમા એ તારીખનું પ્રતિનિધિત્વ કરે છે.

ગુરુ પૂર્ણિમા આપણા શિક્ષકોનું સન્માન કરવા માટે ઉજવવામાં આવે છે, જેઓ આપણા મનમાંથી અંધકાર દૂર કરે છે. તેઓ પ્રાચીન સમયથી તેમના અનુયાયીઓના જીવનમાં વિશેષ સ્થાન ધરાવે છે. હિંદુ ધર્મના તમામ પવિત્ર પુસ્તકો ગુરુઓનું મહત્વ અને ગુરુ અને તેના શિષ્ય (શિષ્ય) વચ્ચેના અસાધારણ બંધનને દર્શાવે છે. એક જૂની સંસ્કૃત વાક્ય 'માતા પિતાહ ગુરુ દૈવમ' કહે છે કે પ્રથમ સ્થાન માતા માટે, બીજુ પિતા માટે, ત્રીજું ગુરુ માટે અને આગળ ભગવાન માટે આરક્ષિત છે. આમ, હિંદુ પરંપરામાં શિક્ષકોને ભગવાન કરતાં પણ ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે.

ગુરુ પૂર્ણિમા સામાન્ય રીતે આપણા ગુરુઓ જેવા દેવતાઓની પૂજા અને કૃતજ્ઞતા વ્યક્ત કરીને ઉજવવામાં આવે છે. મઠો અને આશ્રમોમાં, શિષ્યો તેમના શિક્ષકોના માનમાં પ્રાર્થના કરે છે. ડો.વિશાખા ગુરુ પૂર્ણિમાના પૂર્ણિમાના દિવસે શું કરવું તે સૂચવે છે, "આ દિવસે, વ્યક્તિએ ગુરુના સિદ્ધાંત અને ઉપદેશોને અનુસરવા અને તેને અમલમાં મુકવા માટે પોતાને યોગ્ય સમજવા.

૧. શિક્ષક-શિષ્ય સંબંધનો મહિમાઃ

ગુરુ પૂર્ણિમા એ દિવસ છે, જ્યારે શિષ્ય પોતાના શિક્ષક, માર્ગદર્શક, અને માર્ગ દર્શાવનાર ગુરુનો આભાર માને છે. શૈક્ષણિક જીવનમાં શિક્ષક માત્ર વિષય નહીં, પરંતુ જીવન જીવવાની દિશા પણ શીખવે છે.

૨. સંસ્કૃતિ અને મૂલ્યશિક્ષણનું સંચાલનઃ

આ દિવસ વિદ્યાર્થીઓમાં ગુરુના પ્રતિ શ્રદ્ધા, વિનમ્રતા અને કરૂણાની ભાવના જાગૃત કરે છે. આના માધ્યમથી વિદ્યાર્થીઓ શીખે છે કે શીખવનારને ક્યારેય ભૂલવો નહીં, અને આજે પણ ''ગુરુ'' કી સ્તુતિ એ શિક્ષણ વ્યવસ્થાનું હૃદય છે.

૩. આત્મવિશ્લેષણ અને આત્મસાધનાઃ

વિદ્યાર્થીઓ માટે આ દિવસ માત્ર ઉજવણીનો નહીં, પણ આત્મમંથનનો પણ છે. તેઓ વિચાર કરે કે શૈક્ષણિક જીવનમાં તેઓ કઈ દિશામાં છે અને ગુરુની કૃપાથી કેવી પ્રગતિ કરી શકે.

૪. શીખવાની શાશ્વતતાઃ

ગુરુ પૂર્ણિમા એ યાદ અપાવે છે કે શીખવું કોઈ ઉંમરનું બંધન નથી. શિક્ષક પોતે પણ ગુરુના શિષ્ય છે. આ એક જીવનભર ચાલતો સંવાદ છે.

૫. આધુનિક સંદર્ભમાં શિક્ષકનું રોલઃ

આજના સમયમાં ગુરુ માત્ર પાઠપુસ્તક પૂરતા નહીં, પણ વિદ્યાર્થીના કૌશલ્ય, ભાવનાઓ, તણાવ નિવારણ અને નૈતિકતાનું નિર્માણ પણ કરે છે. ગુરુ પૂર્ણિમા એ શિક્ષકની આ નવી ભૂમિકાને માન્યતા આપવા માટે શ્રેષ્ઠ અવસર છે.

**શબ્દ કુંજન લેખ**

## તંત્રી લેખ...

ગુરૂવાર, તા.૧૦ જુલાઈ ૨૦૨૫

# ટ્રમ્પ સાથે છેડો ફાડીને નવો પક્ષ રચતા મસ્ક

વિશ્વના દરેક ખૂણે નાણાંની સાથે સત્તાની મહેચ્છાના કિસ્સા સામે આવતા રહે છે. અબજપતિઓ તેમના આર્થિક જોરે કિંગમેકર બનીને સરકારને પોતાના પ્રભાવ તળે રાખવાની કોઈ તક જતી કરતા નથી. અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ચૂંટણીમાં તેમની પડખે રહેલા તેમના ખાસ મિત્ર એલન મસ્કે આ મિત્રતાનો અંત આણીને પોતાના આગવા રાજકીય પક્ષની રચનાની જાહેરાત કરીને પોતે હવે ફરીવાર કિંગમેકર બનવા માગતા હોવાની સ્પષ્ટ પ્રતીતિ દુનિયાને કરાવી આપી છે. પોતાના મિત્ર ડોનાલ્ડ ટ્રમ્પનાં વર્તન અને નિર્ણયોથી નારાજ મસ્કે રાજકારણમાં ઝંપલાવ્યું છે. તેમણે અમેરિકા પાર્ટીની રચનાની જાહેરાત કરી છે. પોતે અમેરિકામાં બે રાજકીય પક્ષનાં ચલણનો અંત આણીને લોકોના અવાજને મજબૂતી આપવા માગતા હોવાની જાહેરાત તેમણે કરી છે. આમ મસ્કે અમેરિકાનાં રાજકારણમાં સીધું પદાર્પણ કર્યું છે. આમ તો અગાઉ તેમણે ટ્રમ્પના રાષ્ટ્રપતિપદના પ્રચારની ધૂરા સંભાળી હતી. મસ્કે આ પ્રચારમાં પોતાના સોશિયલ મીડિયાના વિખ્યાત માધ્યમો સહિત સાધનો અને નાણાંનો ભરપૂર ઉપયોગ કરીને ટ્રમ્પને જીતાડવામાં આકાશ-પાતાળ એક કરી દીધા હતા. રાષ્ટ્રપતિ બન્યા બાદ ટ્રમ્પે વળતી ભેટરૂપે મસ્કને સરકારી કામગીરીને સુધારવાના ચાવીરૂપ વિભાગની જવાબદારી સોંપી હતી. પણ ટ્રમ્પની સરકારને પોતાની રીતે ચલાવવા ઈચ્છતા મસ્ક તેમના નિર્ણયોની સામે બહુ જલ્દીથી નારાજ થવા લાગ્યા હતા. મસ્ક સારા વેપારી છે, પણ તેઓ સારા રાજકારણી નથી, એટલે ટ્રમ્પના નિર્ણયોને રાજકીય પરિપેક્ષમાં તેઓ સમજી શક્યા ન હતા. ભારે મહત્ત્વાકાંક્ષી એવા બીગ બ્યૂટીફૂલ બિલ પર ટ્રમ્પને ભારે અપેક્ષા અને ઉત્સાહ છે, પણ મસ્કતે સમજી શક્યા નહીં અને તેની ટીકા કરવા લાગ્યા, પરિણામે તેઓ સરકારથી બહાર થઈ ગયા. હવે મસ્કે નવો પક્ષ રચીને અમેરિકાનાં રાજકારણમાં નવો વિકલ્પ આપવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે, પણ મસ્ક બરાબર સમજે છે કે, અમેરિકાનાં બંધારણની જોગવાઈ મુજબ તેઓ રાષ્ટ્રપતિપદ સંભાળી શકે તેમ નથી. આ માટે અમેરિકામાં જન્મેલી વ્યક્તિ જ સર્વોચ્ચ પદ માટે ચૂંટણી લડી શકે એવી જોગવાઈ હોવાથી દક્ષિણ આફ્રિકામાં જન્મેલા હોવાને લીધે મસ્ક આ ચૂંટણી લડી શકે તેમ નથી. જો કે, તેઓ પોતાના કોઈ નિકટના સાથી કે પરિવારજનને આ ચૂંટણી લડાવી શકે છે. આ ખટરાગ જેમ-જેમ વધી રહ્યો છે, તેમ-તેમ ટ્રમ્પ અને મસ્ક બંનેને તેનાથી નુકસાન જશે એ વાત નક્કી છે. અમેરિકા સરકારના અબજો ડોલરના કોન્ટ્રાક્ટ મસ્કના હાથમાંથી સરી જાય તેમ છે, તો મસ્ક ટ્રમ્પની સામે ગંભીર સવાલો ખડા કરવામાં પોતાના સોશિયલ મીડિયાના પ્લેટફોર્મનો ઉપયોગ કરે એવી પૂરી શક્યતા છે, પણ આ બંનેની પ્રકૃતિને જોતા આવનારા સમયમાં કદાચ સમાધાન કરીને ફરી મિત્રતાના હાથ મીલાવાય એવી પણ શક્યતાને નકારી શકાય નહીં. આમ થાય તો પણ આ મિત્રતા અને દુશ્મનાવટ કેટલા ટકાઉ રહેશે, તે કોઈ કહી શકે તેમ નથી.

# ગુજરાતની પુલ દુર્ઘટના ; બોધપાઠની વાતો હવામાં

મોરબીનો ઝૂલતો પુલ તૂટી પડવાની ગોઝારી ઘટનાનાં પોણા ત્રણ વર્ષે ગુજરાતને આવી વધુ એક દુર્ઘટનાનું કલંક લાગ્યું છે. મધ્ય ગુજરાત-સૌરાષ્ટ્ર વચ્ચે મુખ્ય કડીરૂપ ગંભીરા પુલનો વચલો હિસ્સો બુધવારે સવારે ધરાશાયી થતાં નવ જણનાં મોત નીપજ્યાં છે અને ૧૦થી વધુ ઈજાગ્રસ્ત થયા છે. વડોદરાના પાદરા અને જંબુસર વચ્ચે મહિસાગર નદી પરનો બ્રિજ જર્જરિત હતો છતાં વાહન વ્યવહાર માટે બંધ કરવાની તંત્ર દ્વારા પરવા ન થતાં અનેક જિંદગી છીનવાઈ ગઈ છે, સવારે વાહનવ્યવહાર ચાલુ હતો ને પુલના વચ્ચેના ભાગ સાથે સાતેક વાહન નદીમાં ખાબક્યાં. ગુજરાત સરકારે દુર્ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આઘાત અને દુ:ખ વ્યક્ત કર્યું છે. મૃતકોના પરિવારોને રૂા. ચાર લાખ અને ઘાયલોને ૫૦ હજાર વળતર જાહેર કરવામાં આવ્યું છે. આવા બનાવ વખતે સવાલો ઊઠે એ સ્વાભાવિક છે. મોરબીના બનાવ પછી જર્જરિત પુલોની સમીક્ષા કરીને તેને સલામત બનાવવાનાં વચનો અપાયાં હતાં એ મુજબ ગંભીરા પુલ નવો બનાવવાની વાત હતી, તો પછી આટલો વિલંબ શા માટે ? વિરોધ પક્ષ કોંગ્રેસ અને આપ પાસે સરકારને ભીસમાં લેવાનું હથિયાર આવી ગયું છે. કોંગ્રેસે તો મુખ્યમંત્રીના રાજીનામાની માંગ કરી છે. નિ:સંદેહ સરકારની જવાબદેહિતા બને છે. માર્ગ અને મકાન વિભાગ અબજો રૂપિયાનું નિયમન કરે છે અને તેની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો રોજિંદા છે. કમનસીબીની વાત એ પણ છે કે, જાહેર ઉપયોગના માર્ગો, પુલના રખરખાવ માટેની યંત્રણા હોવા છતાં કામગીરી કેમ દેખાતી નથી હોતી ! આવા મોટા પુલનું આયુષ્ય ૮૦થી ૧૦૦ વર્ષનું મનાતું હોય છે, તો અડધી સદીએ પણ ન પહોંચેલો પુલ જર્જરિત કેમ બની ગયો ? આમાં જે-તે સમયે થયેલાં કામોની ગુણવત્તા અને મેઈન્ટેનન્સની કામગીરીની ગુણવત્તા પણ શંકાના દાયરામાં આવે એ સ્વાભાવિક છે. એક પ્રશ્ન એ પણ ઉઠાવવામાં આવી રહ્યો છે કે, જર્જરિત પુલોના ઈન્સપેક્શન પછીના અહેવાલમાં શું ભલામણ કરવામાં આવી હતી ? તેનો અમલ કેટલો થયો ? આ લખાય છે, ત્યારે ગંભીરા દુર્ઘટના પર રાજકારણ ગરમાયું છે. પૂર્વ ઈજનેરોનો સ્પષ્ટ મત છે કે, મહત્ત્વના રિપોર્ટ ઓનલાઈન ઉપલબ્ધ બતાવીને સરકારે પારદર્શક વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. આમ થશે તો ફરજમાં કથિત બેદરકારી અને ભ્રષ્ટાચાર પર રોક લાગવી શક્ય બનશે. દુર્ઘટના સર્જાવી કોઈના હાથની વાત નથી હોતી, પરંતુ તેની સભાવના ઈંગિત થઈ ગયા પછી એ નિવારી લેવી જોઈએ. ગંભીરા પુલ તૂટવાના બનાવનો બોધપાઠ એ જ હશે કે, ગુજરાતમાં જ્યાં-જ્યાં આવા નબળા પુલ, ઈમારતો, હોસ્પિટલો, રસ્તા છે તેની મજબુતાઈ ચકાસવાની દરકાર લેવાય. આખરે આ લોકોના વિશ્વાસનો સવાલ છે. વિના કારણે અણધારી આફત વચ્ચે અને હસતા-રમતા પરિવાર પર આભ તૂટી પડે એની પીડા અસહ્ય હોય છે. તંત્રે સંવેદનશીલતા સાથે આ વાત સમજવી રહી. સરકારે આ બનાવની તપાસ ઝડપી અને કોઈની શેહશરમ રાખ્યા વિના થાય તથા જવાબદારોને આકરી સજા મળે, એ સુનિશ્ચિત કરવું જોઈએ.

### ઈલેક્ટ્રોનિક ઉપકરણોને કારણે આપણે આપણી રોજિંદી જિંદગીને જેટલી સરળ બનાવી છે

# ભારતમાંસૌથી વધુ ઈ-કચરો મુંબઈમાં

### આને કારણે કૅન્સર થવાની શક્યતા પણ રહેલી છે, એવું તારણ નિષ્ણાતો દ્વારા તારવવામાં આવ્યું હતું.

કાળા માથાના માનવીએ પોતાના પ્રયાસો અને મહેનતથી ઘણું બધું હાંસલ કર્યું છે અને મેળવ્યું છે એમાં શંકાને કોઈ જ સ્થાન નથી, પણ આમાં ઘણી વખત એવો ભ્રમ થઈ જાય છે કે તેણે ઈશ્ર્વરને મ્હાત આપી દીધી છે. પણ આ બધા વચ્ચે એક સચ્ચાઈ એ છે કે માણસે ભલે તેના પ્રયાસો અને ઉત્સુકતા, કલ્પના શક્તિને કારણે જેટલું મેળવ્યું છે એનાથી અનેક ગણું તે ગુમાવી રહ્યો છે. સાવ સીધી અને સરળ ભાષામાં કહેવાનું થાય તો આપણે કુદરતના તમામ જોખમોને જેટલા ઘટાડ્યા છે, એના કરતાં અનેક ગણા જોખમો વહોરી લીધા છે. એક રીતે ઈલેક્ટ્રોનિક ઉપકરણોએ આપણી દુનિયાને ધરમૂળથી બદલી નાખી છે, એટલું જ નહીં આ ઉપકરણોને કારણે આપણી જિંદગી મનોરંજનથી ભરપૂર અને ઝડપી થઈ ગઈ છે. જોકે હવે જોવાની વાત તો એ છે કે આપણી વ્યસ્તતાના મૂળમાં પણ ઈલેક્ટ્રોનિક ઉપકરણો જ છે. આ બધા વચ્ચે આશ્ર્ચર્યની વાત તો એ છે કે ઈલેક્ટ્રોનિક ઉપકરણોને કારણે આપણે આપણી રોજિંદી જિંદગીને જેટલી સરળ બનાવી છે એટલું જ મોટું જોખમ આપણે આપણી જાત અને સમગ્ર સમાજ માટે ઊભું કર્યું છે. ઈલેક્ટ્રોનિક ઉપકરણોએ આપણી પ્રગતિ અને વિકાસને પંખ જ નથી લગાવ્યા બલકે આપણી વિચારવાની અને સમજવાની શક્તિને પણ બદલી નાખી છે. પરંતુ આ જ ઈલેક્ટ્રોનિક ઉપકરણો હવે ઈ-કચરો બનીને આપણા માટે જોખમ બની રહ્યાં છે. ઈ કચરો એક એવું જોખમ છે, જે આજથી દસ વર્ષ પહેલાં તો જરાય નહોતો દેખાતો પણ, છેલ્લાં પાંચ વર્ષ પહેલાં આ ઈ-કચરો દેખાવાની શરૂઆત થઈ અને આજે તેની ભયાનકતા જોઈને શરીરમાંથી ભયનું એક લખલખું પસાર થઈ જાય છે. જો ટૂંક સમયમાં જ આ ઈ-કચરા પર કાબૂ નહીં મેળવવામાં આવે તો એ દિવસ દૂર નથી કે આ ઈ-કચરો જ તમારી જિંદગીને કચરો બનાવી દેશે. આધુનિકતા અને વિજ્ઞાનનો ફાયદો તો બધા જ લોકો ઉઠાવવા માગે છે, પણ એના વપરાશ પ્રત્યે એટલી જવાબદારી અને શિસ્ત હોવી આવશ્યક છે. કદાચ આ જ કારણ છે કે આપણા કરતાં વધુ ઈ-કચરો પેદા કરનારા યુરોપ અને અમેરિકા જેવા દેશો તો હજી સુરક્ષિત છે, કે પછી સુરક્ષિત રહી શકશે, પણ આપણે ત્યાં ઈ-કચરા અંગે નાગરિકોમાં અસંવેદનશીલતા અને લાપરવાહી જોવા મળી રહી છે. આ લાપરવાહી આપણને ક્યાંયના નહીં રહેવા દે. આ લાપરવાહી, અસંવેદનશીલતા અને સમાજ પ્રત્યેની આપણી ઉદાસીનતા આપણને ઈ-કચરાના એવા દલદલમાં ફેંકી દેશે જેમાંથી બહાર નીકળવાનું અઘરું થઈ પડશે. એટલું નહીં આ ઈ કચરો આપણા આરોગ્ય અને સુરક્ષિત ભવિષ્ય સામે કેટલાય સવાલો ઉપસ્થિત કરશે. ભારતમાં સૌથી વધુ કચરો મુંબઈમાંથી ઉત્પન્ન થાય છે અને આખા વર્ષ દરમિયાન એકલા મુંબઈમાંથી લગભગ ૪.૫ લાખ ટન ઈ-કચરો એકઠો થાય છે અને ત્યાર બાદ વારો આવે છે દેશની રાજધાની દિલ્હીનો. ૨૦૧૬-૧૭માં દિલ્હીમાં ઈ-કચરાનું પ્રમાણ ૮ લાખ ટન જેટલું હતું અને નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આવનારા સમયમાં કદાચ આ પ્રમાણ વર્ષના પાંચ લાખ ટન જેટલું થઈ જવાની શક્યતા છે. જો ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કરનારાઓ જો ઈ-કચરાના નિકાલ વિશે અત્યારથી નહીં વિચારે તો દિલ્હીને ઈ-કચરાની બહુ મોટી કિંમત ચૂકવવી પડશે. ઉલ્લેખનીય છે કે પહેલી મે, ૨૦૧૨થી રાજધાની દિલ્હીમાં ઈ-કચરા અધિનિયમ ૨૦૧૧ લાગુ કરવામાં આવ્યો છે પણ એ જ દિલ્હીના ૯૬ ટકા લોકોનો મોબાઈલ ફોન, જૂના મોનિટર, કમ્પ્યુટર, લૅપટોપ એ માત્ર તેમના જ નહીં પણ તેમની આસપાસના લોકો માટે પણ જોખમી છે એની જાણ જ નથી. દિલ્હી જ નહીં પૂરા દેશમાં લાગુ કરવામાં આવેલા આ અધિનિયમ બાદ ઈ-કચકાનો નિકાલ હવે ઈલેક્ટ્રોનિક ઉત્પાદકની જવાબદારી બની જશે. અત્યાર સુધી ઈલેક્ટ્રોનિક કચરાનો સુરક્ષિત નિકાલ કરવાની જવાબદારીમાંથી ઉત્પાદકો હાથ પાછા ખેંચી લેતા હતા, જેને કારણે રાજધાની દિલ્હીના કેટલાક ખાસ વિસ્તારમાં ઈ-કચરો એકઠો થતો હતો અને અયોગ્ય રીતે તેનો નિકાલ કરવામાં આવતો હતો. દેશના પાટનગરમાં લગભગ૩૫,૦૦૦ લોકો આ રીતે ઈ-કચરો એકઠો કરે છે. ભારતના દરેક શહેર ઈ-કચરો પેદા કરે છે, પણ દિલ્હી આ બાબતે અન્ય શહેરો કરતાં વધુ અસુરક્ષિત છે, કારણ કે અહીં બીજા શહેરોનો ઈ-કચરો પણ આવે છે. આ રીતે દિલ્હીવાસીઓ પોતાના ઈ-કચરાને કારણે મુશ્કેલીનો સામનો કરી જ રહ્યા છે, પણ તેની સાથે સાથે બીજા શહેરોના ઈ-કચરાનો બોજો પણ ઉઠાવવો પડે છે. ઈ-કચરામાંથી ઝેરી તત્ત્વો નીકળે છે જેવા કે પારો, કેડિયમ, સિલિકોન, ઝિંક, કૉપર, ક્રૉમિયમ, સીસુ, નિકલ અને મૅગેનીઝનો સમાવેશ થાય છે. એટલે જ જૂના ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોનો અયોગ્ય રીતે નિકાલ કરવાને કારણે લોકોને ખૂબ જ નુકસાન પહોંચે છે. આને કારણે કૅન્સર થવાની શક્યતા પણ રહેલી છે,

એવું તારણ નિષ્ણાતો દ્વારા તારવવામાં આવ્યું હતું. દિલ્હીમાં સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વયારમેન્ટ્સ દ્વારા થોડાક સમય પહેલાં જ એ જગ્યાઓ પર જઈને અધ્યયન કરવામાં આવ્યું હતું જ્યાં જૂના ઈલેક્ટ્રોનિક ઉપકરણોને બાળવામાં આવતા હતા. આવા વિસ્તારની આસપાસની હવા અને જમીનમાં ઝેરી તત્ત્વો જોવા મળ્યા હતા. એટલું જ નહીં આવા વિસ્તારમાં કામ કરનારા લોકોને કૅન્સર થવાનું જોખમ વધુ હતું. ઈ-કચરામાંથી નીકળનારા ઝેરી તત્ત્વો લીવર અને કિડની પર તો વિપરીત અસર કરે જ છે પણ તેની સાથે સાથે ઘણી વખત લકવાની અસર માટે પણ કારણભૂત બને છે. ભંગારવાળા ઘરે ઘરે ફરીને આ ઈ-કરચો એકઠો કરે છે ત્યારે તેના માલિકોને આ ભંગારના બદલામાં અમુક રકમ ચૂકવે છે, પણ સરકારે ઈ-કચરા સંબંધિત બનાવેલા અધિનિયમમાં ઈ-કચરાના નિકાલની જવાબદારી તેના ઉત્પાદકો પર નાખી છે ત્યારે તેઓ આ કચરો લોકો પાસેથી ફીમાં લેવા માગે છે અને આ પાછળનું કારણ આપતા કંપનીઓ એવું જણાવે છે કે ઈ-કચરાના નિકાલમાં સારી એવી રકમ ખર્ચાઈ જાય છે. પરંતુ આ કંપનીઓ કદાચ એ ભૂલી જાય છે કે જો મોટી કંપની તરીકે તેમને નુકસાન થઈ શકે છે તો એ લોકોનું શું થતું હશે કે જેઓ ઈ-કચરો ખરીદે પણ છે અને તેના બદલામાં પૈસા પણ આપે છે. રૂ.૫૦૦૦ કરોડ કરતાં ઉપર પહોંચી ગયેલાં દિલ્હીના ઈ-કચરાનો કારોબાર કાયદો બની ગયા બાદ લોકો માટે સુરક્ષિત તો ત્યારે જ થશે કે જ્યારે લોકો જવાબદારીપૂર્વક વર્તશે અને ભવિષ્યની પેઢી પ્રત્યેની પોતાની જવાબદારીઓ પ્રત્યે સજાગ થશે, નહીં તો આપણી આ બેજવાબદારી અને લાપરવાહી આપણને નુકસાન પહોંચાડ્યા વિના નહીં રહે!

### દુનિયાભરમાં તેલ ભંડાર ખતમ થઇ રહ્યા છે, નવો વિકલ્પ તૈયાર

# ઈલેક્ટ્રિક વાહનોની માંગ વધવા લાગી

- ઇલેક્ટ્રિક વાહનો માટે બજાર વ્યાપક અને વિસ્તૃત છે : ટેકનિકલ પરિવર્તનથી ગતિ તીવ્ર : આવનાર સમય ઇલેક્ટ્રિક વાહનોનો છે

ભારતમાં હાલના સમયમાં લેવામાં આવી રહેલા પગલાઓના કારણે ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોની માંગમાં હવે તેજી આવી રહી છે. આવનાર સમયમાં ઈલેક્ટ્રિક વાહનોની માંગ અનેક ગતિ વધનાર છે. આવનાર સમય પણ ઈલેક્ટ્રિક વાહનોનો રહેલો છે. તે બાબતની નોંધ લઈને ભારતમાં પણ કંપનીઓ આગળ વધી રહી છે. વર્તમાન સ્તિતીમાં બેટરીની કિંમત ટુ વ્હીલર્સ વાહનની કુલ કિંમતના ૪૦ ટકાની આસપાસ છે. આવનાર પાંચ વર્ષમાં આ ઘટીને ૨૦ ટકા થઈ જવાના સંકેત દેખાઇ રહ્યા છે. જે ઈકો સિસ્ટમ માટે ખુબ સારા સંકેત તરીકે છે. સાથે સાથે પર્યાવરણની દ્રષ્ટિએ પણ આ કાર ઉપયોગી રહેનાર છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે દુનિયાભરમાં તેલ ભંડારો હવે ખતમ થઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય તાકાતો તેની કિંમતો પર સીધી અસર કરે છે. ભારતના આયાત બિલમાં સૌથી મોટો હિસ્સો તેલ આયાત છે. આનો ઉકેલ લાવવા માટે અને આયાતને ઘટાડી દેવા માટે ઈલેક્ટ્રિક વાહનોની સારા વિકલ્પ તરીકે છે. ઈલેક્ટ્રિક મોબિલિટી સીધા વિકલ્પ તરીકે છે. ઈલેક્ટ્રિક વાહનોના બજારમાં ઝડપથી વધારો થતા નવી આશા જાગી છે. ઈલેક્ટ્રિક વાહનો સાથે સંબંધિત માર્કેટ કદ ખુબ વધનાર છે. ટેકનિકલ પરિવર્તનના કારણે પણ સ્થિતીમાં



સુધારો થયો છે. ઈલેક્ટ્રિક વાહનોમાં ગ્રાહકોનો વિશ્વાસ સતત વધી રહ્યો છે. આ કહેવાની બાબત ખોટી નથી કે આવનાર સમય ઈલેક્ટ્રિક વાહનોનો છે. ભારતીય કંપનીઓ અને બજાર બંને તેને હાથો હાથ લેવા માટે તૈયાર છે. ભારતના બજારને રોચક ગણી શકાય છે. ભારતીય વસ્તીની સરેરાશ વય ૨૮ વર્ષની છે. સાથે સાથે આશરે ૬૪ ટકા વસ્તી ૪૦ વર્ષથી પણ ઓછી વયની છે. ભારતના શહેરીકરણની ગતિ પણ ખુબ ઝડપથી થઇ રહી છે. ગ્રામીણ ક્ષેત્રોને શહેરી માળખામાં સામેલ કરવા માટે શહેરોની મર્યાદાને ઝડપથી વધારી દેવામાં આવી રહી છે. રોજગાર અને વધારે સારી તક મળી શકે તે માટે ગ્રામીણ વિસ્તારોમાંથી લોકો મોટા પાયે શહેરોની તરફ આવી રહ્યા છે. વર્ષ ૧૯૫૫માં માત્ર પોણા બે કરોડ લોકો શહેરી વિસ્તારમાં રહેતા હતા. ૭૦ વર્ષ બાદ આ વસ્તી ૪૪ કરોડ સુધી પહોંચી ગઇ છે. અંદાજ તો એવો છે કે આવનાર પાંચ વર્ષમાં ૫૩ કરોડ લોકો શહેરી ક્ષેત્રોમાં રહેતા થઇ જશે. હાલની મંદીને બાજુમાં મુકીને જોઇએ તો ભારતીય અર્થવ્યવસ્થા દુનિયાની સૌથી ઝડપથી વધી રહેલી અર્થવ્યવસ્થા તરીકે છે. વધતી જતી અર્થવ્યવસ્થા લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં ભૂમિકા અદા કરી રહી છે. આનુ પરિણામ એ આવ્યુ છે કે દેશમાં મધ્યમ વર્ગનો વિકાસ સૌથી ઝડપથી થઇ રહ્યો છે. દેશમાં હાલના સમયમાં મધ્યમ વર્ગની વસ્તી આશરે ૩૮ કરોડ છે. અનુમાનની દ્રષ્ટિએ જોવામાં આવે તો વર્ષ ૨૦૩૦ સુધી દુનિયાભરની મધ્યમ વર્ગીય વસ્તી પૈકી બે તૃતિયાશ એશિયામાં રહેનાર છે. સાથે સાથે આશરે દુનિયાના આગામી ૧૦૦ કરોડ મધ્યમવર્ગીય લોકો પૈકી ૪૦ ટકા ભારતમાં રહેનાર છે. ગરીબી ઓછી થવાનો અર્થ એ છે કે લોકોની પાસે ખર્ચ કરવા માટે વધારે નાણા રહેનાર છે. એટલે કે માંગમાં વધારો થનાર છે. જેના કારણે પુરવઠા પર સીધી અસર થનાર છે. બીજી બાજુ ભારત દુનિયાના સૌથી વધારે પ્રદુષિત દેશ પૈકી એક છે. વૈશ્વિક એર ક્વાલિટી ઈન્ડેક્સમાં દુનિયાના ૩૦ સૌથી પ્રદુશિત શહેરોમાં ભારતના ૨૨ શહેર આવે છે. દેશના માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરી આને ધ્યાનમાં લઈને ઈલેક્ટ્રિક વાહનોને હવે વધારે પ્રોત્સાહન આપી રહ્યા છે. સરકારે ઈલેક્ટ્રિક વાહનો તરફ વધારે ધ્યાન આપ્યુ છે. ફેમ પોલીસીની રચના પણ આ દિશામાં કરવામાં આવી છે. ફેમ-૨ હેઠળ સરકારે ગ્રાહકોને ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી પર ૨૦ ટકા સબસિડી આપવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે પણ પહેલ કરી છે. ગ્રાહક સેવાના દરને ૧૨ ટકાથી ઘટાડીને પાચં ટકા કરી દેવામાં આવ્યો છે. તેલના ભંડારો ખતમ થઈ રહ્યા છે. ભારતના આયાત બિલ પણ વધારે છે. જેથી તેના પર અંકુશ મુકવા માટે પહેલ કરવામાં આવી રહી છે. ઈલેક્ટ્રિક વાહનોમાં સાધન પેટ્રોલ અને ડીઝલની ગાડીની તુલનામાં ઓછા હોય છે. દાખલા તરીકે એક સામાન્ય ટુ વ્હીલર્સમાં આશરે ૨૦૦૦ પાર્ટ હોય છે જ્યારે ઈલેક્ટ્રિક સ્કુટરમાં માત્ર ૨૦ ઉપકરણ હોય છે. જાળવણી કિંમત પણ ઘટી જાય છે. સાથે સાથે નવી નવી કંપનીઓ આ ક્ષેત્રમાં આવી રહી છે. ઈલેક્ટ્રિક વાહનોમાં ઉપયોગ કરવામાં આવતી લિથિયમ બેટરીની કિંમતો પણ ઘટી રહી છે. ઈલેક્ટ્રિક વાહનોમાં હાલમાં કિંમત પણ ઓછી છે. સાતમી ફેબ્રુઆરીના દિવસે ગ્રેટર નોઇડામાં ઓટો એક્સ્પોમાં નિતિન ગડકરીએ કહ્યુ હતુ કે આવનાર સમયમાં ભારત ઈલેક્ટ્રિક વાહનોના સૌથી મોટા માર્કેટ તરીકે ઉભરીને આવનાર છે.

### સારા મલ્ટીટાસ્કરના દિમાગના ગ્રે મૈટર ઓછા હોય છે કારણ કે...

# મલ્ટીટાસ્કિંગ પ્રક્રિયા નુકસાન કરે છે

- ક્રોનિક મીડિયા મલ્ટીટાસ્કરમાં મેમોરી ઓછી હોય છે : સંબંધો સાથે સંબંધિત સમસ્યા પણ ઉભી થઇ રહી હોવાના દાવા થઇ ચુક્યા છે

વર્તમાન સમયમાં મોટા ભાગના લોકો મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી વેળા મલ્ટીટાસ્કિંગ કરતા રહે છે. એટલે કે મોબાઈલ ફોનનો ઉપયોગ કેટલાક અન્ય કામની સાથે થતો રહે છે. આધુનિક લાઈફસ્ટાઈલ વ્યક્તિની આ પ્રકારની બની ગઈ છે. જેના કારણે કોઈ પણ વ્યક્તિને નુકસાન થાય છે. મલ્ટીટાસ્કિંગને લઈને શ્રેણીબદ્ધ અભ્યાસ અને સર્વેના તારણ જારી કરવામાં આવી ચુક્યા છે. વર્તમાન સમયમાં અમે ટીવી નિહાળતા નિહાળતા, કામ કરતા કરતા અને ભોજન કરતી વેળા પણ મલ્ટીટાસ્કિંગ કામ કરતા રહીએ છીએ. જેમ કે કેટલાક લોકો ગેમ્સ રમતા રહે છે. કેટલાક લોકો સોશિયલ મિડિયા ચેક કરતા નજરે પડે છે. તો કેટલાક લોકો ફિલ્મ નિહાળતા નજરે પડે છે. કેટલીક વખત તો અમે અન્ય વ્યક્તિ સાથે ફોન પર વાત કરતી વેળા અન્યની સાથે વાત કરતા રહીએ છીએ. અમને લાગે છે કે અમે કોઈ પણ તકલીફ વગર કેટલાક કામો રહી શકીએ છીએ. જો કે વાસ્તવિકતા એ છે કે મલ્ટીટાસ્કિંગની બાબત ખુબ ખતરનાક છે. કેટલાક નવા અભ્યાસમાં બાબતો ખુલીને સપાટી પર આવી છે. મલ્ટીટાસ્કિંગના ખતરા વધી રહ્યા છે. તાજેતરમા જ કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો સારા મીડિયા મલ્ટીટાસ્કર હોય છે તેમના દિમાદના ગ્રે મૈટર ઓછા હોય છે. આના કારણે મોટિવેશન અને ઈમોશન પર નિયંત્રણ સાથે સંબંધિત ક્ષેત્રોમાં કમી જોવા મળે છે. મેમોરીની સમસ્યા પણ રહેલી છે. વર્ષ ૨૦૧૬માં કરવામાં આવેલા એક અભ્યાસમા દાવો કરવામાં આવ્યો છે કે ક્રોનિક મીડિયા મલ્ટીટાસ્કરમાં મેમોરીની કમી હોય છે. સુચનાને સ્ટોર કરવાની




ક્ષમતામાં ઘટાડો થઈ જાય છે. સાથે સાથે લોંગ ટર્મ મેમોરીની ક્ષમતામાં સ્પષ્ટ રીતે કમી જોવા મળે છે. કેટલાક લોકો હમેશા એવી બાબતને લઈને ખુશ રહે છે કે મલ્ટીટાસ્કિંગના કારણે તેઓ ઓછા સમયમાં એક કરતા વધારે કામ કરી નાંખે છે. જ્યારે વાસ્તવિકતા આ બાબત પર આધારિત નથી. મલ્ટીટાસ્કિંગના કારણે આપને કેટલાક પ્રકારના નુકસાન થઈ શકે છે. શોધ કરનાર લોકો આને ટેકનોફેરેન્સ કહે છે. જ્યારે તમે ફોન પર લાગેલા રહો છો અથવા તો અન્ય સાથે ફોન પર વ્યસ્ત રહો છો ત્યારે તેના કારણે સંબંધ સાથે સંબંધિત સમસ્યા ઉભી થાય છે. મલ્ટીટાસ્કિંગના કારણે સંબંધોમાં ઉભી થનાર તિરાડ વધારે ખતરનાક બની જાય છે. આના કારણે સંતુષ્ટિ ઓછી જોવા મળે છે. કોલેજના વિદ્યાર્થીઓને આવરી લઈને કરવામાં આવેલા એક અભ્યાસમાં

દાવો કરવામાં આવ્યો છે કે કોમ્પ્યુટર પર કામ કરનાર લોકો અથવા તો કોમ્પ્યુટર પર કામ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા જેટલા વધારે પ્રમાણમાં મલ્ટીટાસ્કિંગ કરી હોય છે તે વિદ્યાર્થીઓને વધારે ટેન્શન રહે છે. આનો અર્થ એ થાય છે કે સતત મલ્ટી ટાસ્કિંગના કારણે ટેન્શન વધે છે. હાડકાને નુકસાન થાય છે. મોટી વયના લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જ્યારે તમે એક વખતમાં એક કરતા વધારે કામ કરો છો ત્યારે હાડકાને નુકસાન થાય છે. મલ્ટીટાસ્કિંગના મોટા ભાગના મામલામાં આપને ઈજા પણ થઈ શકે છે. સાથે સાથે પડી પણ શકો છો. જાણકાર નિષ્ણાંતો કહે છે કે કોઈ પણ એક કામ એક વખતે પૂર્ણ કરવાની જરૂર હોય છે. ક્લાસરૂમમાં મલ્ટીટાસ્કિંગના એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે લેક્ચરના ગાળા દરમિયાન કોમ્પ્યુટર પર જે વિદ્યાર્થીઓ દ્વારા મલ્ટીટાસ્કિંગ કરવામાં આવે છે તેમને પરીક્ષામાં ઓછા માર્ક મળે છે અને જ્યારે લેક્ચર દરમિયાન ટીચરની વાત પર જે વિદ્યાર્થીઓ ધ્યાન આપે છે તે વિદ્યાર્થીઓને વધારે માર્ક મળે છે. લેક્ચર પર વધારે ફોક્સ કરવાના કારણે દિમાંગ વિષયને સારી રીતે સમજી શકે છે. શોધ કરનાર લોકોએ મલ્ટીટાસ્કિંગ , મીડિયાના ઉપયોગ તેમજ ઈમોશનલ હેલ્થ લિન્કનુ પરીક્ષણ કર્યુ છે. જો કે મિડિયાના ઉપયોગ અને નકારાત્મક પરિણામોની વચ્ચે સંબંધ સ્થાપિત કરી શકાતા નથી. જે લોકો મલ્ટીટાસ્કિંગ કરે છે તેમની સામાજિક બૈચેની એટલી જ વધારે વધે છે. અભ્યાસમાં એવુ પણ જાણવા મળ્યુ છે કે જે લોકો સપ્તાહના સાત દિવસ સુધી ઘરમાં મલ્ટીટાસ્કિંગ કરે છે તેમના વ્યવહારમાં વધારે તકલીફ જોવા મળે છે.

# અનુષ્કા શેટ્ટીની 'ઘાટી' બીજી વખત પોસ્ટપોન થઈ



## અનુષ્કા શેટ્ટીએ અફીણના ગોરખધંધા પર વર્ચસ્વ ધરાવતી ખૂંખાર મહિલાનો રોલ કર્યો છે

બાહુબલિમાં દેવસેના તરીકે જાણતી બનેલી અનુષ્કા શેટ્ટીની આગામી એક્શન ફિલ્મ 'ઘાટી'ને બીજી વખત પોસ્ટપોન કરવામાં આવી છે. અગાઉ આ ફિલ્મને ૧૧ જુલાઈએ રિલીઝ કરવાનું આયોજન હતું, પરંતુ પ્રોડક્શનને લગતું કેટલુંક કામ બાકી હોવાથી તેને અટકાવવામાં આવી છે. ફિલ્મના પ્રોડ્યુસર્સે વિલંબનું કારણ આપ્યું નથી અને નવી રિલીઝ ડેટ પણ જાહેર કરી નથી.

પ્રોડક્શન હાઉસ યુવી ક્રીએશન્સ દ્વારા એક્સ પોસ્ટ પર જણાવાયું હતું કે, સિનેમા એ નદી જેવું જીવંત છે. તે સતત આગળ વધે છે અને ક્યારે ઊંડાઈ મેળવવા ધીમું પડે છે. 'ઘાટી' માત્ર એક ફિલ્મ નથી, તે પહાડોની ગૂંજ અને જંગલની ભીનાશ છે. સ્ટોરીને પથ્થર અને માટીથી કોતરવામાં આવી છે. દરેક ફ્રેમ અને દરેક શ્વાસના સન્માનમાં ફિલ્મની ઊડાનને થોડો સમય રોકવામાં આવી છે. આનાથી ફિલ્મ વધારે સારી અને અવિસ્મરણિય બનશે.

ગાઉ 'ઘાટી'ને ૧૮ એપ્રિલે રિલીઝ કરવાની હતી. બાદમાં તેને ૧૧ જુલાઈએ રિલીઝ કરવાનું આયોજન હતું. અનુષ્કા શેટ્ટી અને યુવી ક્રીએશન્સે અગાઉ 'વેદામ'માં સાથે કામ કર્યું હતું. આ તેમની બીજી ફિલ્મ છે. ફિલ્મના અગાઉના પોસ્ટરમાં તેને 'વિક્ટિમ, ક્રિમિનલ અને લીજન્ડ' તરીકે

ઓળખાવવામાં આવી હતી. તાજેતરની ઝલકમાં પીડિત મહિલાને ક્રિમિનલ બનતી દર્શાવાઈ છે. અફીણના ગોરખધંધા પર વર્ચસ્વ ધરાવતી ખૂંખાર મહિલાનો રોલ અનુષ્કાએ કર્યો છે. ફિલ્મને તેલુગુ તમિલ, કન્નડ, મલયાલમ ઉપરાંત હિન્દીમાં પણ રિલીઝ કરવામાં આવશે.

'વૉર 2', 'જોલી એલએલબી 3', 'થામા' અને 'સુપર મેન'ને આ ફિલ્મો ફળશે કે નહીં?



# ૨૦૨૫માં અત્યાર સુધી ૨૩ ફિલ્મે બોક્સ ઓફિસ પર ૧૭૦૦ કરોડની કમાણી કરી

## 'વોર ૨', 'જોલી એલએલબી ૩', 'થામા' અને 'સુપર મેન'ને આ ફિલ્મો ફળશે કે નહી?


વર્ષ ૨૦૨૫નું અડધું વર્ષ વિતી ચૂક્યું છે અને આ વર્ષ ઈન્ડસ્ટ્રી માટે સારું રહ્યું છે. હવે જ્યારે વર્ષ આગળ વધી રહ્યું છે, ત્યારે જોઈએ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ગ્રાફ આ છ મહિનામાં કેવો રહ્યો છે અને આવનારી ફિલ્મને તે કેટલો ફળશે.

જાન્યુઆરીથી જૂન ૨૦૨૫ સુધીમાં ૨૩ મહત્વની હિન્દી ફિલ્મ રિલીઝ થઈ છે જેનાથી ઈન્ડસ્ટ્રી ૧૭૦૦ કરોડ જેટલી કમાણી કરી છે. આ કમાણીમાં સૌથી મોટો ફાળો 'છાવા'નો રહ્યો છે, વિકી કૌશલની આ ફિલ્મે હિન્દીમાંથી કુલ ૫૫૫ કરોડની કમાણી કરી અને દેશભરમાં વિવિધ ભાષાઓ મળીને ૫૬૬ કરોડ સુધી કમાણી કરી લીધી છે. જો એ સિવાયની ફિલ્મની વાત કરવામાં આવે તો અજય દેવગનની સુપરહિટ ફિલ્મની સિક્વલ 'રેડ ૨' પણ ૧૬૫ કરોડની કમાણી સાથે એક સુપરહિટ ફિલ્મ રહી છે. જો તાજેતરમાં આવેલી ફિલ્મની વાત કરવામાં આવે તો 'હાઉસફુલ ૫'ની બોક્સ ઓફિસ સફર પણ લગભગ આટલે દુર સુધી જ પહોંચી છે, જોકે, આ ફિલ્મને ઘણો સામાન્ય પ્રતિસાદ મળ્યો છે. ત્યાર બાદ આવેલી આમિર ખાનની 'સિતારેં ઝમીન પર'ની વાત કરીએ તો, આ ફિલ્મ હાલ હજુ થિએટરમાં ચાલી રહી છે, પરંતુ આ ફિલ્મની સફર પણ લગભગ 'હાઉસફુલ ૫' અને 'રેડ ટુ'ની આસપાસ જ રહે તેની શક્યતા વધારે છે. છતાં એ ફિલ્મ હિટ કહેવાશે, આ બધામાં સલમાન ખાનની ફિલ્મ 'સિકંદર'થી દર્શકો ઘણા નિઃરાશ થયા છે, તેને જરા પણ ધારી સફળતા મળી નહીં. જો આ વર્ષે સામાન્ય કરતાં પણ ઓછું પ્રદર્શન કરેલી ફિલ્મની વાત કરવામાં આવે તો 'સિકંદર' માત્ર ૧૦૦ કરોડની આવક સાથે સલમાન ખાનના સ્ટારડમની અપેક્ષાએ એક નિષ્ફળ ફિલ્મ રહી, આવું જ 'જાટ' અને 'કેસરી ચેપ્ટર ૨' સાથે પણ થયું. આ બંને ફિલ્મ બોક્સ ઓફિસ પર ૮૫ કરોડ અને ૯૦ કરોડમાં જ સમેટાઈ ગઈ હતી. આ સિવાયની ફિલ્મ તો બોક્સ ઓફિસ પર પોતાની નોંધપાત્ર હાજરી નોંધાવવામાં પણ નિષ્ફળ રહી છે.


હવે ટૂંકમાં જે ફિલ્મો પાસે ઘણી આશા છે, એવી 'વૉર ૨', 'જોલી એલએલબી ૩', 'થામા' અને હોલિવૂડ ફિલ્મ 'સુપરમેન' આવી રહી છે. આ બધી ફિલ્મ બોક્સ ઓફિસ પર કેટલી કમાલ કરી શકે છે, તે જોવાનું રહ્યું. આ ફિલ્મમાં રિતિક રોશન અને જુનિયર એનટીઆરની ફિલ્મ પાસે ઘણી અપેક્ષાઓ છે અને આ ફિલ્મ કમાણીના નવા રેકોર્ડ બનાવી શકે એવી શક્યતા પણ છે. જો આ વર્ષે આવેલી ફિલ્મની યાદી જોઈએ તો આંકડા વધુ સ્પષ્ટ થશે.

# વેબ સિરીઝ 'પંચાયત'ની ચોથી સિઝનને સૌથી મોટું ઓપનિંગ મળ્યું

## એમેઝોને 'પંચાયત'ની પાંચમી સીઝનની જાહેરાત કરી નાંખી



લોકપ્રિય વૅબ સિરીઝ 'પંચાયત'ની ચોથી સીઝન ઓટીટી પર ૨૪ જૂને આવી હતી, આગળની ત્રણ સીઝનની લોકપ્રિયતાને કારણે વધેલી લોકોની ઉત્સુકતાને કારણે આ સીઝન અંગે દર્શકોમાં આ સીઝન અંગે ભારે ઉત્સુકતા હતી. તેથી આ સીઝનને સૌથી મોટું ઓપનિંગ મળ્યું હતું. તેના પ્રતિસાદમાં એમેઝોન પ્રાઈમ વીડિયો દ્વારા તેની પાંચમી સીઝનની જાહેરાત કરી દેવામાં આવી છે.પંચાયતની છેલ્લી સીઝનને સૌથી મોટું ઓપનિંગ મળ્યું, જેણે આગળની બધી જ સીઝનની વ્યુઅરશિપનો રેકોર્ડ તુટી ગયો છે. છેલ્લી સીઝન ઓટીટી પર આવી ત્યારે અન્ય દસ ફિલ્મ અને સિરીઝ સાથે આ સિરીઝ યૂએસએ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યૂકે અને યૂએઈ સહિતના ૧૮૦ દેશોમાં ટોપ ૧૦માં ટ્રેન્ડ કરી રહી હતી પહેલાં અઠવાડિયા દરમિયાન આ સિરીઝે પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું. જ્યારે ભારતમાં તે પહલાં ક્રમે રહ્યું હતું.ત્યારે હવે એમેઝોન પ્રાઈમ વીડિયો દ્વારા તેની નવી સીઝનની જાહેરાત કરવામાં આવી છે. પાંચમી સીઝનનું કામ શરૂ થઈ ગયું છે અને એ સીઝન ૨૦૨૬માં આવી જશે. એમેઝોન પ્રાઈમ વીડિયોના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પેજ પર એક પોસ્ટર શેર કરીને કેપ્શનમાં લખાયું હતું, "હાઈ ૫ ફુલેરા વાપસ આને કી તૈયારી શુરુ કર લિજીયે. પંચાયત પ્રાઈમ પર, નવી સીઝન, બહુ જલ્દી."આ અંગેના નિવેદનમાં પ્રાઈમ વીડિયો ઈન્ડિયાના કન્ટેન્ટ લાઈસન્સિંગના ડિરેક્ટર અને હેડ મનિષ મેઘાણીના જણાવ્યા અનુસાર, "અમે પંચાયતની સીઝન ૪ને મળેલાં અભુતપૂર્વ પ્રતિસાદથી અમે ખુબ ખુશ છીએ, તેના કારણે સિરીઝની કહાણી આગળ વધારવાનું અમને ગમશે, ઓથેન્ટિક વાર્તા સાથે નવા આયામો સિદ્ધ કરવા તૈયાર છીએ. આ સીઝનની ભારત સહિત ૧૮૦ દેશોમાં સિરિઝ લોંચ થયાના એક જ અઠવાડિયામાં જે પ્રતિસાદ મળ્યો છે, તે જ દર્શાવે છે કે આ વાર્તા બિલકુલ અસલ ભારતીય હોવા છતાં તે સમગ્ર વિશ્વના લોકોને સ્પર્શી શકે છે. કારણ કે તેની વાર્તા દિલથી લખાઈ છે અને તેના પાત્રો દરેકને પોતાનાં લાગે છે, આ બાબતોથી જ પંચાયત એક વિશ્વ કક્ષાએ લોકપ્રિય સિરીઝ બની છે અને તેને કોઈ સરહદ રહી નથી, દર્શકોને પંચાયતની હુંફ, સાદગી અને સચ્ચાઈ દુનિયાભરના દર્શકોને પ્રભાવિત કરી શકી છે. તે સિરીઝની લોકપ્રિયતા તો દર્શાવે જ છે, સાથે એ વાતનો પણ પુરાવો છે કે વિશ્વભરના દર્શકોને ભારતીય મૂળ સાથે જોડાયેલી વાર્તા જોવામાં રસ છે. ત્યારે અણને એ જણાવતા આનંદ થાય છે કે તેની પાંચમી સીઝનનું કામ શરૂ થઈ ચૂક્યું છે .



# 'સુપરમેન'ની માનવતા, અમેરિકામાં ઈમિગ્રન્ટ્સની તકલીફ દૂર કરશે

## ૧૧ જુલાઈએ રિલીઝ થઈ રહેલી ફિલ્મમાં અમેરિકાની વર્તમાન પરિસ્થિતિનું નિરૂપણ

સમગ્ર વિશ્વમાં કરોડો ચાહકો ધરાવનારા સુપરહીરો 'સુપરમેન'નું ૧૧ જુલાઈએ આગમન થઈ રહ્યું છે. 'સુપરમેન'ને દરેક ફિલ્મમાં દુષ્ટ-અત્યાચારીઓ સામે લડતો અને ગુનેગારોને સજા આપતો બતાવાય છે. આગામી ફિલ્મમાં સુપરમેનની માનવતાની સ્ટોરી છે, જેમાં તે અમેરિકામાં વસતા ઈમિગ્રન્ટ્સની તકલીફો દૂર કરવાનો છે.

ઢ્ઢઝ સ્ટુડિયો દ્વારા જેમ્સ ગુન્નના ડાયરેક્શનમાં 'સુપરમેન' બની છે. જેમ્સના મતે આગામી ફિલ્મમાં અમેરિકાની સ્ટોરી છે. ડેવિડ કોરેનસ્વેટે લીડ રોલ કર્યો છે, જ્યારે વિલન લોઈસ લેન તરીકે બ્રોસ્નહાન જોવા મળશે. ડાયરેક્ટર જેમ્સે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન ફિલ્મની થીમ અંગે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન અમેરિકાની સ્ટોરી છે. જીવનને બહેતર બનાવવા અન્ય દેશમાંથી અમેરિકા આવતા ઈમિગ્રન્ટ્સના સંઘર્ષને દર્શાવવામાં આવ્યો છે.

'સુપરમેન'ની સ્ટોરી ખૂબ સરળ હોવાની સાથે ગહન પણ છે. તેના પાયામાં માનવીય કરુણા રહેલી છે. માનવ જીવનમાંથી કરુણાનું ધોવાણ થયું હોય તેમ લાગી રહ્યું છે. ફિલ્મના માધ્યમથી સમગ્ર દુનિયાને એક સંદેશ આપવા પ્રયાસ થયો છે. સામાજિક સ્તરે અનેક ભાગમાં વહેંચાયેલા વિશ્વને માનવતાની જરૂર છે. માનવતાના મૂલ્યો ન ધરાવતા હોય તેવા લોકોને આ ફિલ્મ જોઈને આંચકો લાગી શકે છે, પરંતુ તેનો હેતુ કરુણા પ્રસરાવવાનો અને અત્યાચારીઓને પાઠ ભણાવવાનો છે.

ફિલ્મમાં રાજકારણ અને નૈતિકતાની વાત પણ થઈ છે. રાજકીય લાભ માટે નફરત ફેલાવતા અને લાચાર ઈમિગ્રન્ટ્સને હેરાન કરતા નેતાઓની ટીકા કરવામાં આવી છે. સુપરમેન ક્યારેય જીવ લેવામાં નથી માનતો જ્યારે લોઈસ લેનની ઈચ્છા કત્લેઆમ મચાવવાની છે. નૈતિક મૂલ્યો માટે બંને વચ્ચે રહેલો તફાવત જ સુપરમેન અને લોઈસના સંબંધોને અસર કરે છે.

## રણબીરને રામાયણની બે ફિલ્મોમાં ૧૫૦ કરોડ મળશે

# રામાયણનો પહેલો ભાગ ૨૦૨૬માં દિવાળી પર રિલીઝ થશે

## સનાતન સંસ્કૃતિ અને સંસ્કારોની ભવ્ય રજૂઆતના સંકલ્પ સાથે

'રામાયણ'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. નિતેશ તિવારીના ડાયરેક્શનમાં આ ફિલ્મ બે ભાગમાં બની રહી છે. ભગવાન રામના રોલમાં રણબીર કપૂરની ઝલક પણ તાજેતરમાં રિલીઝ થઈ છે. હવે, ફિલ્મમાં રણબીરની ફી અંગે પણ ખુલાસો થયો છે. 'રામાયણ'ના બે ભાગમાં રણબીર માટે રૂ.૧૫૦ કરોડની ફી નક્કી થઈ હોવાનું કહેવાય છે. 'રામાયણ'માં રણબીરને કરિયરની સૌથી વધુ ફી મળવા જઈ રહી છે ત્યારે અન્ય સ્ટાર્સની ફી અંગે વિગતો બહાર આવી નથી. આ ફિલ્મમાં રાવણના રોલમાં યશ અને સીતા માતા તરીકે સાઈ પલ્લવી જોવા મળશે. 'રામાયણ'ની એક ફિલ્મ માટે રણબીરને ૭૦-૭૫ કરોડની રકમ મળવાની છે ત્યારે તેની પાસે અપેક્ષા પણ વધી છે. પ્રભાસની 'આદિપુરુષ'થી નિરાશ થયેલા દર્શકોને રણબીરની 'રામાયણ' જરૂર પસંદ આવશે, તેવું ફિલ્મ મેકર્સ માની રહ્યા છે. ફિલ્મની રિલીઝ પૂર્વે ઉત્સુકતા વધારવા પ્રમોશન પણ પૂર જોશમાં ચાલી રહ્યું છે. તાજેતરમાં ટીઝર લોન્ચ માટે દેશના ૯ શહેરો



ઉપરાંત ન્યૂયોર્ક ટાઈમ્સ ખાતે ઈવેન્ટ્સ યોજાઈ હતી. રામ અને રાવણ વચ્ચે ચાલતા યુદ્ધને ગ્લોબલ ઓડિયન્સ સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ પણ આ સાથે થયો છે. ફિલ્મમાં ભગવાન હનુમાન તરીકે સની દેઓલ અને લક્ષ્મણજીના રોલમાં રવિ દુબે છે. ફિલ્મની કાસ્ટમાં જાણીતા એક્ટર્સને સ્થાન આપવાની સાથે મ્યૂઝિકમાં પણ વિશેષ તકેદારી રખાઈ છે. હાન્સ ઝીમર અને એર આર રહેમાન મ્યૂઝિક બનાવી રહ્યા છે, જ્યારે એક્શન સીક્વન્સ માટે હોલિવડના સ્ટન્ટ કો ઓર્ડિનેટર ટેરી નોટરી અને ગાય નોરિસને બોલાવાયા છે.

'રામાયણ'નો પહેલો પાર્ટ દિવાળી ૨૦૨૬ પર રિલીઝ થશે, જ્યારે બીજો પાર્ટ દિવાળી ૨૦૨૭ પર આવશે. ભારતીય સંસ્કૃતિની ભવ્યતા અને વર્તમાન સમયની સિનેમા ટેકનોલોજી સાથે ઓડિયન્સને ખુશ કરવાના ઈરાદા સાથે બંને ભાગ માટે રૂ.૮૦૦ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવશે. ફિલ્મને ગ્લોબલ બોક્સઓફિસ પર મોટા પાયે રિલીઝ કરવાનું આયોજન છે.

# આજે અમે 'કુછ કુછ હોતા હૈ' બનાવીએ તો લોકો અમારા પર હસશેઃ કાજોલ



શાહરુખ ખાન, કાજોલ અને રાની મુખર્જીની ૧૯૯૮માં આવેલી ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ' ઘણી સફળ ફિલ્મ હતી, આજે પણ આ ફિલ્મ એક કલ્ટ ફિલ્મ ગણાય છે. આ ફિલ્મથી કરણ જોહરે ડિરેક્ટર તરીકે ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું હતું. આજે પણ એવા ઘણા લોકો છે, જે આ ફિલ્મ વારંવાર જુએ છે, તો કેટલાંક લોકો એવાં પણ છે, જેઓ આ ફિલ્મની કેટલીક રૂઢિવાદી બાબતો પર આજે પણ તેની ટીકા પણ કરે છે.તાજેતરમાં કાજોલ એક ચેનલના ઈન્ટરવ્યુમાં હાજર રહી હતી, જ્યાં તેણે ટીકા અને ખાસ કરીને તેના 'કુછ કુછ હોતા હૈ'ના અંજલિ અને શાહરુખના રાહુલનાં પાત્રો અંગે પણ વાત કરી હતી. જેમાં અંજલિ એક ટોમ બોય પ્રકારની છોકરી અને તેઓ બંને કોલેજ ફ્રેન્ડ્ઝ છે, જ્યારે તે એક સોહામણી સ્ત્રીની જેમ સાડી પહેરીને જોવા મળે છે, ત્યારે શાહરુખ રાહુલ તેનાં પ્રેમમાં પડે છે.આ વાતના જવાબમાં કાજોલે કહ્યું કે, તેણે જ્યારે આ ફિલ્મ કરી ત્યારે તેણે આ બધી બાબતો પર ધ્યાન આપ્યું નહોતું. તેણે કહ્યું, "અમે એ ફિલ્મ માત્ર મનોરંજન માટે બનાવી હતી. મને લાગે છે ફિલ્મ સમાજનું જ પ્રતિનિધિત્વ કરતી હોય છે, આવું જ કુછ કુછ હોતા હૈમાં હતું. એ સમયે લોકો એવું વિચારતા હતા. એ ફિલ્મ જો આજે બની હોત તો લોકો અમારા પર હસતાં હોત."આગળ કાજોલે એવું પણ કહ્યું, "જો આજે ફિલ્મ બને તો એ ટોમબોય લૂક કદાચ બીજા ભાગમાં હોત. આજે એવી ફિલ્મ બની શકે કે પહેલાં સાડીમાં હતી તો નહોતી ગમી, પછી જ્યારે તે બાસ્કેટ બોલ રમવા માંડી અને કૂલ બની ગઈ એટલે એને ગમી ગઈ. આજે એ ફિલ્મ કરતાં ઊલટું થઈ શકે. એ સમય માટે એ ફિલ્મ યોગ્ય હતી, જો આજે એ ફિલ્મ બની હોત અને અમે લોકોને કહ્યું હોત, શું સાચું અને શું ખોટું, તો અમે કદાચ ખોટાં પડ્યાં હોત."

# લોર્ડ્સમાં આજથી ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે ત્રીજી ટેસ્ટનો પ્રારંભ



આજથી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રીજી ટેસ્ટ મેચનો લોર્ડ્સ ખાતે પ્રારંભ થશે. શ્રેણીની પહેલી મેચ ઈંગ્લેન્ડે જીતી હતી. બીજી મેચમાં ટીમ ઇન્ડિયાએ બદલો લઈને ઐતિહાસિક જીત નોંધાવી હતી. હાલમાં શ્રેણી બરાબર છે. હવે ત્રીજી મેચ બંને ટીમ માટે મહત્વપૂર્ણ બનવાની છે. આ મેચમાં ટીમ ઈન્ડિયા જીતીને શ્રેણીમાં ૨-૧ની લીડ મેળવવા માંગશે.

મેચ ભારતીય સમયાનુસાર બપોરે ૩.૩૦ વાગ્યે શરૂ થશે. ભારતીય ટીમમાં જસપ્રીત બુમરાહની અને ઈંગ્લેન્ડની ટીમમાં જોફ્રા આર્ચરની એન્ટ્રીથી મેચ વધુ રસપ્રદ બનશે.

લીડ્સમાં રમાયેલી પહેલી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમ ત્રણ ફાસ્ટ બોલર અને એક સ્પિનર (રવીન્દ્ર જાડેજા) સાથે મેદાનમાં ઉતરી હતી. તે મેચમાં ભારતને પાંચ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. જોકે, બીજી મેચમાં ટીમ ઈન્ડિયા ત્રણ ફેરફારો સાથે ઉતરી અને યજમાન ટીમને ૩૩૬ રનથી હરાવી હતી. આ મેચ માટે ભારતના પ્લેઈંગ ૧૧માં બે સ્પિનર રવિન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરને તક મળી હતી. એવું માનવામાં આવે છે કે બર્મિંગહામની સરખામણીમાં લોર્ડ્સની પિચ બેટ્સમેન માટે પડકારજનક રહેશે.

ભારતના ઉપ-કપ્તાન રિષભ પંતે ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણીમાં ઉપયોગમાં લેવાતા ડ્યુક્સ બોલની ગુણવત્તાની ટીકા કરતા કહ્યું કે, તેણે ક્યારેય લાલ ચેરીને આ હદે ખરાબ થતો જોયો નથી. બોલ નરમ થયા પછી બોલરોને તેમાંથી કોઈ મદદ મળી રહી નથી, જેના કારણે બેટ્સમેન-બોલર વચ્ચેની સ્પર્ધા નવા બોલ સુધી મર્યાદિત રહી છે. પંતે કહ્યું કે, બોલ એક મોટી સમસ્યા બની ગયો છે અને તે રમત માટે સારો નથી. મેં જોયું છે કે બોલ ખૂબ જ ખરાબ થઈ રહ્યો છે. મારી સાથે આવું ક્યારેય બન્યું નથી. એક બેટ્સમેન તરીકે તમારે તેમાં એડજસ્ટ થવાનું ચાલુ રાખવું પડશે. લોર્ડ્સની પિચ બેટ્સમેન માટે વધુ મુશ્કેલ પડકાર ઉભો કરે તેવી અપેક્ષા છે. કેપ્ટન શુભમન ગિલે પણ એજબેસ્ટન ટેસ્ટ પછી બોલ નરમ પડવાની ફરિયાદ કરી હતી.મેચના એક દિવસ પહેલા ઈંગ્લેન્ડે ત્રીજી ટેસ્ટ મેચ માટે પોતાની પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરી હતી. ટીમમાં એક ફેરફાર કરવામાં આવ્યો છે. જોશ ટંગની જગ્યાએ જોફ્રા આર્ચર ટીમમાં વાપસી થઈ છે. આર્ચર બીજી ટેસ્ટ મેચથી જ ટીમમાં હતો, પરંતુ મેડિકલ ઈમરજન્સીને કારણે તેણે ઘરે જવું પડ્યું હતું. હવે તે સંપૂર્ણપણે તૈયાર છે. કોણી અને પીઠની ઈજાઓ બાદ આર્ચર ૨૦૨૧થી ઈંગ્લેન્ડ માટે ફક્ત વ્હાઈટ બોલ ક્રિકેટ જ રમ્યો છે. ૩૦ વર્ષીય ઝડપી બોલરે ૨૦૧૯માં ઓસ્ટ્રેલિયા સામે ડેબ્યૂ કર્યા પછી ૧૩ ટેસ્ટમાં ૪૨ વિકેટ લીધી છે.


# શુભમન ગિલે કારકિર્દીની શ્રેષ્ઠ ટેસ્ટ રેન્કિંગ હાંસલ કરી



દુબઈ: ભારતના ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલે એજબેસ્ટનમાં ઈંગ્લેન્ડ સામે રેકોર્ડબ્રેક પ્રદર્શન બાદ પોતાની કારકિર્દીમાં પહેલીવાર ICC પુરુષોની ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં ટોપ-૧૦માં સ્થાન મેળવ્યું છે. તાજેતરમાં જાહેર કરાયેલી ICC ટેસ્ટ બેટ્સમેનોના રેન્કિંગ મુજબ ૨૪ વર્ષીય ગિલ જે શ્રેણી પહેલા ૨૩મા ક્રમે હતો, તે ૧૫ સ્થાનની છલાંગ લગાવીને કારકિર્દીના શ્રેષ્ઠ છઠ્ઠા ક્રમે પહોંચી ગયો છે. ગિલનું અગાઉનું શ્રેષ્ઠ સ્થાન ૧૪મું હતું, જે તેણે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં હાંસલ કર્યું હતું.

એજબેસ્ટનમાં પ્રથમ ઈનિંગમાં ૧૫૮ રન બનાવ્યા બાદ ઈંગ્લેન્ડના હેરી બ્રુકે ટેસ્ટ બેટ્સમેનોના રેન્કિંગમાં ફરીથી નંબર ૧ સ્થાન મેળવ્યું છે. જ્યારે જો રૂટ બીજા અને ન્યુઝીલેન્ડનો કેન વિલિયમસન ત્રીજા સ્થાને છે. આ ઉપરાંત ભારત સામેની બીજી ટેસ્ટમાં અણનમ ૧૮૪ અને ૮૮ રન બનાવ્યા બાદ ઈંગ્લેન્ડના વિકેટકીપર જેમી સ્મિથે પણ કારકિર્દીની શ્રેષ્ઠ રેન્કિંગ હાંસલ કરીને ટોપ-૧૦માં સ્થાન મેળવ્યું છે.ઝિમ્બાબ્વે સામે અણનમ ૩૬૭ રન બનાવ્યા બાદ દક્ષિણ આફ્રિકાનો વિઆન મુલ્ડર લાંબી છલાંગ મારીને ૨૨મા સ્થાને પહોંચી ગયો છે. મુલ્ડર ટેસ્ટ ઓલરાઉન્ડરોમાં પણ ત્રીજા સ્થાને પહોંચી ગયો છે, જેમાં ભારતના રવિન્દ્ર જાડેજા હજુ પણ ટોચ પર છે.

# ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ અંગે કોહલીએ પહેલી વાર મૌન તોડ્યું



ભારતના શ્રેષ્ઠ ટેસ્ટ ક્રિકેટરોમાંના એક વિરાટ કોહલીએ આ વર્ષે મે મહિનામાં અચાનક પોતાના મનપસંદ ક્રિકેટ ફોર્મેટને અલવિદા કહી દીધું હતું. આ નિવૃત્તિની જાહેરાત આશ્ચર્યજનક હતી, કારણ કે ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટને રેડ બોલ ક્રિકેટ છોડવા અંગે અગાઉ કોઈ સંકેત આપ્યો ન હતો. આ દરમિયાન લંડનમાં એક કાર્યક્રમ દરમિયાન કોહલીએ પહેલીવાર પોતાની ટેસ્ટ નિવૃત્તિ અંગે ખુલીને વાત કરી હતી.

યુવરાજ સિંહે લંડનમાં કેન્સર એનજીઓ You WeCanફાઉન્ડેશન માટે ભંડોળ એકત્ર કર વા માટે આયોજિત એક કાર્યક્રમમાં કોહલીને પૂછવામાં આવ્યું હતું કે 'ટેસ્ટ ક્રિકેટમાં ફેન્સ તમને યાદ કરી રહ્યા છે', ત્યારે વિરાટ કોહલીએ આ પ્રશ્નનો રમુજી જવાબ આપતા કહ્યું કે, 'મેં બે દિવસ પહેલા જ મારી દાઢી રંગી છે. જ્યારે તમારે દર ચાર દિવસે તમારી દાઢી રંગવાની હોય ત્યારે સમજો કે (નિવૃત્તિનો) સમય આવી ગયો છે.'

આ કાર્યક્રમમાં વિરાટ કોહલી અને ક્રિકેટ અને વિશ્વભરના અન્ય ક્ષેત્રોના પ્રખ્યાત ખેલાડીઓએ હાજરી આપી હતી. યુવરાજ, ક્રિસ ગેલ, ડેરેન ગફ, કેવિન પીટરસન અને રવિ શાસ્ત્રી સાથે સ્ટેજ પર વાતચીત દરમિયાન કોહલીએ ભૂતપૂર્વ ભારતીય મુખ્ય કોચ સાથેના પોતાના સંબંધો વિશે ખુલીને વાત કરી હતી. કોહલીએ શાસ્ત્રીને પોતાની ટેસ્ટ કારકિર્દીમાં મુખ્ય ખેલાડી હોવાનો શ્રેય આપતા કહ્યું કે, 'સાચું કહું તો, જો હું તેમની સાથે કામ ન કરતો હોત તો... ટેસ્ટ ક્રિકેટમાં જે બન્યું તે શક્ય ન હોત. ક્રિકેટરોને તેમની કારકિર્દીમાં આગળ વધવા માટે આ જ જરૂરી છે. જો તેમણે મને આટલો ટેકો ન આપ્યો હોત, તો હું કદાચ ટેસ્ટમાં કંઈ હાંસલ કરી શક્યો ન હોત.'

# IPLમાં ઉપયોગમાં લેવાયેલા ફિલ સોલ્ટના બેટને ક્લીનચીટ



ઈંગ્લેન્ડના વ્હાઈટ બોલ ક્રિકેટ ઓપનર ફિલ સોલ્ટના બેટને ગેજ ટેસ્ટમાં નિષ્ફળ ગયા પછી પણ મંજૂરી આપવામાં આવી છે. વાઈટાલિટી બ્લાસ્ટની એક મેચ દરમિયાન તેનું બેટ મેદાન પર ઓન-ફીલ્ડ ગેજ ટેસ્ટમાં નિષ્ફળ થયું હતું. આ પછી અધિકારીઓએ તેની તપાસ કરીને તેને તે જ બેટથી રમવાની મંજૂરી આપી હતી. આ તે જ બેટ છે જેનો તે છેલ્લા બે વર્ષથી ઉપયોગ કરી રહ્યો છે. ૨૮ વર્ષીય સોલ્ટ હાલમાં લેન્કેશાયર માટે રમે છે. તેણે વર્ષની શરૂઆતમાં રોયલ ચેલેન્જર બેંગલુરુની પહેલી IPL ટાઈટલ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.ટુર્નામેન્ટની ૧૩ મેચમાં તેણે ૪૦૩ રન બનાવ્યા હતા. લેન્કેશાયર ક્લબે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બેટ-ગેજ ટેસ્ટમાં સોલ્ટનું બેટ નિષ્ફળ ગયા બાદ તેણે ઈઝમ્ના નિર્દેશો ૩.૨ અને ૩.૩નું ઉલ્લંઘન કર્યું હોવાનો આરોપ હતો. આ બેટનો ઉપયોગ તે છેલ્લા બે વર્ષથી ઈંગ્લેન્ડ, લેન્કેશાયર અને IPLમાં કોઈ સમસ્યા વિના કરી રહ્યો છે.ટેસ્ટ પાસ કરવા માટે બેટ ચોક્કસ કદના ગેજમાંથી ફિટ થવું આવશ્યક છે. જો કે, સોલ્ટનું બેટ મેદાન પર ગેજમાંથી પસાર થયું ન હતું અને તેથી તે પરીક્ષણમાં નિષ્ફળ ગયું હોવાનું માનવામાં આવ્યું હતું. બાદમાં ક્રિકેટ રેગ્યુલેટર દ્વારા હાથ ધરવામાં આવેલી પુરાવા પરીક્ષણ પ્રક્રિયા બાદ બેટ નિયમોનું પાલન કરતું હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ ક્લબ અને ખેલાડીને જાણ કરવામાં આવી છે કે આગળ કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહી.

# અલ્કારાઝ સામેની હાર બાદ ફોગ્નીનીની ટેનિસમાંથી નિવૃત્તિ



વિમ્બલ્ડનના પહેલા રાઉન્ડમાં કાર્લોસ અલ્કારાઝ સામે હારી ગયા બાદ વિશ્વના ભૂતપૂર્વ ટોચના ૧૦ ખેલાડી ફેબિયો ફોગ્નીનીએ ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. ૩૮ વર્ષીય ઈટાલિયન ફોગ્નીનીનો પ્રથમ રાઉન્ડની મેચમાં સાડા ચાર કલાકથી વધુ સમય દરમિયાન અલ્કારાઝ સામે ૭-૫, ૬-૭, ૭-૫, ૨-૬, ૬-૧થી પરાજય થયો હતો. ટૂર લેવલ પર ફોગ્નીનીનો આ સતત ૧૦મો પરાજય હતો. તે ૨૦૨૫માં તેની બધી સાત મેચ હારી ગયો છે. ફોગ્નીનીએ અગાઉ કહ્યું હતું કે તે સીઝનના અંતે રિટાયરમેન્ટ લેશે, પરંતુ બુધવારે તેણે ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં પ્રેસ કોન્ફરન્સ કરીને નિવૃત્તિની જાહેરાત કરી હતી. ફોગ્નીનીએ કહ્યું, આ ગુડબાય કહેવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

વિમ્બલ્ડન ફોગ્નીનીનો ૬૩મો ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ હતો. ગ્રાન્ડ સ્લેમમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન ૨૦૧૧ ફ્રેન્ચ ઓપનમાં હતું જ્યારે તે ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યો હતો. જોકે, જાંઘની ઈજાને કારણે તે તે મેચમાં રમ્યો ન હતો અને નોવાક જોકોવિચે આગળના રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો હતો. તેણે ૨૦૧૯માં મોન્ટે કાર્લોમાં તેનું છેલ્લું ટાઈટલ જીત્યું હતું. તે જ વર્ષે તે છ્ રેન્કિંગમાં નવમા સ્થાને પહોંચ્યો અને ૧૯૭૯ પછી ટોપ ૧૦માં સ્થાન મેળવનાર પ્રથમ ઈટાલિયન ખેલાડી બન્યો હતો.

ઈગા સ્વિયાટેકે બુધવારે ૧૯મી ક્રમાંકિત લ્યુડમિલા સેમસોનોવા પર ૬-૨, ૭-૫થી વિજય મેળવીને પ્રથમ વખત વિમ્બલ્ડન સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. સ્વિયાટેક પાંચ વખત ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન છે, જેમાંથી ચાર ટાઈટલ ફ્રેન્ચ ઓપનના રેડ માટી પર અને એક યુએસ ઓપનના હાર્ડ કોર્ટ પર જીત્યા છે. તે બે વાર હાર્ડ-કોર્ટ ઓસ્ટ્રેલિયન ઓપનમાં સેમિફાઈનલમાં પણ પહોંચી ચૂકી છે. આ વર્ષ પહેલા વિમ્બલ્ડનના મહિલા બ્રેકેટમાં તેણીના પાંચ દેખાવમાં તેણી ફક્ત એક જ વાર ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચી હતી.

# શુભમન ગિલના રન બનાવતો રોકવા બેન સ્ટોક્સે બનાવ્યો ખાસ પ્લાન



ઈંગ્લેન્ડની ધરતી પર રમાયેલી બંને ટેસ્ટ મેચ શુભમન ગિલ માટે બેટ્સમેન તરીકે શાનદાર રહી છે. માત્ર ચાર ઈનિંગ્સમાં ગિલે ૧૪૬ ની એવરેજથી ૫૮૫ રન બનાવ્યા છે. અત્યાર સુધી ગિલના બેટને કાબુમાં લેવામાં ઈંગ્લેન્ડના બોલરો સંપૂર્ણપણે લાચાર જોવા મળ્યા છે.

એજબેસ્ટન ટેસ્ટમાં ભારતીય કેપ્ટને બંને ઈનિંગમાં સંયુક્ત રીતે ૪૩૦ રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયાના કેમ્પને લોર્ડ્સમાં પણ ગિલ પાસેથી આવા જ પ્રદર્શનની અપેક્ષા રહેશે. પરંતુ યજમાન ટીમના કેપ્ટન બેન સ્ટોક્સ કહે છે કે ઈંગ્લેન્ડના કેમ્પે ગિલના બેટ પર બ્રેક લગાવવાની યોજના તૈયાર કરી છે.

પ્રેસ કોન્ફરન્સમાં બોલતા બેન સ્ટોક્સે કહ્યું કે "હા જુઓ, અમે બધા ભારતીય બેટ્સમેન માટે એક યોજના તૈયાર કરી છે. પરંતુ સારા ખેલાડીઓને સારી રીતે રમવાની મંજૂરી છે અને ગિલે પહેલી બે ટેસ્ટ મેચમાં શાનદાર બેટિંગ કરી છે." સ્ટોક્સ માને છે કે જોફ્રા આર્ચર ત્રીજી ટેસ્ટ મેચમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

બેન સ્ટોક્સે કહ્યું કે 'અમે જોફ્રા આર્ચરના કમબેકથી ખૂબ જ ઉત્સાહિત છીએ. મને લાગે છે કે જ્યારે પણ આર્ચર ઈંગ્લેન્ડ માટે રમ્યો છે, ત્યારે તેને જ્યારે પણ બોલ હાથમાં હોય છે ત્યારે મેચનો માર્ગ બદલી નાખ્યો છે. મારા મતે વિરોધી ટીમ પણ આ વાત સમજે છે, કારણ કે તેઓ પણ આર્ચરની ક્ષમતા જાણે છે."શુભમન ગિલ માટે આ સિરીઝ અત્યાર સુધી એક સુંદર સ્વપ્ન જેવી સાબિત થઈ છે. હેડિંગ્લી ખાતે રમાયેલી પહેલી ટેસ્ટ મેચમાં ગિલે શાનદાર બેટિંગ કરી અને ૧૪૭ રનની જોરદાર ઈનિંગ રમી. શુભમન ગિલે એજબેસ્ટન ટેસ્ટની પહેલી ઈનિંગમાં ૨૬૯ રનની યાદગાર ઈનિંગ રમી. શુભમન ગિલ કેપ્ટન તરીકે ઈંગ્લેન્ડમાં બેવડી સદી ફટકારનાર પહેલો બેટ્સમેન બન્યો. બીજી ઈનિંગમાં શુભમનનું બેટ પણ જોરથી બોલ્યું અને તેને ૧૬૧ રન બનાવ્યા. શુભમન ગિલ એક ટેસ્ટમાં ૪૦૦ થી વધુ રન બનાવનાર એશિયાનો પહેલો બેટ્સમેન બન્યો. લીડ્સમાં ઈંગ્લેન્ડ સામે લગભગ જીતેલી મેચ હાર્યા બાદ ભારતીય ટીમની વ્યૂહનીતિ પર ઘણાં સવાલો ઊભા થયા હતા. શું મેચ વિજેતા કુલદીપ યાદવને ફક્ત પાણી આપવા માટે ઈંગ્લેન્ડ લઈ જવામાં આવ્યો હતો? એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે આ મેચ વિજેતાને એજબેસ્ટન ખાતેની બીજી ટેસ્ટ મેચમાં રમવા માટે મોકલવામાં આવશે. પરંતુ ટોસ દરમિયાન જાણવા મળ્યું કે તે સતત બીજી મેચ માટે પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર છે.ભારતીય કેપ્ટન શુભમન ગિલના મતે કુલદીપ યાદવ જેવા વિકેટ લેનારા સ્પિનરને પ્લેઈંગ ઈલેવનમાં રાખવા માંગે છે, પરંતુ લીડ્સમાં નીચલા ક્રમના બે ખેલાડી સસ્તામાં આઉટ થયા પછી બેટિંગમાં ઊંડાણ લાવવા માટે વોશિંગ્ટન સુંદરને તેના સ્થાને પસંદ કરવામાં આવ્યો.વોશિંગ્ટનને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવાનો વિવાદાસ્પદ નિર્ણય અસરકારક સાબિત થયો, કારણ કે ઓલરાઉન્ડરે બેટ અને બોલ બંનેમાં યોગદાન આપ્યું હતું. ભારત લોર્ડ્સ ટેસ્ટમાં પણ આ જ વ્યૂહનીતિ સાથે જશે. પાંચ મેચની સીરિઝની બીજી ટેસ્ટમાં જીત સાથે વાપસી કર્યા બાદ શુભમન ગિલે કહ્યું કે, 'જ્યારે તમારી પાસે કુલદીપ જેવો બોલર હોય છે, ત્યારે તે ખૂબ જ આકર્ષક હોય છે. હું વોશિંગ્ટનને રમાડવા માંગતો હતો કારણ કે તેની હાજરી બેટિંગને મજબૂત બનાવે છે. મને લાગે છે કે મારી અને વોશિંગ્ટન વચ્ચેની ભાગીદારી ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ. જો આ ભાગીદારી ન થઈ હોત, તો કદાચ આપણી લીડ ૭૦-૮૦-૯૦ રનની હોત.'

# વિમ્બલ્ડન : શેલ્ટનને હરાવી સિનરનો સેમિફાઇનલમાં પ્રવેશ



વિશ્વના નંબર-૧ ટેનિસ ખેલાડી યાનિક સિનરે જમણી કોણીમાં ઈજા હોવા છતાં બેન શેલ્ટનને ૭-૬ (૨), ૬-૪, ૬-૪થી હરાવીને વિમ્બલ્ડન સેમિફાઇનલમાં બીજી વખત પ્રવેશ મેળવ્યો છે. ગ્રિગોર દિમિત્રોવ સામે ચોથા રાઉન્ડની મેચની શરૂઆતની રમતમાં લપસીને પડી જવાથી સિનરને ઈજા થઈ હતી. સિનરે કહ્યું કે, રમત દરમિયાન તેને દુખાવો થતો હતો. હવે સેમિફાઇનલમાં સિનર ૨૪ વખતના મુખ્ય ચેમ્પિયન નોવાક જોકોવિચ અથવા ૨૨ ક્રમાંકિત ફ્લેવિયો કોબોલી સામે ટકરાશે.

ત્રણ વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન અને ગયા મહિને ફ્રેન્ચ ઓપનમાં કાર્લોસ અલ્કારાઝના રનર-અપ સિનરનું મંગળવારે સ્કેન કરવામાં આવ્યું હતું. જેના કારણે તેણે પ્રેક્ટિસ સેશન રદ કર્યું હતું, પરંતુ પછીથી ઈન્ડોર કોર્ટમાં હળવી પ્રેક્ટિસ કરતો જોવા મળ્યો હતો. નંબર ૧ કોર્ટ પર શેલ્ટન સામે સિનર એવું શાનદાર પ્રદર્શન કર્યું કે, જાણે કંઈ થયું જ ન હોય. તેણે પહેલા સેટમાં ૨૯ સર્વિસ પોઈન્ટમાંથી ૨૭ પોઈન્ટ મેળવ્યા હતા. બીજા સેટની શરૂઆતમાં સિનરને બે બ્રેક પોઈન્ટનો સામનો કરવો પડ્યો પરંતુ તેણે બંને બચાવ્યા હતા.

## ‘સાચો સ્વાદ’ના નામે પોતાની વફલ બ્રાન્ડ ધરાવતા સુરતના તન્વીબેન જોગાણી

### સરકારી યોજનામાં રૂા. નવ લાખની લોન મંજૂર થઈ અને રૂા.૩.૪૯ લાખની સબસિડી મળી

સુરત, તા.૧૦

સુરતના એક સામાન્ય પરિવારના તન્વીબેન જોગાણીએ પોતાના રસોડાના પરંપરાગત સ્વાદને ઉદ્યોગમાં ફેરવી આત્મનિર્ભરતા અને સફળતાની અનોખી ગાથા લખી છે. તન્વીબહેન પોતાના કૌશલ્ય તેમજ ફુડ પ્રોસેસિંગ યુનિટ માટે મદદ પૂરી પાડતી યોજના PMFME- પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રોફુડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસના કારણે અન્ય મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.

સરકારની PMFME યોજના હેઠળ રૂા.નવ લાખની લોન મંજૂર થઈ અને રૂા.૩.૪૯ લાખની સબસિડી મળતા તન્વીબહેન બાળકોને પ્રિય એવા વફલ ખાદ્ય પ્રોડક્ટ્સ બનાવવા માટે ફુડ પ્રોસેસિંગ યુનિટ શરૂ કરીને સફળતા મેળવી છે. તન્વીબેને દૈનિક ૨૦ કિલોથી વધુ લોટમાંથી વફલ બનાવે છે. માત્ર ઉત્પાદન નહીં, તેઓ પોતે માર્કેટિંગ અને વેચાણ પણ કરે છે. આ ઉપરાંત તેમણે ચાર મહિલાઓને રોજગારી પણ આપી રહ્યા છે, જેથી રોજગારી મેળવનાર મહિલાઓના પરિવારને આર્થિક આધાર પણ મળી રહ્યો છે.

તન્વી તેજસ જોગાણી કહે છે કે, મને નાનપણથી જ રસોઈ તથા અન્ય ખાદ્ય પ્રોડક્ટ બનાવવાનો શોખ હતો. જેથી કોરોનાકાળ દરમિયાન મેં ઘરે બેઠા વિવિધ મિલેટમાંથી સિંગલ મશીન દ્વારા વિવિધ પ્રકારના વફલ બનાવવાની શરૂઆત કરી. ઘરની આસપાસ તથા અન્ય મોટા સ્ટોલ્સ, નાના સુપર સ્ટોર્સમાં પ્રોકડટનું જાતે જ માર્કેટિંગ કરીને સેલિંગ કરતી હતી. શરૂઆતમાં દરરોજ ચારેક કિલો લોટમાંથી વફલ બનાવતી હતી. એક વર્ષ પહેલા રાજય સરકારના મિલે?ટસ મેળાની મુલાકાત લીધી, જ્યાં સ્ટોલ પરથી જિલ્લામાં નિમણુંક કરવામાં આવેલા ડિસ્ટ્રીકટ રિસોર્સ પર્સન કેયુરભાઈ પટેલ પાસેથી જાણવા મળ્યું કે, પેકિંગ થઈ શકે તેવી ખાદ્ય પ્રોકડટ્સ માટે સ્લ્હ્સ્ઈ યોજના હેઠળ રૂા.૧૦ લાખની લોન સહાય અને સબસીડી મળે છે. અહીંથી મને નવી દિશા મળી. હું ઘરે બેઠા નાનાપાયા પર મારી પ્રોડકટ બનાવતી હતી. પણ લોન સહાયથી મોટું મશીન લાવીને વ્યવસાયને ઉંચાઈ પર લઈ જવાનું નક્કી કર્યું.

તેઓ કહે છે કે, મારી અરજી PMFME પોર્ટલ ઉપર ડિસ્ટ્રિક્ટ રિસોર્સ પર્સન કેયુર પટેલ દ્વારા રજૂ કરવામાં આવી, ત્યાર બાદ આ અરજીને આ યોજનાના ડિસ્ટ્રિક્ટ નોડલ અધિકારીશ્રી(DNO), નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા બાગાયત અધિકારીશ્રી, પરિક્ષિત ચૌધરી દ્વારા સ્થળ ચકાસણી તથા સાધનીક કાગળો ચકાસ્યા બાદ ડિસ્ટ્રિક્ટ લેવલ કમિટીમાં રજૂ કરવામાં આવી અને આ કમિટી દ્વારા મંજૂરી આપવામાં આવી, ત્યાર બાદ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રૂા.૯ લાખની લોન મંજૂર કરવામાં આવી. જેમાં સરકાર દ્વારા ૩૫ ટકા લેખે રૂા.૩.૪૯ની સબસીડી સહાય પણ મળી છે. લોન મળ્યા બાદ વેસુ વિસ્તારના આગમ ઓર્ચીડ પર જગ્યા લઈને ‘સાચો સ્વાદ’ બ્રાન્ડ નેમથી યુનિટ શરૂ કરીને ચોકલેટ ગ્રેન્ડીગ મશીન, વફલ રોટરી મશીન, પેસ્ટ ફિલીગ મશીન અને પેકિંગ મશીન વસાવ્યું. આજે હું દરરોજ ૨૦ થી ૨૫ કિલો ધઉ તથા અન્ય મિલેટ્સના લોટમાંથી ચોકલેટ વફલ,વેનિલા, મિક્સ, કુકીઝ વફલ, બ્રાઉની જેવી અનેક પ્રકારની ફલેવરવાળી વફલ બનાવીને મહિને ચાર લાખનું વેચાણ કરૂ છું. શહેરના હોલસેલર તથા જૈન શોપમાં વેચાણ કરૂ છું. પ્રોસેસિંગ યુનિટમાં ચાર મહિલાઓને પણ રોજગારી આપતા હોવાનું તેઓ જણાવે છે.

### સુરત જિલ્લામાં વરસાદના વિરામ બાદ

## માર્ગ મકાન વિભાગ દ્વારા ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું યુદ્ધના ધોરણે સમારકામ

### કામરેજથી શામપુરા અતિ વ્યસ્ત ૧૫ કિ.મી. રોડ પર તાત્કાલિક પેચવર્કનું કાર્ય પુરજોશમાં

સુરત, તા.૧૦

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના માર્ગોની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજી સંબંધિત વિભાગોના અધિકારીઓને વરસાદથી નુકસાનગ્રસ્ત બનેલા માર્ગો-પુલોની મરામત માટે પેચવર્ક કરવા માટેનો આદેશ આપ્યો હતો. જેના ભાગરૂપે માર્ગ અને મકાન વિભાગ-૨ના કાર્યપાલક ઈજનેર શ્રી પ્રશાંત ચૌધરીની નિગરાની હેઠળ કામરેજ થી શામપુરાનો ૧૫ કિ.મી અતિ વ્યસ્ત રોડ પર ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું પેચ વર્કનું કામ યુદ્ધના ધોરણે હાથ ધરાયું રહ્યું છે. માર્ગ અને મકાન વિભાગ-૨ના આસિસ્ટન્ટ ઈજનેર હાર્દિકભાઈ ડાભીએ જણાવ્યું હતું કે, “જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી થયેલા ભારે વરસાદને કારણે કામરેજથી શામપુરા વચ્ચેના ૧૫.૮ કિ.મી લાંબા સ્ટેટ હાઈવે પર ખાડા પડી ગયા હતા. વરસાદમાં વિરામ બાદ તાત્કાલિક પેચ વર્કની કામગીરી હાથ ધરી વાહન વ્યવહાર ફરી સુચારુ બનાવાયો છે. આ હાઈવે બારડોલી, માંડવી અને કામરેજ તાલુકાઓને જોડે છે અને અંદાજે ૮૦ ગામડાઓને જોડતો રોડ છે, જેના કારણે આ માર્ગ પર સતત વાહન અવરજવર રહે છે. મેટલ પેચ વર્ક, ડામર પેચ વર્ક અને ટ્રાયલ બેસ ઉપર કૉન્ક્રીટ પેચ વર્કની કામગીરી કરવામાં આવી છે. આ કામગીરીથી રસ્તા ઉપયોગ કરતા લોકોને હવે ભારે રાહત અનુભવાશે.” જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના માર્ગદર્શનમાં માર્ગ અને મકાન વિભાગનું તંત્ર વરસાદી સિઝનમાં માર્ગ વ્યવસ્થાપન સુનિશ્ચિત બનાવવા સંપૂર્ણ સતર્કતા સાથે કામગીરી કરી રહ્યું છે.

**જુનમાં**

**પહેલા પાનાનું ચાલુ**

યુરોપમાં જુન મહિનામાં સૌથી ઉંચુ તાપમાન ૨૦.૪૯ ડીગ્રી હતું જે પાંચમો સૌથી ગરમ મહિનો બન્યો હતો.યુરોપ સિવાય અમેરિકા, ઉતરીય કેનેડા, ઓડીશા, તથા પશ્ચિમી એન્ટાર્ન્ટીકામાં પણ તાપમાન સરેરાશ કરતા વધુ હતું. આ મહિનામાં સમુદ્રી સપાટીનું સરેરાશ તાપમાન ૨૦.૭૨ ડીગ્રી હતું.યુરોપના માત્ર ૧૨ શહેરોમાં જ હીટવેવથી ૨૩૦૦ લોકોનો ભોગયુરોપ સહિતનાં દેશોમાં હીટવેવમાંથી હવે રાહત મળી ગઈ છે. છતાં હીટવેવ દરમ્યાન માત્ર ૧૨ યુરોપીયન શહેરોમાં જ ૨૩૦૦ લોકોનાં મોત થયા હતા. નિષ્ણાંતોનાં રીપોર્ટ પ્રમાણે ૨૩૦૦ માંથી ૧૫૦૦ મોતમાં કલાયમેટ ચેન્જની સ્થિતિ જવાબદાર હતી જેનાથી હીટવેવની હાલત વધુ ગંભીર બની ગઈ હતી.

**રશીયા પાસેથી**

**પહેલા પાનાનું ચાલુ**

મારી પાસે વિકલ્પ છે અને સંસદ પૂરી રીતે મારા એજન્ડા મૂજબ જ કામ કરી રહી છે. અમેરીકાના સેનેટર લીન્ડસે ગ્રેહામ કે જેઓ ટ્રમ્પના નજીકના સાથીદાર પણ છે તેના દ્વારા આ પ્રસ્તાવ મુકાયો છે.

**એક્સપ્રેસ-વે**

**પહેલા પાનાનું ચાલુ**

આપવામાં આવશે. જેના પર વધુમાં વધુ ૨૦ યાત્રા કરી શકાશે. ટોલ ટેકસ વસુલીની સુચના માટે લગાવેલા બોર્ડ પર આજથી દરો લગાવવાનું કામ શરૂ થઈ જશે.

**અમદાવાદ વિમાન**

**પહેલા પાનાનું ચાલુ**

ઘણી સીસ્ટમો અને તેના કેટલાક કોકપીટ ડીસ્પ્લે સીસ્ટમને પણ પાવર પુરો પાડે છે અને તેથી તે સમગ્ર વિમાનના સંચાલનમાં મહત્વપૂર્ણ છે.આ સ્વીચની ચારે બાજુ બ્રેકેટ હોય છે. જેથી સ્વીચ ભૂલથી પણ રન કે કટઓફ કરતી નથી. ઉપરાંત મેટલ સ્ટોપ લોક હોય છે. અને તેથી જ તેને રન અથવા કટઓફ પૂર્વે પહેલા આ લોક ઓન-ઓફ કરવાનું હોય છે આમ ફુલ પ્રુભ સીસ્ટમ હોય છે.એવીએશન અંગેના પ્રતિષ્ઠિત ‘એર કરંટ’ મેગેજીને પહેલા જ આ ફયુલ સ્વીચની તપાસ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ હતું. અને કહ્યું કે અકસ્માતનું કારણ તે પણ હોઈ શકે છે. જેમાં ઈરાદાપૂર્વક અથવા તો કોઈ કારણોસર ભૂલથી પણ આ સ્વીચ ઓફ થઈ ગઈ હોય અથવા સીસ્ટમમાં કોઈ એવી મોટી ખામી સર્જાઈ હોય કે સીસ્ટમમાં તે કમાંડ આગળ વધવા દે નહીં આ તમામ કારણો પર તપાસ થશે.ફલાઈટ ડેટા રેકોર્ડર કે અન્યો જે કાંઈ માહિતી મળી છે તેમાં આ સીગ્નલનો ઉલ્લેખ હોય છે કે સ્વીચ ઓન અથવા ઓફ કરવામાં આવી હતી. આમ સમગ્ર તપાસ હવે ફયુલ કંટ્રોલ સ્વીચ પર કેન્દ્રીત થઈ છે.

**અરણાચલની**

**પહેલા પાનાનું ચાલુ**

પ્રદેશે તિબેટ ઉપરાંત ભૂતાન અને મ્યાનમાર સાથે પણ સરહદ ધરાવે છે.આમ આંતરરાષ્ટ્રીય સરહદોમાં અરૂણાચલ પ્રદેશ જોડાયેલું છે પરંતુ તેમાં અમે ચીનનો સમાવેશ કરતા નથી. તેઓએ હિમાચલ પ્રદેશમાં ધર્મશાળા ખાતે દલાઈ લામાના જન્મ દિવસના કાર્યક્રમમાં હાજરી આપી હતી.

**દિલ્હી,**

**પહેલા પાનાનું ચાલુ**

હોવાનું રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રમાં નોંધાયુંછે.આમ એપી સેન્ટરમાં બે આંચકા લાગ્યા હતા તેવું જણાવાયું છે. દિલ્હીમાં લોકોએ હળવી ધ્રુજારી અનુભવી હતી પરંતુ મેટ્રોને આ પ્રકારની સ્થિતિમાં અપાયેલી સુચના મુજબ બે કે ત્રણ મીનીટ માટે રોકી દેવાઈ હતી. હરીયાણાનું ઈજ્જર પ્રથમ વખત આ પ્રકારના ભૂકંપનું ભૂમીબીંદુ બન્યુ હોવાનું માનવામાં આવે છે. પશ્ચિમી યુપીમાં પણ તેની અસર હતી.

**કર્ણાટક**

**પહેલા પાનાનું ચાલુ**

સ્વીકાર્યુ કે લોકોમાં ગભરાટ વધ્યો છે અને તેનું મુખ્ય કારણ આ પ્રકારે થતા મૃત્યુનું ઉંચુ પ્રમાણ છે પરંતુ લોકોને લાઈફ સ્ટાઈલ બદલવા માટે પણ સલાહ આપવામાં આવી રહી છે.

નજીકની સુવિધા હોય ત્યાં હાર્ટ ચેકઅપ નિયમીત કસરત અને ખાનપાનમાં પણ સુધારો કરવાની તાકીદ કરવામાં આવી છે. હાસનમાં ગત મહિને ૪૦ દિવસમાં જ ૨૩ લોકોના હદયરોગથી મૃત્યુ થયા હતા તેમાં ૧૯ થી ૨૫ વર્ષના ૬ લોકો હતો અને ૨૫થી ૪૫ વર્ષના આઠ લોકોનો સમાવેશ થતો હતો તેના કારણે લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

**કર્ણાટક**

**પહેલા પાનાનું ચાલુ**

છે.હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારમે પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. અત્યાર સુધીમાં ૩૧ પૂર, ૨૨ વાદળ ફાટવાના બનાવો અને ૧૭ ભૂસ્ખલનના બનાવો નોંધાયા છે.

પૂરપૂર્વીય આસામમાં પૂરની સ્થિતિ યથાવત્ છે. અત્યાર સુધીમાં ૩૦ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૨૯,૦૦૦થી વધુ લોકો પ્રભાવિત થયા છે. ગોલાઘાટ જિલ્લો સૌથી વધુ પ્રભાવિત છે.

મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં, વરસાદને કારણે લનવા અને તુઈથા નદીઓનું પાણીનું સ્તર વધ્યું છે. નેહસિયાલ વેંગ અને જૌમુનુઆમ જેવા ગામોમાં ૧૦૦થી વધુ ઘરો પાણીમાં ડૂબી ગયા છે.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ગંગા અને યમુનાના જળસ્તરમાં વધારો થવાને કારણે દશાશ્વમેઘ ઘાટ, રામ ઘાટ અને અન્ય ધાર્મિક સ્થળો પાણીમાં ગરકાવ થયા છે. મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લામાં સતત વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.

**બિહારની**

**પહેલા પાનાનું ચાલુ**

છે. સુધારણા કાર્ય ૨૭ જૂનથી શરૂ થઈ ગયું છે.આ કાર્યમાં ૨,૨૫,૫૯૦ કર્મચારીઓ અને સ્વયંસેવકો રોકાયેલા છે. આમાંથી ૮૧,૭૫૩ વહીવટી કર્મચારીઓ છે અને ૧,૪૩,૮૩૭ સ્વયંસેવકો છે. ૯૮,૪૯૮ મતદાન મથકો પર BLOના નેતૃત્વ હેઠળ કાર્ય ચાલી રહ્યું છે.

**ખાડી પુરના**

**પેજ-૨ પાનાનું ચાલુ**

ઈન્ડસ્ટ્રીઝ, SDM માર્કેટ તથા ખજોદ ઘન કચરો કૌભાંડ જેવી ઘટનાઓમાં શાસક પક્ષના ભ્રષ્ટાચાર સામે મૌન સહમતિ.

કોંગ્રેસના મતે, શાસક પક્ષ ભાજપ અને વિપક્ષ આપ વચ્ચે ગાઢ સાઠગાંઠ છે, અને બંને પક્ષો લોકહિત કરતાં નિતાંત રાજકીય લાભ માટે આ કૌભાંડમાં સામેલ છે. “ભાજપ-આપ ભાઈ ભાઈ, SMCમાં સાથે બેસીને ખાધી મલાઈ” જેવી સ્થિતિ સર્જાઈ છે.

આ પ્રસંગે વિપુલભાઈ ઉધનાવાલા (પ્રમુખ, શહેર કોંગ્રેસ સમિતિ), હસમુખભાઈ દેસાઈ (પૂર્વ પ્રમુખ), પપન તોગડિયા (પૂર્વ વિપક્ષ નેતા), અસલમ સાયકલવાલા, ભદ્રેશ પરમાર, શૈલેષ રાયકા, હરીશ સુર્યવંશી, અરશદ જરીવાલા, કાશીફ ઉસ્માની, રુશીન રાયકા, દીપ નાયક, નાસીર સિમેન્ટવાલા, સંજય રામાનંદી, મોહન કનોજીયા, સરફરાઝ ઘાસવાલા તથા અન્ય સિનિયર નેતાઓ અને આગેવાનો. ઉપસ્થિત રહ્યા હતા.

**આરોગ્ય વિભાગમાં**

**પેજ-૨ પાનાનું ચાલુ**

કર્મચારીઓ જ નથી. સુરત મહાનગરપાલિકામાં વિવિધ ખાતા / ઝોનમાં ૮૦૦૦ થી વધુ કામદારો અને કર્મચારીઓની ખાલી જગ્યાઓ ભરવા માટે તમામ યુનિયનોએ વારંવાર લેખિત અને મૌખિક રજુઆતો તેમજ અનેક કાર્યક્રમો કરેલ છે. છતાં પરિણામ શુન્ય છે.

**મહાનગર પાલિકા**

**પેજ-૨ પાનાનું ચાલુ**

શાળાઓની ૧૬૨થી વધુ બાળાઓએ ભારતીય પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને ગોરમાની આરાધના કરતાં ગીતો પૂરી તન્મયતાથી ગાયા હતાં. જેને ઉપસ્થિત સૌએ ભાવસભર માણ્યાં હતાં. સ્પર્ધાને અંતે નીચે મુજબની શાળાઓ વિજેતા જાહેર થઈ હતી.

ગોરમાગીત સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઈ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી મીનાબેન ગજ્જર, આસી.મ્યુનિ.કમિશનરશ્રી ડો.ગાયત્રીબેન જરીવાલા, સાંસ્કૃતિક સમિતિ ઉપાધ્યક્ષાશ્રી ૠતાબેન ખેની, સર્વે નિર્ણાયકશ્રીઓ તથા ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે ટ્રોફી એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા તથા ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને સંગીતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગોરમાંના ગીતો માણવા સાથે સ્પર્ધામાં ભાગ લેનાર બાળાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

**પામના વાવેતર**

**પેજ-૨ પાનાનું ચાલુ**

હેકટર સહાય મળવાપાત્ર રહેશે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છુક ખેડૂતોએ વધુ વિગતો માટે ગોદરેજ કંપનીના મો. ૯૪૨૬૨ ૮૫૯૧૭ અથવા નાયબ બાગાયત નિયામકની કચેરી, લાલ બંગલા સામે, ઓલપાડી મહોલ્લો, અઠવાલાઈન્સ, સુરત. ફોન નં : ૦૨૬૧-૨૬૫૫૯૪૮ પર સંપર્ક કરવા સુરત નાયબ બાગાયત નિયામકની યાદીમાં જણાવાયું છે.

**ક્ષતિગ્રસ્ત**

**પેજ-૨ પાનાનું ચાલુ**

ધરાઈ છે. જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના રસ્તાઓ પૈકી કુલ ૪૬૭ રસ્તાઓને ભારે વરસાદના કારણે નુકસાન થયું હતું, જે પૈકી કુલ ૩૩૦ રસ્તાઓમાં પેચવર્કની કામગીરી પૂર્ણ કરાઈ છે, તેમજ પ્રગતિ હેઠળના બાકી રસ્તાઓમાં પેચવર્કની કામગીરી ઝડપભેર કરવામાં આવી રહી છે.

**દિવ્યાંગોના**

**પેજ-૨ પાનાનું ચાલુ**

આવેલા કાર્યોની પ્રશંસા કરી. કનુભાઈ ટેલરને ૨૦૧૮માં દિવ્યાંગ કલ્યાણ અને સમાજ સેવા માટે પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા.

સુરતના સેવાસારથી કનુભાઈએ કહ્યું કે, મારો તેમની સાથેનો સંબંધ ઘણો જૂનો છે. જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારથી ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં તેમણે દિવ્યાંગજનોને મુખ્ય પ્રવાહમાં લાવવાનું કામ કર્યું છે. પીએમ મોદીના સમર્થનથી અમે સુરતમાં દિવ્યાંગ બાળકોના કલ્યાણ માટે એક શાળાની સ્થાપના કરી. મોદીજીએ અમને તેના માટે જમીન આપી અને આજે આ જમીન પર શાળા ઉભી છે. આ શાળાની એક એક ઈંટમાં દિવ્યાંગજનોના કલ્યાણની ભાવના સમાયેલી છે. શ્રી મોદીએ દિવ્યાંગો માટે એક હોસ્પિટલનું પણ ઉદઘાટન કર્યું હતું. એક વાર તેમણે મને કહ્યું હતું કે, કાલ સવારથી બાળકોને ભણાવો તેમની પ્રેરણાથી અમે એક મ્ઝ્છ કોલેજ શરૂ કરી, જેને વીર નર્મદ યુનિવર્સિટી તરફથી માન્યતા મળી. મને ખુશી છે કે, દિવ્યાંગ બાળકોને શિક્ષણ અને સન્માન મળી રહ્યું છે.

કનુભાઈએ દિવ્યાંગોની દયનીય સ્થિતિનો ઉલ્લેખ કરતા કહ્યું કે, દેશભરમાં તેમના માટે વૃદ્ધાશ્રમોનો અભાવ છે. દિવ્યાંગોજનોની રેલ્વે સ્ટેશનો, બગીચાઓ અને ફૂટપાથની સ્થિતિ બદલવા સરકાર કટિબધ્ધ છે. મૃત્યુ પછી તેમના મૃતદેહ લાવારિસ પડી રહે છે અને પોલીસ તેમને લઈ જાય છે. આ જોઈને મારૂ હૃદય દુઃખી થાય છે. આ સમસ્યાના ઉકેલ માટે અમે ભરૂચના ઉછડિયા ગામમાં નર્મદા નદીના કિનારે દિવ્યાંગો માટે રૂ.વીસ કરોડના ખર્ચે એક વૃદ્ધાશ્રમ બનાવવાનું નક્કી કર્યું. આ વૃદ્ધાશ્રમ એવા દિવ્યાંગ ભિખારીઓને આશ્રય આપશે જેઓ ચાલી શકતા નથી. આ વૃદ્ધાશ્રમ રિસોર્ટ જેવો હશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેનો શિલાન્યાસ કર્યો છે. કેપી ગ્રુપના ચેરમેન ફારૂકભાઈ પટેલે સંપૂર્ણ જવાબદારી લીધી છે.પીએમ મોદીની પ્રશંસા કરતા કનુભાઈએ કહ્યું, નરેન્દ્ર મોદીમાં અદ્દભુત ક્ષમતા છે. તેઓ એક જ વારમાં વ્યક્તિને ઓળખી લે છે. તેઓ જેને સારો માને છે તેને પકડીને આગળ લઈ જાય છે અને ક્યારેય છોડતા નથી. હું એક સામાન્ય માણસ હતો, પરંતુ મોદીજીએ મને દેશ અને વિદેશમાં ઓળખ આપી. એટલે જ મારા માટે તેઓ ભગવાનસ્વરૂપ છે.સમાજસેવીઓ નરેન્દ્રભાઈ મોદીની પારખી નજરોથી પ્રભાવિત છે. તેમણે કહ્યું કે, પીએમ મોદી સમગ્ર ભારતમાં પ્રવાસ કરે છે અને તેઓ દરેક વ્યક્તિ, સમાજ, સંસ્કૃતિને નજીકથી જુએ છે. તેઓ એવા વ્યક્તિને પિછાણી લે છે જે સમાજ માટે કંઈક ખાસ કરે છે. જોતાની સાથે જ તે વ્યક્તિની ઈમેજને કેપ્ચર કરી લે છે, તેમને સન્માન, એવોર્ડ, સરકારનો યથોચિત સહકાર આપે છે. આ સન્માન મેળવનારને પહેલાથી ખબર પણ નથી હોતી કે, તે તેનો હકદાર છે.કનુભાઈએ ૨૦૧૪ થી પદ્મશ્રી પુરસ્કારોની પ્રક્રિયામાં થયેલા ફેરફારોની પણ પ્રશંસા કરતા કહ્યું કે, મોદી સરકારે લોકપ્રિય પુરસ્કારો માટે ગ્રામીણ વિસ્તારો અને વિવિધ ક્ષેત્રોમાંથી લોકોની પસંદગી કરી. આ પસંદગી પ્રક્રિયા ખૂબ જ પારદર્શક અને પ્રેરણાદાયક છે. પીએમ મોદીનું ધ્યાન એવા લોકો પર પડે છે જેઓ સમાજ માટે દિવસ-રાત મહેનત કરે છે. આરોગ્ય, આજીવિકા, હસ્તકલા, કૃષિ, શિક્ષણ અને સમાજ સેવા જેવા ક્ષેત્રોના લોકોને સન્માન મળી રહ્યું છે. આ જોઈને એવું લાગે છે કે સરકાર સમાજના વાસ્તવિક નાયકોને ઓળખી રહી છે અને તેમને બમણા વેગથી કાર્ય કરવા માટે મંચ આપી રહી છે. કનુભાઈ ટેલર પોતાની સિદ્ધિઓનો શ્રેય પીએમ મોદીને આપતા કહે છે કે, નરેન્દ્ર મોદીએ મને પદ્મશ્રી અપાવ્યો, શાળા અને હોસ્પિટલ બનાવવામાં મદદ કરી. તેમના નેતૃત્વએ દિવ્યાંગોને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવાનો માર્ગ બતાવ્યો. કનુભાઈ માને છે કે, પીએમ મોદીનું વિઝન અને સમર્પણ ભારતને એક નવી દિશા આપી રહ્યું છે. મોદીજીના ૧૧ વર્ષના કાર્યકાળ દરમિયાન દેશે દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી છે. તેઓ ભારતના સુવર્ણકાળનો પાયો નાંખી રહ્યા છે, જેના પર સોનેરી ભારતની ઈમારત નિર્માણ પામશે. એમના માટે મને ખુબ સન્માન હોવાનું તેઓ જણાવે છે.



## ભરૂચ-અંકલેશ્વર રોડ પર વરસાદી કાંસમાં મગરો દેખાયા

### મગરોને જોવા લોકો એકત્ર થતા રોડ પર ટ્રાફીક જામ

સુરત, તા.૧૦

ભરૂચ જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે તળાવો ઓવરફ્લો થતા મગરો નજરે પડવાની ઘટનાઓ સામે આવી રહી છે.ત્યારે ભરૂચ-અંકલેશ્વર માર્ગ ઉપર ભૂત મામાની ડેરી પાસે વરસાદી ભરૂચ જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે તળાવો ઓવરફ્લો થતા મગરો નજરે પડવાની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે ભરૂચ-અંકલેશ્વર માર્ગ ઉપર ભૂત મામાની ડેરી પાસે વરસાદી કાંસમાં ફરી એકવાર મગર નજરે પડતા તેને જોવા માટે વાહન ચાલકોએ લાઈનો લગાવી હતી. જો કે ક્રોકોડાયલ પાર્ક તરીકે જાણીતા બનેલ આ સ્થળે અવારનવાર મગરો લટાર મારતા હોવાનું સામે આવ્યું છે.તેવામાં વન વિભાગ દ્વારા આ સ્થળ પાસે જાહેર માર્ગ પર મગરથી સાવધાન રહેવા માટેના બેનરો પણ લગાવ્યા છે.આજે ભૂતમામાની ડેરી પાસેની કાંસમાં મગર નજરે પડ્યો હોવાનો વિડીયો વાયરલ થયો છે.

## સુરત શહેરમાં અસરગ્રસ્ત રસ્તા રિપેરીંગની કામગીરી હાથ ધરાઈ

### એસએમસી કર્મચારીઓ દ્વારા પેચવર્ક, રિસર્ફેસિંગ અને રિકાપેર્ટિંગની કામગીરી

સુરત, તા.૧૦

દક્ષિણ ગુજરાત સહિત સુરત જિલ્લામાં પડેલા ભારે વરસાદને પગલે શહેર જિલ્લાના વિવિધ માર્ગો ક્ષતિગ્રસ્ત બન્યા હતા. ત્યારે રાજયભરમાં વરસાદના વિરામ બાદ રોડ-રસ્તાની પરિસ્થિતિની સમીક્ષા કરીને નાગરિકોની સુવિધા માટે મુખ્યમંત્રી દ્વારા તેના સમારકામ માટે સૂચન કરાયું હતું. જેના ભાગરૂપે મ્યુ.કમિશનર શ્રી શાલિની અગ્રવાલના માર્ગદર્શનમાં સુરત મનપા દ્વારા નુકસાનગ્રસ્ત માર્ગોના મરામતની કામગીરી હાથ ધરાઈ છે. શહેરના વિવિધ વિસ્તારોમાં અસરગ્રસ્ત નાના મોટા રોડ, રસ્તાઓ પર પેચવર્ક, રિસર્ફેસિંગ અને રિકાર્પેટિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં ઉધના ત્રણ રસ્તા, લિંબાયત નિલગિરી ગ્રાઉન્ડ, સાંઈ પોઈન્ટ ડીંડોલી, ભીમરાડ રોડ, રાહુલ રાજ મોલ અને લાલભાઈ સ્ટેડિયમ-વેસુ સહિતના રસ્તાઓનું સમારકામ કરાયું હતું.

## હોસ્પિટલ બ્લેક લીસ્ટ હોવાનું બહાનું વિમા કંપનીને ભારે પડ્યું

### વિમાદારને ૫૦ હજાર ચૂકવી દેવા કોર્ટનો હુકમ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

બ્લેક લીસ્ટમાં ન હોવા છતાં હોસ્પિટલ એક્સ્ક્લુડેડ પ્રોવાઈડર છે તેમ કહી દર્દીનો ક્લેઈમ નામંજુર કરવાનું વિમા કંપનીને ભારે પડ્યું હતું. કોર્ટે વિમા કંપનીને રૂ.૫૦ હજાર વિમેદારને ચુકવી આપવા આદેશ કર્યો હતો. ફરિયાદી તરફે વકીલ નરેશ નાવડીયાએ દલીલો કરી હતી.આ કેસની વિગતો અનુસાર, સરથાણા પાર્વતી સોસાયટીમાં રહેતા નિલેશ પાંભરની પત્નીએ ખાનગી હોસ્પિ.માં તાવ અને ડેંગ્યુની બિમારીની સારવાર લીધી હતી. સારવારનો ખર્ચ રૂ.૫૦ હજાર થતા નિલેશ પાંભરે એચ.ડી.એફ.સી. એરગો જનરલ ઈન્સ્યુરન્સ કંપનીમાં ક્લેઈમ કર્યો હતો. પરંતુ વિમા કંપનીએ નિલેશ પાંભરની પત્નીએ જે હોસ્પિ.માં સારવાર લીધી તે હોસ્પિટલ બ્લેકલિસ્ટમાં હોવાનું કારણ આગળ ધરી ક્લેઈમ નકારી કાઢ્યો. જેથી નિલેશ પાંભરે વકીલ નરેશ નાવડીયા અને જીજ્ઞેશ હરિયાણી મારફતે સુરત ગ્રાહક કોર્ટમાં ઉપરોક્ત વિમા કંપની સામે કેસ કર્યો હતો. આ કેસ ચાલી જતા ઈન્ચાર્જ પ્રમુખ કે.એ. દર્સોદી અને સભ્ય પૂર્વી વિશાલ જોષીએ નિલેશ પાંભરની ફરિયાદ મંજૂર કરી અને એચડીએફસી જનરલ ઈન્સ્યોરન્સ કંપનીને રૂ. ૫૦,૦૦૦નો ક્લેઈમ ૯ ટકાના વ્યાજ સહિત તેમજ ફરિયાદીને માનસિક અને શારીરિક ત્રાસ બદલ ૫૦૦૦ ચૂકવવાનો આદેશ કર્યો હતો.

## ષડયંત્ર કેસમાં એડવોકેટ વિનોદ પટેલના આગોતરા જામીન મંજૂર

### સેશન્સ કોર્ટે આગોતરા જામીન અરજી મંજૂર કરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

બેગમપુરા ન્યુ પશુપતિ માર્કેટની બે દુકાન પચાવી પાડવાના ષડયંત્રમાં સંડોવાયેલા અડાજણના વકીલ વિનોદ પટેલના આગોતરા જામીન સુરત સેશન્સ કોર્ટે મંજુર કર્યા હતા. બચાવ પક્ષના સીનીયર વકીલ નિલેશ વઘાષીયાની દલીલો કોર્ટે માન્ય રાખી હતી. આ કેસની વિગત એવી છે કે, મુંબઈ મલાડ-વેસ્ટ પ્રેમજી જમ્સુ પટેલ ચાલમાં રહેતા સંધ્યાબેન ભુપેન્દ્ર મલકાનીની બેગમપુરાની ન્યુ પશુપતિ ટેક્સટાઈલ માર્કેટમાં બે માલિકીની દુકાન આવેલી છે. સંધ્યાબેને માર્કેટના ઓર્ગેનાઈઝરના વહીવટદાર જીતુ કાસોદરીયા હસ્તક આ દુકાનો ભાડે આપી હતી. દરમિયાન જીતુ કાસોદરીયાનુ અવસાન થયુ હતું. ત્યારબાદ આરોપી એવા વકીલ વિનોદ ઠાકરશી પટેલ(રહે.રાધાનગર, અજરામર ચોક પાસે, ન્યુ રાંદેર, રોડ, મુળ સુરેન્દ્રનગર) અને મારૂતિ ફેબ્રીક્સના નામે ધંધો કરતા મનોજ જાજુ અને તેના દીકરા મનિષ જાજુએ એકબીજાના મેળાપીપણામાં બંને દુકાનોના બોગસ ડોક્યુમેટન્ટ બનાવી પચાવી પાડવાનો પ્રયાસ કર્યો હોવાની ફરિયાદ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ કેસમાં આરોપી વિનોદ પટેલે સીનીયર વકીલ નિલેશ વઘાસિયા મારફતે સુરત કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. આરોપી તરફે દલીલ થઈ હતી કે મુળ ફરિયાદી સંધ્યાબેને, રાજેશભાઈ દોષી તથા કાયદાના જાણકાર વ્યક્તિઓનાં મેળાપીપણામાં વકીલ વિનોદ પટેલ વિરૂધ્ધ તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલ હકીકતો આધારિતની સલાબતપુરા ફરિયાદ આપી હતી.સને-૨૦૧૨થી ૨૦૨૪ સુધી વિનોદનો દુકાન ઉપર કબજો છે. વધુમાં મહાદેવ કોર્પોરેશન ભાગીદારી પેઢીના ભાગીદારોએ બંને દુકાને એક વાર વેચાણથી આપી દીધેલ હોવા છતાં સને-૨૦૧૫ નાં અરસામાં આ કામના મુળ ફરિયાદીને પાછળથી બોગસ અને ફોર્જ કબજા રસીદ લખી આપી હતી. કોર્ટે બચાવ પક્ષની દલીલો માન્ય રાખી હતી.

## બારડોલીમાં ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ અભિયાન

### ૧૮ ગામોના ૭૦૦થી લોકોએ વિવિધ યોજનાઓનો લાભ મેળવ્યો

સુરત, તા.૧૦

ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ અભિયાન અંતર્ગત આદિજાતિની વસ્તી ધરાવતા ગામોમાં પાયાની માળખાકીય તથા વ્યકિતલક્ષી યોજનાઓના લાભો ઘર આંગણે મળી રહે તે માટે સુરત જિલ્લાના બારડોલી તાલુકાના સેજવાડ ગામે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાના અધ્યક્ષસ્થાને સેવા સેતુનો કેમ્પ યોજાયો હતો. સેજવાડ ખાતે યોજાયેલા કેમ્પ ૧૮ ગામોના ૭૦૦થી વધુ જરૂરીયાતમંદોએ જાતિના દાખલાઓ, વૃધ્ધ સહાય, પ્રધાનમંત્રી સન્માન યોજના હેઠળ તથા ખેતીવાડી, હળપતિ સર્વાંગી યોજના, આધારકાર્ડ, આયુષ્માન કાર્ડ, હેલ્થ ચેકઅપ કેમ્પ સહિતની ૧૩ યોજનાઓના લાભો મેળવ્યા હતા. આ અવસરે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર કટિબધ્ધ છે. જે માટે વડાપ્રધાનશ્રીએ ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ અભિયાન ઉપાડયું છે. છેવાડાના માનવીઓને અનેકવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો ઘર આંગણે મળી રહે તે માટે કેમ્પનું આયોજન કર્યું છે. ગામનો એક પણ લાભાર્થી લાભથી વંચિત રહી ન જાય તે માટે સૌને સાથે મળીને કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો. આ અવસરે કારોબારી સભ્યશ્રી કિરણભાઈ પટેલ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી ભાવસિંહ પરમાર, અગ્રણી જીતુભાઈ વાસીયા, સરપંચ પિંકલબેન હળપતી, વાંકાનેરના સરપંચ નિકીતાબેન, અન્ય પદાધિકારીઓ, જે તે ગામના તલાટીઓ, લાભાર્થીઓ મોટી ઉપસ્થિત રહ્યા હતા.

## માંડવી ખાતે ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ અભિયાન

### ૧૧ ગામોના ૭૬૫ જરૂરીયાતમંદ લાભાર્થીઓએ વિવિધ યોજનાઓનો લાભ લીધો

સુરત, તા.૧૦

ધરતી આબા ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત માંડવી તાલુકાના જુનવાણ પ્રા.શાળા ખાતે જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીની અધ્યક્ષતામાં સરકારી યોજનાઓના ઘરઆંગણે લાભ એનાયત કરવા માટે કેમ્પ યોજાયો હતો. ગ્રામજનોને સ્થાનિક સ્તરે જ વિવિધ યોજનાઓનો લાભ, યોજનાકીય માર્ગદર્શન મળી રહે તે હેતુસર સ્ટોલ્સ ઉભા કરાયા હતા. કેમ્પમાં ૧૧ ગામોના ૭૬૫ જરૂરીયાતમંદ લાભાર્થીઓએ વિવિધ યોજનાઓનો લાભ મેળવ્યો, જેમાં આધારકાર્ડ-૭૬, આયુષ્યમાન કાર્ડ-૨૮, પીએમજનધન-૩૨, પીએમ સુરક્ષા યોજના-૩૨, પીએમજીવન જયોતિ વિમા-૩૨, સિકલસેલ તપાસ-૪૪, રેશનકાર્ડ અરજી-૨૨ તથા જાતિ અંગેના દાખલા-૯ લાભાર્થીઓએ લાભો અને પ્રમાણપત્રો મેળવ્યા હતા. કલેક્ટરશ્રીએ આરોગ્ય, ખેતીવાડી, મહિલા અને બાળ વિકાસ, પુરવઠા, આધાર સર્વિસ, બેન્કીગ સ્ટોલની મુલાકાત લઈ અધિકારી-કર્મચારીઓ અને લાભાર્થીઓ પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે પ્રાંત અધિકારી, મામલતદાર અને કર્મચારીઓ, સરપંચ ઉપસ્થિત રહ્યા હતા.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

ગુરૂવાર, તા.૧૦ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## સર્વ શિક્ષાની નવી માર્ગદર્શિકાથી રોફ જમાવતા સીઆરસી પર લગામ

### હવે સીઆરસીએ ફરજિયાત પૂર્ણ સમય શાળામાં રોકાવુ પડશે, દિવસ દરમિયાન ત્રણ વખત સેલ્ફી અપલોડ કરવાની રહેશે

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૦**

સીઆરસી બનીને શાળાના આચાર્ય-શિક્ષકો ઉપર રોફ જમાવી ચરી ખાતા સીઆરસી માટે ગુજરાત શાળા શિક્ષણ પરિષદ સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ સમગ્ર શિક્ષા દ્વારા સ્કૂલ મોનીટરિંગ એફ (એસએમએ)માં ધરખમ ફેરફાર કરી જે તે સીઆરસીને પૂર્ણ સમય માટે ફાળવેલી શાળામાં ફરજિયાત ઉપસ્થિત રહેવાનો આદેશ કરી દીધો હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર શિક્ષા તરફથી શાળા મુલાકાત અને વર્ગખંડ અવલોકન માટે સીઆરસીને સ્કૂલ મોનીટરીંગ એપ આપવામાં આવી છે. આ એપમાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યાં છે અને નવી પ્રશ્નાવલી મુકવામાં આવી છે. નવી માર્ગદર્શિકા મુજબ સીઆરસીએ પૂર્ણ સમય શાળામાં રોકાય એ માટે પ્રાર્થના સંમેલન, મધ્યાયન ભોજન અને શાળા છૂટતી વખત સેલ્ફી પાડીને સીઆરસીએ એપ પર મોકલવાની રહેશે. તેમજ શાળાના ત્રણ વિભાગ બાળવાટિકા, નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિકનું દિવસમાં ત્રણ વખત અવલોકન કરી ફરજિયાત મુકવાનું રહેશે. વધુમાં શાળા આચાર્ય દ્વારા તાસ ભણાવવા આવતા ન હતા જેથી આ સીઆરસી એપમાં ફરજિયાત નિયમિત રીતે આચાર્યે ત્રણ તાસ લેવાના રહેશે અને નિયમિત લોકબુકમાં આ નોધ કરે છે. કે નહીં એ અંગેની નોંધ સીઆરસીએ એપમાં બ્લોક નં.૧૨ અચુક ભરવાનું રહેશે.

સર્વે શિક્ષાની આ નવી માર્ગદર્શિકા તાજેતરમાં બહાર પાડવામાં આવી છે જેને કારણે અત્યાર સુધી મનમાની કરનારા કેટલાક સીઆરસી પર લગામ લાગી જશે અને ફરજિયાત પૂર્ણ સમય માટે શાળામાં રોકાવુ પડશે.

## શારદાયતન શાળામાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરુવંદના



આજે ગુરુપૂર્ણિમા નિમિતે પીપલોદ સ્થિત પ્રતિષ્ઠિત શારદાયતન શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા ગુરુવંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સ્કૂલના વિદ્યાર્થીઓએ શિક્ષકોની પૂજા કરી ગુરૂજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. ગુરુવંદના કાર્યક્રમમાં શાળાના પ્રમુખ ટ્રસ્ટી હેમંતભાઈ પટેલ, અન્ય ટ્રસ્ટીઓ પ્રકાશભાઈ પંડ્યા, પ્રફુલ્લભાઈ ગાંધી વગેરેએ પણ ઉપસ્થિત રહીને સ્કૂલના આચાર્યો તથા શિક્ષકોને ગુરુપૂર્ણિમા દિનની શુભકામના પાઠવી હતી.

## શ્રીનાથ જ્વેલર્સમાં લૂંટ વીથ મર્ડર કેસના આરોપીને બપોર બાદ કોર્ટમાં રજુ કરાશે

### લોકોની મારનો ભોગ બનેલા આરોપી દીપક પાશ્વાનને ગઈકાલે હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૦**

સચિન જ્વેલર્સની દુકાનમાં થયેલી લૂંટ વીથ મર્ડર કેસમાં લોકોના હાથે પકડાયેલા લૂંટારૂને સારવાર બાદ રજા આપી દેવામાં આવતાં આજે બપોર બાદ તેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવામાં આવશે.

સોમવારે રાત્રિના અરસામાં સચિનની શ્રીનાથજી જ્વેલર્સમાં પિસ્ટલ સાથે ધસી આવેલા ચાર લૂંટારૂઓએ ઘરેણાની ચોરી કરી ભાગવા જતા પ્રતિકાર કરી રહેલા જ્વેલર્સના માલિક આશિષ રાજપરાને ગોળીઓ ધરબી થઈ મોતને ઘાટ ઉતારી દેવાના ચકચારિત કેસમાં હાલ ત્રણ લૂંટારૂઓ પોલીસ પકડથી દૂર છે. જયારે લૂંટ દરમિયાન જ્વેલર્સની દુકાન નજીક શાકભાજી વેચતા નાઝીમ શેખ અને અન્ય લોકોએ ૪ લૂંટારૂ પૈકી દિપક પાશ્વાનને ઝડપી પાડ્યો હતો. લોકોએ દિપક પાશ્વાનને ખૂબ માર માર્યો હતો. દિપકને ખાનગી હોસ્પિ.માં દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન દિપકને રજા આપી દેવામાં આવી હતી. આજે બપોર બાદ દિપકને રિમાન્ડ માટે સુરત કોર્ટમાં રજૂ કરાશે તેવુ પીઆઈ વાઘેલાએ જણાવ્યું હતું.

## સરથાણામાં મિત્રે મિત્રનું રૂા.૧૭ લાખનું કરી નાખ્યું

### થાર અને બુલેટ વેચાતી લીધા બાદ પેમેન્ટ ચૂક્યું નહીં

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૦**

સરથાણા વિસ્તારમાં મિત્રએ જ મિત્રને ભરોસામાં લઈ ૧૮ લાખથી થાર તેમજ બુલેટ વેચાતી લઈ માત્ર ૪.૨૩ લાખ ચુકવી બાકીના રૂપીયા નહીં ચુકવી રૂ.૧૭ લાખની છેતરપિંડી કરી હોવાની ફરીયાદ સરથાણા પોલીસ સ્ટેશનમાં નોંધાઇ હતી.

સરથાણા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર મુળ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના વતની અને હાલ ઉત્રાણ એમ્પોરીસ ગેલેક્સીમાં રહેતા નિલેશ બાબુભાઇ પરમાર ઉ.વ.૩૭ વોલપેપર કારપેટના ધંધા સાથે સંકળાયેલા છે. દરમિયાન ગત ૪-૨-૨૦૨૪ના સમયગાળામાં નિલેશ પરમારના મિત્ર ભાવગીરી રામગીરી ગોસાઇ (રહે. સરથાણા સિમાડા ગામ, રોયલ પ્લાઝા દુકાન નં.બી-૨૪૩)એ મિત્રતાની આડમાં નિલેશ પરમાર પાસેથી તેની થાર ગાડી તેમજ બુલેટ વેચાણથી લીધું હતું. જેની સામે ટુકડે ટુકડે રૂ.૪.૨૩ લાખ ચુકવ્યા હતા. જયારે બાકીના રૂ.૧૭ લાખ નહીં ચુકવી વિશ્વાસઘાત કર્યો હતો. આ મામલે નિલેશ પરમાર દ્વારા ગઇકાલે રાત્રે સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

## વરસાદના વિરામ સાથે સુરતના તાપમાનમાં વધારો નોંધાયો

### લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી નોધાયું

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૦**

હવામાન વિભાગે આગામી ૧૫ જુલાઈ સુધી સુરત સહિત દક્ષિણ ગુજરાતના જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી છે ત્યારે વિતેલા બે દિવસથી સુરતમાં વરસાદે વિરામ લીધો છે વરસાદની આગાહી વચ્ચે મહત્તમ તાપમાન ૩૧ સેલ્સિયસ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન પણ ૨૭ ડિગ્રી રહેતા આંશિક ગરમી અને બફારા નું વાતાવરણ રહ્યું છે. આજે પણ બપોર થતા વરસાદના વિરામ વચ્ચે શહેરમાં વાદળ છવાયું વાતાવરણ રહ્યું હતું.

હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી છે જોકે સુરત શહેર જિલ્લામાં મેઘરાજાએ બે દિવસ થી વિરામ લીધો છે. ત્યારે આજે બપોરે બાર વાગતા તાપમાન ઉંચે ગયું હતું. વરસાદે વિરામ લેતા જ લઘુતમ અને મહત્તમ તાપમાનમાં વધારો નોંધાયો છે. વીતેલ બે. દિવસથી શહેર જીલ્લા માં વરસાદ નું જોર ઘટ્યું છે. જોકે સમુદ્રમાં સર્જાયેલા લો પ્રેશરને કારણે ૧૫ જુલાઈ સુધીમાં વરસાદ પડી શકે છે

## ઘરકામ બાબતે ઠપકો મળતા યુવતીનો આપઘાતનો પ્રયાસ

### મહુવા તાલુકાના મહુવરિયા ગામની ઘટના

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૦**

મહુવા તાલુકાના મહુવરીયા ગામે રહેતી ૧૮ વર્ષિય યુવતીએ માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતા માઠુ લગાડી ખેતરમાં રાખવાની દવા પી લીધી હતી. ગંભીર હાલતમાં યુવતીને સારવાર માટે વ્યારાની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

મહુવાના મહુવરીયા ગામ ખાતે રહેતી યુવતીએ માતાએ ઘરકામ કરવા બાબતે ઠપકો આપતા ખેતરમાં નાંખવાની ઝેરી દવા પી લીધી હતી. યુવતીને તાત્કાલિક સારવાર માટે વ્યારાની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ મામલે મહુવા પોલીસે જાણવા જોગ લઇ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

## ક્રુરતાપૂર્વક ટ્રકમાં લઈ જવાતા પાંચ જાનવરને મુક્ત કરાવાયાં

### ગૌરક્ષકોએ કામરેજ હાઈવે પર ટ્રક આંતરી હતી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૦**

કામરેજ ને.હા.નં.૪૮ વલથાણગામની સીમમાંથી પસાર થઈ ટ્રકમાં ક્રુરતા પુર્વક લઈ જવાઈ રહેલા ૫ પાડાને કામરેજ પોલીસે ગૌરક્ષકની મદદથી મુક્ત કરાવી ટ્રકના ડ્રાઈવર સામે ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ભરૂચના નાના નાગોરીવાડ ખાતે રહેતો અઝીમ ઐયુબ મુન્સી કામરેજના વલથાણ ગામની સીમમાંથી એક ટ્રક લઈને પસાર થઈ રહ્યો હતો. ટાટા કંપનીના આ ટ્રકમાં કુલ ૫ પાડાને ક્રુરતા પુર્વક રાખવાાં આવ્યા હતા. કતલ કરવાના ઈરાદે લઈ જવાતા આ પાંચ પાડા અંગે એક ગૌરક્ષકને માહિતી મળતા તેણે પોલીસને જાણ કરી હતી. આ મામલે કામરેજ પોલીસને સાથે રાખી પોલીસે પાંચ પાડાને મુક્ત કરાવ્યા હતા.

## ભરણ પોષણના કેસમાં ૬.૪૮ લાખ ચૂકવવા ફેમિલી કોર્ટનો આદેશ

### વકીલ જાવેદ મુલતાની અને જુનેદ મન્સુરી મારફતે પરિણીતાએ પતિ વિરૂદ્ધ ખાધાખોરાકીનો દાવો કર્યો હતો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૦**

માતા અને સગીર બાળકોને ભરણપોષણના રૂ.૬.૪૮ લાખ ચુકવવા સુરત ફેમિલી કોર્ટે આદેશ કર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, લિંબાયત ખાતે રહેતી સલમાબાનું(નામ બદલ્યું છે)ના લગ્ન વર્ષ ૨૦૦૯માં બિહાર સીતામણી ખાતે રહેતા સલીમ(નામ બદલ્યું છે) સાથે થયા હતા. દરમિયાન બંને વચ્ચે મનમેળ ન બેસતા ઝઘડાઓ થતા રહેતા હતા. સલમાને દહેજની માગણી સાથે માનસિક શારીરિક ત્રાસ પણ ગુજારાતો હતો. પતિ સલીમને જુગારની પણ ટેવ હતી. દહેજમાં મળેલી રકમ જુગારમાં હારી ગયો હતો. તદુપરાંત અન્ય સ્ત્રીઓ સાથે પણ અનૈતિક સંબંધો હતા. દરમિયાન સલમાબાનુંને વર્ષ ૨૦૨૧માં ઘરેથી કાઢી મુકી હતી. જેથી સલમાએ પતિ સલીમ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તદુપરાંત સલમાએ સંતાનો સહિતની ખાધાખોરાકી મેળવવા ફેમીલી કોર્ટમાં ખાધાખોરાકીની અરજી કરી હતી.

ફેમિલી કોર્ટે રૂપિયા ૧૨,૦૦૦/- માસિક લેખે ૫૪ માસના ૬.૪૮ લાખ ચુકવવાનો હુકમ કર્યો હતો. ફરિયાદી તરફે વકીલ જાવેદ એ. મુલતાની તથા જુનેદ આર.મન્સુરીએ હાજર રહી દલીલો કરી હતી.

## ડીંડોલીમાં કાર બેફામ : ત્રણ જણાંને અડફેટમાં લીધા

### ઈજાગ્રસ્ત બાળક અને આધેડને હોસ્પિટલમાં ખસેડાયા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૦**

સુરત શહેરમાં અકસ્માતના બનાવોમાં પણ ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે. ડીંડોલી ખાતે ગત મોડી રાત્રે પણ એક હીટ એન્ડ રનની ઘટના સામે આવી હતી. કાર ચાલકે પુરઝડપે હંકારી લાવીને ત્રણ લોકોને અડફેટે લઈ ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં એક માસુમ બાળકનો પણ સમાવેશ થાય છે. માસુમ બાળકને ગંભીર ઈજા પહોંચી હોવાનુ જાણવા મળ્યું છે.

અકસ્માતની વિગત એવી છે કે, સુરતના સાંઈ પોઈન્ટ પર ગઈ કાલે મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવેલા એક કારના ચાલકે અકસ્માત સર્જ્યો હતો. પુરઝડપે અને ગફળતરી રીતે હંકારી લાવેલા કાર ચાલકે પસાર થતાં એક બાળક, વૃદ્ધ સહિત અંદાજિત ૩ વ્યક્તિઓને ટક્કર મારી હતી. ત્યારબાદ અકસ્માત સર્જી કાર ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત બાળક અને વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે હોસ્પિ.માં ખસેડવામાં આવ્યા હતા. બાળક અને વૃદ્ધને ગંભીર ઈજા પહોંચતા ગઈ કાલે રાત્રે દાખલ કરવામાં આવ્યા હતા. હાલ ડીંડોલી પોલીસે સીસીટીવી ફુટેજના આધારે કાર ચાલક સુધી પહોંચવાની કડી શોધી રહી હતી.


### જાહેર નોટીસ

**મહેરબાન સુરતનાં અધિક સ્મોલ કોઝ કોર્ટનાં જજ સાહેબની કોર્ટમાં, મુ.સુરત.**
**અધિક સ્મોલ કોઝ કોર્ટ, રૂમ નં.૭૧૯, સાતમો માળ, ડિસ્ટ્રીક્ટ, અઠવાલાઈન્સ, સુરત.**
**સ્મોલ સમરી મુકદમાં નંબર : ૨૬૦/૨૦૨૪.**
વાદી વકિલશ્રી આર.આર.મુસલમાન

**વાદી : રાધે વેલ્સ ભાગીદારી પેઢીનાં ભાગીદાર તથા ઓથોરાઈઝ્ડ પર્સન/ અધિકૃત વ્યક્તિ તરીકે જ્ઞાનપ્રકાશ સુરેન્દ્રકુમાર અગ્રવાલ**
સરનામું : પ્લોટ નં. ઈ ૬/૧, રાધે વેલ્સ, રોડ નં.૧૮, હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સચીન, સુરત સરનામું- ૨/૯૫૦, નરશીંગ શેરી, સગરામપુરા, સુરત-૩૯૫૦૦૨

**વિરૂદ્ધ**

**પ્રતિવાદી : (૧) ગણપતિ ફેબ, એક પ્રોપાયટરશીપ ફર્મ**
ઠેકાણું :-ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં.જી-૧૧૭, શ્રી કુબેરજી ટેક્ષટાઈલ વર્લ્ડ, સારોલી, સુરત : ૩૯૪૨૧૦.
**(૨) પ્રવિણભાઈ મિત્તલ, તે ગણપતિ ફેબનાં પ્રોપાયટર/ ઓથોરાઇઝ્ડ** સિગ્રેટરી, ઠેકાણું ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં.જી-૧૧૭, શ્રી કુબેરજી ટેક્ષટાઈલ વર્લ્ડ, સારોલી, સુરત-૩૯૪૨૧૦

**-::જાહેર સમન્સઃ:-**

**વાદીએ દિવાની કાર્યરીતી અધિનીયમ ૧૯૦૮ના હુકમ ૩૭ હેઠળ મુળ રકમ રૂા.૨.૦૩,૮૨૮/- અંકે રૂા.બે લાખ ત્રણ હજાર આઠસો અઠ્યાવીસ પૂરા વ્યાજ અને વ્યાજની નુકશાની સહીતની વસુલાત માટે તમારી સામે દાવો માંડ્યો છે. આથી તમને સમન્સ કાઢીને સમન્સ બજ્યાના દસ દિવસની અંદર તમારે તમારા વતી કોઈને હાજર રાખવાનું ફરમાવવામાં આવે છે. કસુર થશે તો, વાદી સદરહુ દસ દિવસની મુદ્દત પુરી થયા પછી રૂા.૨.૦૩,૮૨૮/- અંકે રૂા.બે લાખ ત્રણ હજાર આઠસો અઠ્યાવીસ પુરાની રકમ કરતા વધુ ન હોય તેટલી રકમનું અને ન્યાયાલયને ખર્ચ બદલ ઠરાવે તે રૂા.૨.૦૩,૮૨૮/- અંકે રૂા.બે લાખ ત્રણ હજાર આઠસો અઠ્યાવીસ પૂરા તેના વ્યાજ સહીતનું હુકમનામું મેળવવા હક્કદાર થશે.**

**જો તમારા વતી કોઈને હાજર રાખ્યા હશે તો ત્યારબાદ વાદી ચુકાદા વખતે તમને સમન્સ બજાવી શકશે અને તે અંગેની સુનાવણી વખતે દાવાનો બચાવ કરવાની રજા આપવા ન્યાયાલયને જણાવવાનો તમને હક્ક રહેશે. દાવાનો બચાવ ગુણદોષ ઉપર થઈ શકે છે અથવા દાવાના બચાવ કરવાની તમને છૂટ આપવી વ્યાજબી ગણાશે તેવી સોગંદનામા દ્વારા અથવા બીજા દસ્તાવેજના આધારે ન્યાયલયને ખાતરી કરાવવાથી બચાવ કરવાની રજા મળી શકશે.**

**આજ તારીખ:૦૯ માહે જુલાઈ સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો કિસ્સો કરી આપ્યો**

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| ફેનિલ બી.પટેલ | (એ.એસ. રબારી) | | (પ્રજ્ઞા કે.દેસાઈ) |
| આસિસ્ટન્ટ | સુપ્રિન્ટેન્ડન્ટ | | રજીસ્ટ્રાર |
| એડી.સ્મોલ કોઝ કોર્ટ.સુરત | એડી.સ્મોલ કોઝ કોર્ટ.સુરત | | સ્મોલ કોઝ કોર્ટ,સુરત. |

### Public Notice

**In the honorable court of the Judge of the Additional Small Causes Court, Surat.**
(Additional Small Causes Court, Room No. 719, Seventh Floor, District Court, Athwalines, Surat.)

**SMST R-113/2023.**
**Plantiff advocate R.R.Musalman**

**Plaintiff: Ashirwad Creation, a Proprietorship Firm.**
Address-1015, 1st Floor, Shri Mahalaxmi Market, S.T.M., Opposite Ring Road, Surat. Its Proprietor, **Shrimati Pooja Vasudev Geryani.**

**...versus...**

**Defendant: Sal Trading-Sole Proprietorship Firm,**
Address:- B-405, Camp Plaza Bank of Baroda, Malad Mind Space, Chincholi, Malad (West), Mumbai-400064.
**As its Proprietor, Shri Prakash Gopaldas Pritmani,**
Resident:- 218, Second Floor, Nandagopal Industrial Estate, Opposite Bhumi Plaza, Dadar (West) Mumbai-400014.

**Public Summons.**

The plaintiff has filed a suit against you under Order 37 of the Civil Procedure Act, 1908, for the principal sum of **Rs. 1,16,647/-** (Rupees One Lakh Sixteen Thousand Six Hundred and Forty-Seven) and interest thereon.

You are hereby summoned and ordered to produce someone on your behalf within ten days of the service of this summons. In default of such notice, the plaintiff shall be entitled, after the expiry of the said period of ten days, to a sum not exceeding **Rs. 1,16,647/-** (Rupees One Lakh Sixteen Thousand Six Hundred and Forty-Seven), along with such sum as the court may determine as costs, to a decree of **Rs. 1,16,647/-** (Rupees One Lakh Sixteen Thousand Six Hundred and Forty-Seven) and interest thereon.

If you have someone present on your behalf, the plaintiff may summon you at the time of judgment, and you will have the right to ask the court to grant you leave to defend the claim at the hearing. The claim may be defended on the merits or by satisfying the court by affidavit or other documents that it would be reasonable to allow you to defend the claim.

This day, date: 26 June 2025. My hand and the seal of the court have been affixed.

| Prepared Seal | Verified by | Court Seal | By order |
|---|---|---|---|
| Fenil B.Patel | Chetan N.Patel | | (Pragna K. Desai) |
| Assistan | Suprintendent | | Registrars |
| Additional Small Causes Court | Additional Small Causes Court | | Small cause court |

### જાહેર નોટીસ

**અધિક સ્મોલ કોઝ કોર્ટ, રૂમ નં.૭૧૯, સાતમો માળ, ડિસ્ટ્રીક્ટ, અઠવાલાઈન્સ, સુરત.**
**મહેરબાન સુરતનાં અધિક સ્મોલ કોઝ કોર્ટનાં જજ સાહેબની કોર્ટમાં, મુ.સુરત.**
**સ્મોલ સમરી મુકદમાં નંબર : ૧૧૧/૨૦૨૩.**
વાદી વકિલશ્રી આર.આર.મુસલમાન

**વાદી : આર્શીવાદ ક્રિએશન પ્રોપ્રાઈટરશીપ ફર્મ.**
સરનામું : ૧૦૧૫, પહેલોમાળ, શ્રી મહાલક્ષ્મી માર્કેટ, એસ.ટી.એમ., રીંગરોડની સામે, સુરત તેના પ્રોપ્રાઈટર તરીકે. **શ્રીમતી પુજા વાસુદેવ ગેરયાની.**

**વિરૂદ્ધ**

**પ્રતિવાદી : ક્રિષ્ના ટેક્ષટાઈલ્સ-વ્યકિતગત માલીકીની પેઢી,**
સરનામું:-૪૧૧, ચોથો માળ, અજન્ટા શોપીંગ સેન્ટર, રીંગરોડ,સુરત-૩૯૫૦૦૨.
**તેનાં પ્રોપ્રાયટર તરીકે, શ્રી કિશનકુમાર તિવારી,**
ઉ.આ.વ. પુખ્તવયનાં. ધંધો-વેપાર,
સરનામું :- ૪૧૧, ચોથો માળ, અંજન્ટા શોપીંગ સેન્ટર, રીંગરોડ,સુરત-૩૯૫૦૦૨

**-::જાહેર સમન્સઃ:-**

**વાદીએ દિવાની કાર્યરીતી અધિનીયમ ૧૯૦૮ના હુકમ ૩૭ હેઠળ મુળ રકમ રૂા.૧,૦૬,૬૧૦/- અંકે રૂા.એક લાખ છ હજાર છસ્સો દશ પૂરા અને તેના વ્યાજ માટે તમારી સામે દાવો માંડ્યો છે. આથી તમને સમન્સ કાઢીને સમન્સ બજ્યાના દસ દિવસની અંદર તમારે તમારા વતી કોઈને હાજર રાખવાનું ફરમાવવામાં આવે છે. કસુર થશે તો, વાદી સદરહુ દસ દિવસની મુદ્દત પુરી થયા પછી રૂા.૧,૦૬,૬૧૦/- અંકે રૂા.એક લાખ છ હજાર છસ્સો દશ પુરાની રકમ કરતા વધુ ન હોય તેટલી રકમનું અને ન્યાયાલયને ખર્ચ બદલ ઠરાવે તે રૂા.૧,૦૬,૬૧૦/- અંકે રૂા.એક લાખ છ હજાર છસ્સો દશ પુરાની રકમનું તથા તેના વ્યાજ સહીતનું હુકમનામું મેળવવા હક્કદાર થશે.**

**જો તમારા વતી કોઈને હાજર રાખ્યા હશે તો ત્યારબાદ વાદી ચુકાદા વખતે તમને સમન્સ બજાવી શકશે અને તે અંગેની સુનાવણી વખતે દાવાનો બચાવ કરવાની રજા આપવા ન્યાયાલયને જણાવવાનો તમને હક્ક રહેશે. દાવાનો બચાવ ગુણદોષ ઉપર થઈ શકે છે અથવા દાવાના બચાવ કરવાની તમને છૂટ આપવી વ્યાજબી ગણાશે તેવી સોગંદનામા દ્વારા અથવા બીજા દસ્તાવેજના આધારે ન્યાયલયને ખાતરી કરાવવાથી બચાવ કરવાની રજા મળી શકશે.**

**આજ તારીખઃ ૨૬ માહે જુન સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો કિસ્સો કરી આપ્યો**

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| ફેનિલ બી.પટેલ | ચેતન એન.પટેલ | | (પ્રજ્ઞા કે.દેસાઈ) |
| આસિસ્ટન્ટ | સુપ્રિન્ટેન્ડન્ટ | | રજીસ્ટ્રાર |
| એડી.સ્મોલ કોઝ કોર્ટ.સુરત | એડી.સ્મોલ કોઝ કોર્ટ.સુરત | | સ્મોલ કોઝ કોર્ટ,સુરત. |

### જાહેર નોટીસ

**મહેરબાન સુરતનાં પ્રિન્સિપલ સિનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં**
**નવી કોર્ટ બીલ્ડીંગ અઠવાલાઈન્સ, સુરત, પાંચમાં માળે, રૂમ નં. ૫૧૬**
**કોમર્સીયલ દાવા નંઃ ૯૭૪/૨૦૨૩.**

**વાદી : આશીર્વાદ ક્રિએશન પ્રોપાઈટરશીપ ફર્મ, તેના પેપાઈટર તરીકે, શ્રીમતી પૂજા વાસુદેવ ગેરયાની, સરનામુ-૧૦૧૫, પહેલો માળ, શ્રી મહાલક્ષ્મી માર્કેટ, એસ.ટી.એમ. રીંગરોડ સામે, સુરત, તેમનાં વતી અને તરફે તેના વહીવટકર્તા/સંચાલક, સીગ્રેચરી ઓથોરાઈઝ પર્સન તરીકે, શ્રી વાસુદેવ નેવંદરામ ગેરીયાની**

**વિરૂદ્ધ**

**પ્રતિવાદીઃ** માં આશાપુરા ટેક્ષટાઈલ-વ્યક્તિગત માલીકીની પેઢી, તેનાં પ્રોપાયટર તરીકે, સુનીલ ચોથારામ, મુરજાની, સરનામું : એચ-૪૫૪૦-૪૨ , ત્રીજો માળ, આર.કે.ટી, માર્કેટ, રિંગરોડ સુરત,

**દાવોઃ** પ્રતિવાદી પાસેથી રૂ. ૩,૩૯,૯૬૪/-અંકે રૂ. ત્રણ લાખ ઓગણ ચાલીસ હજાર નવસો ચોસઠ પૂરા વ્યાજ અને વ્યાજની નુકશાની સહીતની વસુલાત માટે...

**-::જાહેર સમન્સઃ:-**

**આથી આ જાહેર સમન્સ થકી જાહેર કરવાનું કે, વાદીએ હાલનો દાવો વિષયમાં દર્શાવ્યા મુજબની પ્રતિવાદી પાસેથી રૂા. ૩,૩૯,૯૬૪/- અંકે રૂા. ત્રણ લાખ ઓગણ ચાલીસ હજાર નવસો ચોસઠ પૂરા વ્યાજ અને વ્યાજની નુકશાની સહીતની વસુલાતની દાદ મેળવવા માટે કરેલ છે જે દાવાનાં કામે પ્રતિવાદીને સમન્સની બજવણી નામદાર કોર્ટનાં બેલીફશ્રી મારફતે થઈ શકેલ નથી. આ દાવાની હવે પછીની ઠરાવ તારીખઃ ૨૯/૦૮/૨૦૨૫ છે, જેથી પ્રતિવાદીને આ જાહેર સમન્સ થકી જાણ કરવામાં આવે છે કે આ સમન્સ પ્રસિધ્ધ થયેથી તારીખઃ ૨૯/૦૮/૨૦૨૫ નાં દિવસે અદાલત સમક્ષ પોતે જાતે અથવા મુખત્યાર અથવા વકીલ મારફતે નવી કોર્ટ બીલ્ડીંગ અઠવાલાઈન્સ, પાંચમાં માળે, રૂમ નં. ૫૧૬ માં સવારે ૧૦.૪૫ વાગ્યે હાજર રહેવું. જો તેમ કરવામાં પ્રતિવાદી કસુર કરશે તો વાદીને સાંભળી નામદાર કોર્ટ દ્વારા કાયદેસર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેવી.**

**આજ રોજ તારીખઃ ( ૯ માહે જુલાઈ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.**

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| ગૌરાંગ.બી.સોલંકી | આર.એન.સરવાળીયા | | (હિના.એચ.દેસાઈ) |
| આસિસ્ટન્ટ | સુપ્રિન્ટેન્ડન્ટ | | રજીસ્ટ્રાર |
| સીવીલ કોર્ટ.સુરત | સીવીલ કોર્ટ.સુરત | | સીવીલ કોર્ટ,સુરત. |

### જાહેર નોટીસ

**મહેરબાન સુરતનાં અધિક સ્મોલ કોઝ કોર્ટનાં જજ સાહેબની કોર્ટમાં, મુ.સુરત.**
**અધિક સ્મોલ કોઝ કોર્ટ, રૂમ નં.૭૧૯, સાતમો માળ, ડિસ્ટ્રીક્ટ, અઠવાલાઈન્સ, સુરત.**
**સ્મોલ સમરી મુકદમાં નંબર : ૨૬૧/૨૦૨૪.**

**વાદી : જય અંબે ટેક્ષટાઈલ્સ,**
**પ્રોપરાયટર- આશિષ વિનોદચંદ્ર ગાયવાલા** વાદી વકિલશ્રી આર.આર.મુસલમાન
સરનામું : ૨/૯૫૦, નરશીંગ શેરી, સગરામપુરા, સુરત-૩૯૫૦૦૨

**વિરૂદ્ધ**

**પ્રતિવાદી : (૧) ગણપતિ ફેબ એક પ્રોપાયટરશીપ ફર્મ,**
ઠેકાણું:-ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં.જી-૧૧૭, શ્રી કુબેરજી ટેક્ષટાઈલ વર્લ્ડ સારોલી, સુરત-૩૯૪૨૧૦.
**(૨) પ્રવિણભાઈ મિત્તલ, તે ગણપતિ ફેબનાં પ્રોપરાયટર/ ઓથોરાઈઝડ સિગ્રેટરી,**
ઠેકાણું:-ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં.જી-૧૧૭, શ્રી કુબેરજી ટેક્ષટાઈલ વર્લ્ડ સારોલી, સુરત-૩૯૪૨૧૦.

**-::જાહેર સમન્સઃ:-**

**વાદીએ દિવાની કાર્યરીતી અધિનીયમ ૧૯૦૮ના હુકમ ૩૭ હેઠળ મુળ રકમ રૂા. ૧,૭૬,૭૫૩/-અંકે રૂપીયા એક લાખ છોત્તેર હજાર સાતસો ત્રેપન પુરાની વ્યાજ અને વ્યાજની નુકશાની સહીતની વસુલાત માટે તમારી સામે દાવો માંડયો છે આથી તમને સમન્સ કાઢીને સમન્સ બજ્યાના દસ દિવસની અંદર તમારે તમારા વતી કોઈને હાજર રાખવાનું ફરમાવવામાં આવે છે, કસુર થશે તો, વાદી સદરહુ દસ દિવસની મુદત પુરી થયા પછી રૂા. ૧,૭૬,૭૫૩/- અંકે રૂપીયા એક લાખ છોત્તેર હજાર સાતસો ત્રેપન પુરાની રકમ કરતા વધુ ન હોય તેટલી રકમનું અને ન્યાયાલયને ખર્ચ બદલ ઠરાવે તે રૂા. ૧,૭૬,૭૫૩/- અંકે રૂપીયા એક લાખ છોત્તેર હજાર સાતસો ત્રેપન પુરાની તેના વ્યાજ સહીતનું હુકમનામું મેળવવા હક્કદાર થશે.**

**જો તમારા વતી કોઈને હાજર રાખ્યા હશે તો ત્યારબાદ વાદી ચુકાદા વખતે તમને સમન્સ બજાવી શકશે અને તે અંગેની સુનવણી વખતે દાવાનો બચાવ કરવાની રજા આપવા ન્યાયાલયને જણાવવાનો તમને હક્ક રહેશે. દાવાનો બચાવ ગુણદોષ ઉપર થઈ શકે છે અથવા દાવાના બચાવ કરવાની તમને છુટ આપવી વ્યાજબી ગણાશે તેવી સોગંદનામા દ્વારા અથવા બીજા દસ્તાવેજના આધારે ન્યાયલયને ખાતરી કરાવવાથી બચાવ કરવાની રજા મળી શકશે.**

**આજ તારીખઃ ૦૯ માહે જુલાઈ સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.**

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| ફેનિલ બી.પટેલ | એ.એસ.રબારી | | (પ્રજ્ઞા કે.દેસાઈ) |
| આસિસ્ટન્ટ | સુપ્રિન્ટેન્ડન્ટ | | રજીસ્ટ્રાર |
| એડી.સ્મોલ કોઝ કોર્ટ.સુરત | એડી.સ્મોલ કોઝ કોર્ટ.સુરત | | સ્મોલ કોઝ કોર્ટ,સુરત. |